# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

ઓટીટી સીરિઝમાં અલી ફઝલ સાથે સોનાલી બેન્દ્રે જોવા મળશે



પેજ-09

BCCIએ રોહિત શર્માને આપ્યો મોટો ઝટકો

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 19.00 |
| વડોદરા | 32.00 | 17.00 |
| સુરત | 33.00 | 19.00 |



પેજ 5

કેમ્પા કોલાએ IPLના કો-પ્રેઝન્ટેસન રાઈટ્સ રૂપિયા 200 કરોડમાં ખરીદ્યા

15 FEBRUARY-2025 SATURDAY

પાકિસ્તાન પહોંચ્યા તૂર્કિયેના રાષ્ટ્રપતિ, કાશ્મીર રાગ આલાપ્યો



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75939.21 | ▼ | 199.76 |
| નિફ્ટી | 22929.25 | ▼ | 102.15 |
| સોનું | 85,707.00 | ▼ | 102.00 |
| ચાંદી | 97,451.00 | ▲ | 2,218.00 |

વર્ષ-14 । અંક-088 । વિક્રમ સંવત-2081 । મહા વદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### PM મોદી-ટ્રમ્પ મુલાકાત, ટ્રમ્પે કહ્યું- અમારા સંબંધો ખૂબ જ મજબૂત છે

# ટ્રમ્પ સાથે ફરી કામ કરવાનો આનંદ છે : વડાપ્રધાન મોદી

(એજન્સી) ન્યુયોર્ક । તા. 14

વડાપ્રધાન મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગુરુવારે મોડી રાત્રે (ભારતીય સમય મુજબ શુક્રવારે સવારે 3 વાગ્યે) વ્હાઈટ હાઉસમાં મળ્યા હતા. બંને દેશો વચ્ચે મિત્રતા, રશિયા-યુક્રેન યુદ્ધ અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ પર બંને નેતાઓ વચ્ચે ચર્ચા થઈ હતી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પ્રેસ કોન્ફરન્સમાં હાજર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય પત્રકારની વાતો અને સવાલ સમજાયા ન હોવાનો ડોળ કર્યો હતો. તેમણે અમેરિકામાં ભારત વિરોધી ગતિવિધિઓ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો ન હતો. જો કે, આ પહેલીવાર નથી જ્યારે ટ્રમ્પે પત્રકારના ઉચ્ચાર અથવા બોલવાની રીત પર સવાલ ઉઠાવ્યા હોય.



વધુ સમાચાર માટે વાંચો પાના નં. 10

## મોદી-ટ્રમ્પની બેઠકથી ચીનના પેટમાં તેલ રેડાયું, કહ્યું... કોઈ ત્રીજાને નુકસાન ન થાય

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના અમેરિકન પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ સાથે મુલાકાત કરી. આ દરમિયાન બંને વચ્ચે કેટલાક મુદ્દાઓ પર વાત થઈ અને ટ્રમ્પે ભારતને ફાઈટર જેટ F-35 પણ ઑફર કર્યું. વડાપ્રધાન મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની બેઠક બાદથી ચીન ટેન્શનમાં મુકાયું છે. તેણે કહ્યું કે, બંનેની બેઠકથી કોઈ ત્રીજાને નુકસાન ન થવું જોઈએ. જણાવી દઈએ કે, ડોનાલ્ડ ટ્રમ્પના નિશાને લાંબા સમયથી ચીન રહ્યું છે અને ભારતના પણ ચીન સાથેના સંબંધો ઘણા સારા નથી રહ્યા. વડાપ્રધાન મોદી અને ટ્રમ્પની બેઠક પર સતર્ક પ્રતિક્રિયા આપતા બીજિંગે શુક્રવારે કહ્યું કે, તેમના દ્વિપક્ષીય સહયોગમાં ચીનને મુદ્દો ન બનાવવો જોઈએ.

### તમે શું કહી રહ્યા છો, મને સમજાતું નથીઃ ડોનાલ્ડ ટ્રમ્પ

પ્રેસ કોન્ફરન્સમાં વાતચીત દરમિયાન ભારતીય પત્રકારે ટ્રમ્પને અમેરિકામાં ભારત વિરોધી ગતિવિધિઓ અંગે સવાલ કર્યો હતો. તે સમયે પીએમ મોદી ટ્રમ્પ પાસે જ ઊભા હતા. ટ્રમ્પે આ સવાલ પર પત્રકારને ઊંચા અવાજે સવાલ કરવા કહ્યું હતું. ત્યારબાદ પત્રકારે ફરી પ્રશ્ન રિપિટ કર્યો હતો. જેમાં ટ્રમ્પે કહ્યું કે, 'તમે જે કહ્યું તેનો એક પણ શબ્દ મને સમજાયો નથી.

**અગાઉ પણ ટ્રમ્પે જવાબ ટાળ્યો હતો :** ટ્રમ્પે અગાઉ પણ અફઘાનિસ્તાનની પત્રકાર સાથે આ પ્રકારનો જ વ્યવહાર કર્યો હતો. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથેની પ્રેસ કોન્ફરન્સમાં પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી. અફઘાનિસ્તાનથી આવી રહેલી એક મહિલા પત્રકારના પ્રશ્ન પર ટ્રમ્પે કહ્યું હતું કે, 'તમારો અવાજ ખૂબ જ સુંદર છે અને ખૂબ જ સારો ઉચ્ચાર છે. સમસ્યા માત્ર એ છે કે તમે જે કહી રહ્યા છો, તે હું સમજી શકતો નથી...

**ભારતની સૈન્ય તાકાત વધશે :** ટ્રમ્પે પીએમ મોદી સાથેની વાતચીત બાદ કહ્યું કે તેઓ અબજો ડૉલરનો સૈન્ય પુરવઠો પૂરો પાડવાના ભાગરૂપે ભારતને F-35 ફાઈટર જેટ મોકલવા સજ્જ છે. આ વર્ષની શરુઆતથી ભારતમાં ડિફેન્સ સપ્લાય અબજ ડૉલર સુધી વધારીશું. વડાપ્રધાન મોદી એનર્જી મુદ્દે એક સમજૂતી પર પહોંચ્યા છે, જેનાથી અમેરિકા ભારત માટે ઓઈલ એન્ડ ગેસનું મુખ્ય સપ્લાયર બનશે.

## PM મોદી અને રાહુલ ગાંધી નક્કી કરશે ચૂંટણી પંચના નવા ચીફ કમિશ્નરનું નામ, 17 ફેબ્રુઆરીએ બેઠક થશે

### 18મીએ નિવૃત્ત થશે રાજીવ કુમાર, જ્ઞાનેશ કુમારને જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

કાયદા મંત્રાલયે નવા ચીફ ઈલેક્શન કમિશ્નરની નિમણૂક માટે 17 ફેબ્રુઆરી, 2025ના રોજ ત્રણ સભ્યોની કમિટી બેઠક બોલાવી છે. આ ત્રણ સભ્યોની કમિટીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન મેઘવાલ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી સામેલ થશે. ઉલ્લેખનીય છે, વર્તમાન ચીફ ઈલેક્શન કમિશ્નર રાજીવ કુમારનો કાર્યકાળ 18 ફેબ્રુઆરીએ પૂર્ણ થવાનો છે. જેથી નવા ચીફ ઈલેક્શન કમિશ્નરની પસંદગી માટે આ કમિટીની રચના કરવામાં આવી છે.



**ખોજ કમિટીની રચના :** કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલના નેતૃત્વ હેઠળ ખોજ કમિટીની રચના કરી હતી. જેમાં બે સભ્યોમાં નાણાં વિભાગના સચિવ તથા કર્મચારી અને તાલીમ વિભાગના સચિવ સામેલ હતા. અત્યાર સુધી સૌથી વરિષ્ઠ ચૂંટણી કમિશ્નરની ચીફ ઈલેક્શન કમિશ્નર માટે પસંદગી કરવામાં આવતી હતી. પરંતુ ગતવર્ષે સીઈસી અને ઈસી નિમણૂક માટે એક નવો કાયદો લાગુ થયા બાદ નિમણૂક પ્રક્રિયામાં ફેરફાર થયો છે.

**2022માં રાજીવ કુમારની CEC પદે થઈ હતી નિમણૂક :** પ્રથમ વખત CECની નિમણૂક માટે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશ્નર (નિયુક્તિ, સેવાની શરતો અને કાર્યાલયની મુદત) અધિનિયમ, 2023ની જોગવાઈઓ લાગુ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે રાજીવ કુમારની મે, 2022માં ચીફ ઈલેક્શન કમિશ્નર તરીકે નિમણૂક થઈ હતી. તેમના નેતૃત્વ હેઠળ, ચૂંટણી પંચે 2024માં લોકસભા ચૂંટણીનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ સિવાય જમ્મુ અને કાશ્મીરમાં એક દાયકાથી વધુ સમય બાદ પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી, મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડ અને દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજી હતી.

## રાહુલ-પ્રિયંકા મહાકુંભ જાય તેવી શક્યતા, સંગમમાં લગાવશે ડૂબકી

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને તેમની બહેન સાંસદ પ્રિયંકા ગાંધી મહાકુંભમાં ડૂબકી લગાવવા પ્રયાગરાજ જઈ શકે છે. જેના માટે ઉત્તર પ્રદેશ કોંગ્રેસને તૈયાર કરવામાં આવી રહી છે. રાહુલ ગાંધી પ્રયાગરાજ ક્યારે જશે તે વિશે હજુ સુધી કોઈ સત્તાવાર તારીખ જાહેર કરવામાં નથી આવી. પંરતુ, જલ્દી આ મુદ્દે નિર્ણય લેવામાં આવશે તે નક્કી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી 16 ફેબ્રુઆરીના દિવસે પવિત્ર સ્નાન માટે મહાકુંભ જઈ શકે છે. પહેલાં તેઓ 4 ફેબ્રુઆરીએ મહાકુંભ જવાના હતાં પરંતુ, સંસદ સત્રના કારણે તેને મુલતવી રાખવામાં આવ્યું. જોવામાં આવે તો સંસદ સત્રનો પહેલો તબક્કો હવે સમાપ્ત થઈ ચુક્યો છે.

## અમેરિકા ડિપોર્ટેશન ફ્લાઈટના અમૃતસરમાં લેન્ડિંગ પર CM ભગવંત માન ગુસ્સે થયા

(એજન્સી) અંબાલા । તા. 14

અમેરિકાથી ગેરકાયદે અપ્રવાસી ભારતીયોને લઈને બે વિશેષ વિમાન પંજાબના અમૃતસર પહોંચશે. પહેલું વિમાન 15 ફેબ્રુઆરીના રોજ લેન્ડ થયું હતું. બીજું વિમાન 16 ફેબ્રુઆરીએ પહોંચી રહ્યું છે. આ વિમાનોને અમૃતસરમાં ઉતારવાને લઈને પંજાબમાં નવો રાજકીય વિવાદ સર્જાયો છે. પહેલી ફ્લાઈટમાં 104 ભારતીયોને અમેરિકાથી ભારત લવાયા હતા. હવે 15 અને 16 ફેબ્રુઆરીએ બે વધુ ફ્લાઈટ્સ લેન્ડ થશે, જે મુદ્દે રાજનીતિ ગરમાઈ છે. વિપક્ષી નેતાઓએ કેન્દ્ર સરકાર પર આરોપ લગાવ્યો છે કે ડિપોર્ટ કરાયેલા ભારતીયોને લાવવા માટે માત્ર અમૃતસર જ શા માટે પસંદ કરાયું, જ્યારે અન્ય રાજ્યોમાં પણ તેને લેન્ડ કરી શકાતું હતું.



### પંજાબને બદનામ કરવાનું કેન્દ્રનું ષડયંત્ર

#### કેન્દ્રના નિર્ણય પર ભગવંત માને વાંધો દર્શાવ્યો

**'કેન્દ્ર સરકાર માત્ર બદનામ કરવા માટે આવું કરી રહી છે' :** મુખ્યમંત્રી માને કહ્યું કે, 'કેન્દ્ર સરકાર એવું શા માટે કરી રહી છે, તેના માટે અમૃતસર જ શા માટે પસંદ કરાયું? કેન્દ્ર સરકાર માત્ર બદનામ કરવા માટે આવું કરી રહી છે. આ નેશનલ પ્રોબ્લેમ છે. એક તરફ વડાપ્રધાન મોદી ટ્રમ્પ સાથે મુલાકાત કરી રહ્યા છે, બીજી તરફ, ત્યાંથી દેશનિકાલ કરાયેલા લોકોને સાંકળો બાંધીને ભારત મોકલવામાં આવી રહ્યા છે.'


**'આ વિમાનોને અંબાલામાં શા માટે નથી ઉતારવામાં આવી રહ્યા?'** મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું કે, 'આ વિમાનને અંબાલામાં શા માટે નથી ઉતારવામાં આવી રહ્યા, આ માત્ર પંજાબ અને પંજાબીઓને બદનામ કરવાનું ષડયંત્ર છે. જ્યારે કોઈ ફ્લાઈટ શરૂ કરવાનું કહેવામાં આવે છે તો મોદી સરકારને અમારી યાદ નથી આવતી અને હવે અમેરિકાથી આવનારા વિમાનોને અમૃતસરમાં ઉતારવામાં આવી રહ્યા છે.'

### સંસદમાં રજૂ કરાયેલા JPC રિપોર્ટમાં ખુલાસો

## કુતુબ મિનાર-હુમાયુના મકબરાને વક્ફ પ્રોપર્ટી ગણાવ્યા : આવા 280 સ્મારકોના નામ સામેલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

સંસદમાં રજૂ કરાયેલા સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ના અહેવાલમાં જાણવા મળ્યું છે કે દેશમાં રાષ્ટ્રીય મહત્વના લગભગ 280 સ્મારકોને વક્ફ બોર્ડની મિલકત તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આમાંના મોટાભાગના સ્મારકો રાજધાની દિલ્હીમાં છે. આમાં કુતુબ મિનાર, ફિરોઝ શાહ કોટલા, પુરાણા કિલ્લા, હુમાયુનો મકબરો, જહાંઆરા બેગમનો મકબરો, કુતુબ મિનાર વિસ્તારમાં આવેલ લોખંડનો સ્તંભ, ઈલ્તુતમિશનો મકબરો જેવા સ્મારકોનો સમાવેશ થાય છે જે વકફ મિલકતો પણ છે. સમિતિની સુનાવણી દરમિયાન, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ આ સ્મારકોની યાદી રજૂ કરી હતી.શહેરી વિકાસ મંત્રાલયે સમિતિને જણાવ્યું હતું કે જમીન અને વિકાસ વિભાગની 108 મિલકતો અને ડીડીએની 130 મિલકતો વકફને સોંપવામાં આવી હતી.



### બોર્ડ સ્મારકોમાં દુકાનો બનાવી, ભાડું કમાયા

ASI એ JPC ને એમ પણ કહ્યું કે વક્ફ બોર્ડે અમને સ્મારકોનું સંરક્ષણ કરવાની મંજૂરી આપી નથી. ત્યાં ઈચ્છા મુજબ ફેરફારો કર્યા. પુરાતત્વીય કાયદો તોડવામાં આવ્યો હતો. ગોપનીયતાના નામે, સ્મારકોમાં અમારો પ્રવેશ બંધ કરવામાં આવ્યો. ત્યાં ફોટોગ્રાફી, ગાઈડ અને સ્મૃતિચિત્રો વેચવાની મંજુરી આપવામાં આવી હતી. મૂળ રચના બદલીને બાંધકામ પૂર્ણ કરાવ્યું. દુકાનો બનાવવામાં આવી અને ભાડે આપવામાં આવી.

## જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગમાં તાપમાન -7 ડિગ્રીએ પહોંચ્યું



હિમાચલમાં કોલ્ડવેવ

પહાડી રાજ્યો, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ઠંડી પડી રહી છે. પહેલગામમાં તાપમાન -4 ડિગ્રી, ગુલમર્ગમાં -7 ડિગ્રી અને સોનમર્ગમાં પારો -6 ડિગ્રી સુધી પહોંચ્યો છે. લદ્દાખના દ્રાસમાં પારો -17.3 ડિગ્રી છે. હિમાચલ પ્રદેશના 3 જિલ્લાઓ - ઉના, હમીરપુર અને બિલાસપુરમાં આજે ઠંડીનું યલો એલર્ટ છે.

### કેરળ રેગિંગ કેસ : વિપક્ષનો દાવો

## પાંચેય આરોપીઓ સત્તાધારી લેફ્ટ સ્ટુડેન્ટ વિંગ SFI સાથે સંકળાયેલા છે

(એજન્સી) કોટ્ટાયમ । તા. 14

કેરળના કોટ્ટયમમાં નર્સિંગના વિદ્યાર્થીઓ સાથે રેગિંગના મામલામાં કોલેજ મેનેજમેન્ટ પાંચ આરોપી વિદ્યાર્થીઓને કોલેજમાંથી કાઢી શકે છે. હાલ આરોપીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ મામલે, વિપક્ષ ગઠબંધન યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF)એ શુક્રવારે દાવો કર્યો હતો કે આરોપીઓ લેફ્ટ સ્ટુડેન્ટ વિંગ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI) સાથે સંકળાયેલા છે વિપક્ષ નેતા વીડી સતીશને આરોપ લગાવ્યો કે કોટ્ટાયમ રેગિંગ કેસના આરોપીઓ SFI સભ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે કેરળ ગવર્નમેન્ટ નર્સિંગ સ્ટુડન્ટ્સ એસોસિએશન (KGNSA)ના લેફ્ટની સ્ટુડેન્ટ વિંગ સાથે સંબંધો છે. પરંતુ સરકાર આ વાતનો ઈનકાર કરી રહી છે. સતીશને જણાવ્યું હતું કે આરોપીઓ લેફ્ટ સમર્થક સંગઠન KGNSA સાથે સંકળાયેલા હતા અને તેમાંથી એક સંગઠનમાં મહત્વપૂર્ણ પદ પર હતો. જોકે, SFI એ આ દાવાઓને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે તેનો આરોપીઓ સાથે કોઈ સંબંધ નથી.



## રશિયન કંપનીએ બિયરની બોટલ પર ગાંધીજી, મધર ટેરેસાની તસવીરો છાપતાં વિવાદ, ધાર્મિક ભાવના પણ દુભાઈ

### તસવીર હાલ સોશિયલ મીડિયા પર વાયરલ

(એજન્સી) મોસ્કો । તા. 14

મહાત્મા ગાંધી, મધર ટેરેસા અને નેલ્સન મંડેલા જેવી મહાન વ્યક્તિઓની બિયર અને દારૂની બોટલ પર છપાયેલી તસવીર હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. તેનાથી લોકો વચ્ચે એક નવા વિવાદે જન્મ લીધો છે. આ સિવાય ગાંધીજીના ફોટાવાળી બિયરની બોટલ પર ૐ દર્શાવેલું હોવાથી લોકોની ધાર્મિક ભાવના પણ દુભાઈ છે. આ કૃત્ય રશિયાની એક દારૂ બનાવનાર કંપનીએ કર્યું છે. રશિયાની કંપનીની આ હરકતને લઈને એવું પણ જણાવવામાં આવ્યું કે, આ કોઈ નવી AI જનરેટેડ બિયરની બોટલના ફોટા નથી. હકીકતમાં બિયરની બોટલ અને કેન પર આ મહાન લોકોની તસવીર લગાવવામાં આવી છે.




આ પહેલાં 2019માં એક ઈઝરાયલની કંપનીને પોતાની દારૂની બોટલ પર ગાંધીની તસવીર લગાવવા માટે ફટકાર લગાવવામાં આવી હતી. આ ઘટના ત્યારે સામે આવી જ્યારે રાજ્યસભાના સભ્યોએ દારૂની બોટલો પર મહાત્મા ગાંધીની તસવીરના આવા ઉપયોગની ચિંતા વ્યક્ત કરી.

**■ ગાંધીની તસવીરવાળી બિયરની બોટલ**

સોશિયલ મીડિયા પર આ બિયર ખૂબ વાયરલ થઈ રહી છે. મૉસ્કોના સર્ગિએવ પોસાદ સ્થિત રેવૉર્ટ બ્રૂઅરી કંપની આવી બિયરની બોટલ બનાવી રહી છે. બોટલ પર લગાવવામાં આવેલા ગ્રાફિક્સ હાલ વાયરલ થઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર અનેક લોકોએ આવા મહાન લોકોની તસવીર લાગેલી બિયરની બોટલના ફોટો અને વીડિયો શેર કર્યા છે અને તેની ટીકા કરી છે. એટલું જ નહીં રેવૉર્ટ બ્રૂઅરીએ પણ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આ ઉત્પાદનોના ફોટા શેર કર્યા છે.

**■ કંપનીએ શેર કરી તસવીર**

કંપનીએ જે પોસ્ટ શેર કરી તેમાં અલગ-અલગ મહાપુરુષોના નામે લૉન્ચ કરવામાં આવેલી બિયર વિશે માહિતી આપવામાં આવી છે. જેમાં મહાત્મા ગાંધીની તસવીર લગાવેલી બિયરની બોટલને લેમન ડ્રોપ હેઝી આઈપીએ ઉત્પાદન જણાવવામાં આવ્યું છે. જેમાં આલ્કોહોલની માત્રા ABV 7.3 છે. ગાંધીજી વાળી બોટલ પર હિન્દુ પ્રતિક ૐ પણ દર્શાવાયું છે.

### હોળી પહેલા ભાજપને મળશે નવા રાષ્ટ્રીય અધ્યક્ષ

નવી દિલ્હી : ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ માટેની ચૂંટણી પ્રક્રિયા માર્ચના પ્રથમ સપ્તાહથી શરૂ થશે. હોળી (14 માર્ચ) પહેલા પાર્ટીને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મળશે. આ વખતે રાષ્ટ્રીય અધ્યક્ષ માટે દક્ષિણ ભારતના કોઈ નેતાના નામ પર સર્વસંમતિ સધાઈ શકે છે. કારણ કે, ભાજપનું ધ્યાન હવે દક્ષિણના રાજ્યો પર છે ફેબ્રુઆરીના અંત સુધીમાં 18 રાજ્યોના પ્રદેશ પ્રમુખોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થતાં જ રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. ભાજપના બંધારણ મુજબ દેશના ઓછામાં ઓછા અડધા રાજ્યોના પ્રદેશ પ્રમુખો ચૂંટાયા હોય ત્યારે જ રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી થઈ શકે છે.

## ચેતવણી ! મહાકુંભને બદનામ કર્યો તો ખેર નહીં...

### પોલીસે 54 સોશિયલ મીડિયા એકાઉન્ટ વિરુદ્ધ નોંધી FIR

(એજન્સી) પ્રયાગરાજ । તા. 14

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાઈ રહેલા મહાકુંભમાં માનવમહેરામણ જોવા મળી રહ્યું છે. શ્રદ્ધાળુઓ 144 વર્ષે યોજાનારા મહાકુંભમાં અનેરા ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. જોકે કેટલાક લોકો મહાકુંભને બદનામ કરવાનો પ્રયાસ કરતાં રહે છે, જેની સામે ઉત્તર પ્રદેશ પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ભ્રામક અને ખોટા વીડિયો પોસ્ટ કરી અફવા ફેલાવનારા 54 સોશિયલ મીડિયા એકાઉન્ટ વિરુદ્ધ FIR દાખલ કરી છે.

**ભ્રામક પોસ્ટ કરનાર સામે પોલીસની ચેતવણી**

ઉત્તર પ્રદેશ પોલીસ અગાઉ પણ ભ્રામક પોસ્ટ કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરી ચૂકી છે. અત્યાર સુધીમાં 54 સોશિયલ મીડિયા એકાઉન્ટ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આદેશ બાદ યુપી પોલીસ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કડક નજર રાખી રહી છે. ડીજીપીએ તમામને અપીલ કરી છે કે, ફેક વીડિયો અને ખોટા અહેવાલો પોસ્ટ અને શેર ન કરે.

### કાહિરામાં લાગેલી આગનો વીડિયો મહાકુંભનો બતાવી પોસ્ટ કરાયો

આવી જ રીતે વર્ષ 2020માં ઈજિપ્તના કાહિરામાં આગ લાગી હતી, જેને કેટલાક લોકોએ મહાકુંભનો હોવાનું કહી અફવા વાયરલ કરી હતી. પોલીસે કહ્યું કે, કાહિરાની આગનો વીડિયો મહાકુંભનો બતાવી અફવા ફેલાવનારા સાત સોશિયલ મીડિયા એકાઉન્ટ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી વાત સામે આવી છે કે, મહાકુંભને બદનામ કરવા માટે કેટલાક એકાઉન્ટમાંથી એવા વીડિયો પોસ્ટ કરવામાં આવ્યા છે, જેને ભારત સાથે દૂર દૂર સુધી કોઈ લેવાદેવા નથી. થોડા દિવસો પહેલા મહાકુંભમાં એક સ્થળે આગ લાગી હતી, જેના વાયરલ થયેલા વીડિયોની હકીકત પણ સામે આવી છે. પોલીસે મહાકુંભમાં લાગેલી આગના વીડિયોની તપાસ કરતાં તે વીડિયો ઈજિપ્તમાં લાગેલી આગના હોવાનું સામે આવ્યું છે.

# પ્રાકૃતિક કૃષિ થકી દેશના ખેડૂતો સમૃદ્ધ અને સધ્ધર તથા સમાજ સ્વસ્થ બનશે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## રાજ્યપાલશ્રીના અધ્યક્ષસ્થાને બનાસ મેડિકલ કોલેજ, મોરીયા ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

(માહિતી બ્યુરો,પાલનપુર)

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને આજે બનાસકાંઠાના મોરીયા સ્થિત બનાસ મેડિકલ કોલેજ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. બનાસ ડેરીના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં મેડિકલ કોલેજ, મોરીયા ખાતે ૧૦ હજાર જેટલા ખેડૂતો તથા જિલ્લાના કુલ ૫૦ હજાર ખેડૂતો વર્ચ્યુઅલ માધ્યમથી પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં જોડાયા હતા. મોરીયા ખાતે ખેડૂતોને સંબોધન કરતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિની તાતી જરૂરિયાત છે. દેશભરમાં પ્રાકૃતિક કૃષિને અપનાવવા અભિયાન ચાલી રહ્યું છે, ત્યારે પ્રાકૃતિક કૃષિના ફાયદા




અંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આ એકમાત્ર ખેતી છે જેનાથી જમીન ફળદ્રુપ અને નરમ બને છે. વરસાદી પાણી વધુ માત્રામાં જમીનમાં ઉતરે છે. ખેતીમાં વરસાદી પાણીથી થતું વ્યાપક નુકસાન અટકે છે. ખેતીના ખર્ચમાં ઘટાડો થાય છે જ્યારે આવકમાં વધારો થાય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે પ્રાકૃતિક કૃષિ રાષ્ટ્રીય મિશનની શરૂઆત કરાવી છે. દેશમાં શરૂઆતમાં ૧૨ જેટલા ટ્રેનિંગ સેન્ટર બનશે, જેમાં કૃષિ વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક કૃષિ અંગે ટ્રેનિંગ અપાશે અને આ વૈજ્ઞાનિકો ખેડૂતોને તાલીમ આપશે. ગુજરાત આજે પ્રાકૃતિક કૃષિમાં આગવું સ્થાન ધરાવે છે. રાજ્યમાં પાંચ ગામ દીઠ એક ક્લસ્ટર બનાવવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રીની આ પહેલ ગ્લોબલ વોર્મિંગ સામેની લડાઈમાં મહત્વનું પરિબળ સાબિત થશે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે ખેડૂતોને રાસાયણિક, ઓર્ગેનિક અને પ્રાકૃતિક કૃષિનો ભેદ અને ફાયદાઓ વિશે માહિતી આપી હતી. રાસાયણિક ખેતી એટલે કે રાસાયણિક ખાતર થકી થતી ખેતી, જૈવિક એટલે વિદેશી અળસિયા - વર્મી કમ્પોસ્ટ થકી કરવામાં આવતી ખેતી તથા પ્રાકૃતિક ખેતી એટલે દેશી ગાયના ગોબર-ગૌમૂત્ર આધારિત ખેતીનો ભેદ ખેડૂતોને સમજાવ્યો હતો. ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી તદ્દન અલગ છે.

## રાજુલા નગરપાલિકાના ચીફ ઓફિસર તરફથી અગત્યની જાહેરાત

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

રાજુલા નગરપાલિકાના ચીફ ઓફિસર ની એક અગત્યની સૂચના આપવામાં આવેલ છે જેમાં રાજુલા નગરપાલિકાની ચૂંટણીઓ જાહેર થઈ હોય ત્યારે ઉમેદવારો દ્વારા ચૂંટણીના પ્રચાર શરૂ હોય ત્યારે આજે ૧૪.૦૨.૨૦૨૫ સાંજના ૬.૦૦ સુધી જ ઉમેદવારો પોતાનો પ્રચાર પ્રસાર કરી શકશે ત્યારબાદ કોઈપણ જાતના સભા સંમેલનો તેમજ પ્રચાર કરી શકશે નહીં અને છતાં પણ કોઈ પણ આવી માહિતી મળશે તો તેની સામે ચૂંટણી પંચના નિયમ મુજબ કાર્યવાહી કરવી પડશે તેવું રાજુલા ચીફ ઓફિસરની યાદી જણાવે છે.

## જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ અને આરોગ્ય શાખા જીલ્લા પંચાયત દ્વારા આયોજિત સ્કુલ હેલ્થ ઍન્ડ વેલનેસ એમ્બેસેડર તાલીમ યોજાઇ

દિપક રાવલ દાહોદ । લીમખેડા



આયુષ્માન ભારત સ્કુલ હેલ્થ ઍન્ડ વેલનેસ પ્રોગ્રામ અંતર્ગત આરોગ્ય મંત્રાલય અને શિક્ષણ મંત્રાલય નવી દિલ્હી પ્રેરીત આયુષ્માન ભારત - શાળા આરોગ્ય અને સુખાકારી કાર્યક્રમ અંતર્ગત દાહોદ જિલ્લાના શાળા આરોગ્ય અને સુખાકારી માટે શાળાના શિક્ષકોની એમ્બેસેડર માટેની તાલીમ આરોગ્ય વિભાગ દાહોદ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદના સંકલનથી દાહોદના તમામ તાલુકા ખાતે તારીખ ૦૫-૦૨-૨૦૨૫ થી તારીખ ૦૭-૦૨-૨૦૨૫ દરમ્યાન વિવિધ સ્થળે તાલીમ યોજવામાં આવી હતી. આ દરમ્યાન દાહોદ જિલ્લાના તમામ તાલુકામાંથી લગભગ ૧૨૦૦ જેટલા શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી.એ સાથે તેની સાથે સંકળાયેલ વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી, જેમાં તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, આંતર વૈયકતિક સંબંધો, મૂલ્યો અને નાગરિકતા, પ્રજનન સ્વાસ્થ્ય, નશીલા પદાર્થોનું સેવન અને તેની રોકથામ વગેરે. આ તાલીમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ ઉદય ટીલાવતએ પણ વર્ગમાં ઉપસ્થિત રહીને સૌ શિક્ષકોને આરોગ્ય વિષયક માહિતી પૂરી પાડી હતી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા પણ વિષયને અનુરૂપ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. DQAMO ડૉ રાકેશ વોહનિયા દ્વારા માર્ગદર્શન સહિત જાણકારી આપવમાં આવી હતી. જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પ્રાચાર્યશ્રી દ્વારા પણ સૌ શિક્ષકો ને માહિતી પૂરી પાડવામાં આવી તથા District Programme Coordinator વિશાલ ડામોર દ્વારા પણ આરોગ્ય વિષયક માહિતી પૂરી પાડવામાં આવી. આમ આ ત્રણ દિવસની તાલીમ સૌ શિક્ષકોએ આનંદ અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## થર્મલ વિદ્યાભારતી વિધાલયમાં માતા પિતા પુજન કાર્યક્રમ યોજાયો




ખેડા । અશેષ વ્યાસ

શ્રી સરસ્વતી વિદ્યાલય થર્મલ ખાતે વિધાર્થીઓ માં ભારતીય હિન્દુ સંસ્કૃતિ નુ સિંચન થાય તે ઉદ્દેશથી વર્ષ દરમિયાન અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ થાય છે જે અંતર્ગત આજે ૧૪ ફેબ્રુઆરી ના દિવસે વિધાર્થીઓ દ્વારા મંત્રોચ્ચાર સાથે પોતાના માતા પિતા નું વિધિવત પુજન કરવામાં આવે છે જેથી બાળકો માં માતા પિતા અને વડીલો પ્રત્યે આદર ભાવ ની ભાવના કેળવાય આ કાર્યક્રમ ટ્રસ્ટી શ્રી ઓ આર.જી.પટેલ કરણસિંહ મોરી તથા વિધાલય ના પ્રધાન આચાર્ય શ્રી ના માર્ગદર્શન હેઠળ અને આચાર્યોની મહેનતથી ખુબ સુંદર વાતાવરણ માં માતા પિતા પુજન કાર્યક્રમ ઉજવાયો હતો અને વર્ષ દરમિયાન થયેલ અનેક સ્પર્ધાઓમાં વિજેતા ઓ ને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે પુલવામા આતંકી હુમલામાં શહીદ થનાર મા ભારતીના વીર જવાનોને યાદ કરી ને શ્રદ્ધાંજલિ આપી હતી આ પ્રસંગે વણાકબોરી સંકુલ ના વડા શ્રી એચ.આર.મરચન્ટ સાહેબ,ડી.એચ. ચૌધરી સાહેબ સહિત વાલીઓ વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અહેવાલની અસર : ડાંગમાં પીએમ કુસુમ યોજનાના નામ પર વચેટિયાઓ દ્વારા નાણા ચાઉં કરાતા અધિકારીઓ દ્વારા કાર્યવાહીનો દોર શરૂ

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લામાં મોટાભાગે ગરીબ આદિવાસી ખેડૂતો વસવાટ કરે છે.ત્યારે આ ખેડૂતો જંગલ વિસ્તારમાં પિયત ખેતી કરે અને પગભર બને તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કુષ્ણ યોજના હેઠળ સોલર રૂફટોપ આપવાની યોજના અમલમાં મુકેલ હોય, પરંતુ આ યોજનાના નામ પર અમુક વચેટિયાઓ દ્વારા ગરીબ અને અજ્ઞાન ખેડૂત પાસેથી ફોર્મ તથા એફડેવિટ કરવાનું કહી મોટા પાયે ઉઘરાણું કરવામાં આવી રહ્યું હોય તેવું જાણવા મળ્યું હતું. તેમજ આ ઉઘરાણા બાદ પણ ગરીબ ખેડૂતોને હજુ સુધી આ યોજનાનો લાભ મળેલ નહી.જેને લઈને અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.ત્યારે અહેવાલને પગલે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ વઘઈનાં વિભાગીય નાયબ કાર્યપાલક ઈજનેર તથા સાપુતારા જી.ઈ. બીનાં નાયબ કાર્યપાલક ઈજનેરોની ટીમ ધુમખલ સહિતનાં ગામોમાં ખેડૂતોનું નિવેદન લેવા પહોંચ્યા હતા અને કાર્યવાહી હાથ ધરી હતી. આહવા તાલુકાના જાખાના,ધૂમખલ ,ચિચપાડા વિસ્તારમાં વર્ષ 2024- 25 અંતર્ગત ગલકુંડ વિસ્તારના એક ઈસમ દ્વારા જંગલ - જમીન ખેડતા ગરીબ આદિવાસી ખેડૂતોને સરકાર દ્વારા મફત સોલાર લાઈટ આપવાની યોજના હેઠળ લાભાર્થીઓ પાસે હજાર રૂપિયા ફોર્મના અને પાંચસો રૂપિયા એફિડેવિટ કરવાનાં આપવાનાં હોવાનું એમ જણાવ્યું હતુ.આ ઈસમ દ્વારા પીએમ કુસુમ યોજના હેઠળનાં લાભાર્થીઓને એફિડેવિટ અને ફોર્મ ભરવાના નામ પર વ્યક્તિ દીઠ 1500 રૂપિયાની ઉઘરાણી કરી હતી.આ ઈસમ દ્વારા અંદાજે દસેક આદિવાસી ખેડૂતો પાસેથી ઉઘરાણું કરવામાં આવેલ હોવાનું જાણવા મળી રહ્યું છે.જોકે આ ઉઘરાણા કર્યા બાદ તમામ લાભાર્થીઓને યોજનાનો લાભ ઓનલાઈન ફોર્મ જમા થયેથી મળી જશે એમ જણાવી આ ઈસમ રફુચક્કર થઈ જવા પામેલ છે.જેના કારણે ગરીબ આદિવાસી ખેડૂતોએ રડવાનો વારો આવ્યો છે.ધૂમખલ ગામે જંગલ જમીન ધારક ખેડૂતોને પ્રધાનમંત્રી કુસુમ યોજના હેઠળ સોલર પેનલ મળવાની આશાએ ખેડૂતોએ ઉછીના નાણા કરી ફોર્મ તો ભર્યું પરંતુ વચેટિયાઓ ગરીબ ખેડૂતો સાથે છેતરપિંડી કરી હોય તેવું જણાઈ રહ્યું છે. ફોર્મ ભર્યા ને 5 મહિના કરતાં વધુ સમય વીતવા છતાં યોજનાનો લાભ મળ્યો નથી,જેથી પ્રધાનમંત્રી કુસુમ યોજનાના નામે મોટુ કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોય તેવી શક્યતા સાથે અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.ત્યારે આ અહેવાલ પ્રસિદ્ધ થતા દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના વઘઈનાં કાર્યપાલક ઈજનેરની મૌખિક સૂચના હેઠળ સાચી હકીકતની તપાસ કરવા માટે દ.ગુ. વી.કં.લી. વઘઈ વિભાગીય કચેરીનાં નાયબ કાર્યપાલક ઈજનેર ડી.એસ. ચૌધરી તથા દ.ગુ. વી. કં.લી. સાપુતારાનાં વિભાગીય કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર એસ.એન.પવારની ટીમે ધૂમખલ ગામ ખાતે પીડિત ખેડૂત રતનભાઈ ગૌદિયાભાઈ ચૌધરીની મુલાકાતે પહોંચ્યા હતા.અને રતનભાઈ ચૌધરીનું નિવેદન લેવામાં આવ્યું હતુ.ત્યારે નિવેદનમાં ગલકુંડ ગામના સંજયભાઈને નાણા અને ડોક્યુમેન્ટ આપવામાં આવેલ હોવાનું જણાઈ આવ્યુ હતુ.ત્યારે અહીં ખેડૂત રતનભાઈ ચૌધરીના નિવેદનના આધારે અધિકારીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવેલ છે.

## દાહોદમાં સંત શિરોમણી શ્રી રવિદાસ મહારાજની જયંતિની ભવ્ય ઊજવણી



દિપક રાવલ દાહોદ । લીમખેડા

મહાન યોગી અને સમાજ સુધારક સંત શિરોમણી શ્રી રવિદાસ મહારાજ ની જયંતિ નિમિત્તે અખિલ ભારતીય રવિદાશિયા ધર્મ સંગઠન દાહોદ દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી. આ શુભ પ્રસંગે સનાતન વર્લ્ડ પરિવાર ગુજરાત ના પ્રદેશ પ્રચારક શ્રી રિંકેશભાઈ પ્રજાપતિ નું ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું અને તેમના હસ્તે આરતી કરવામાં આવી અને શોભાયાત્રા નું પ્રસ્થાન કરવામાં આવ્યું. શોભાયાત્રા માં સૌ ભાવિક ભક્તો તથા સનાતન વર્લ્ડ પરિવાર દાહોદ જિલ્લા ના કાર્યકરો જોડાઈ સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવ્યું. સાથે સૌ ભાવિક ભક્તોએ ભવ્ય ભંડારા નો લાભ પણ લીધો.

## જાફરાબાદમાં આવેલ સુપરમાર્કેટ માં આવેલી દુકાનના ઉપર આવેલ રવેશ ઝળબતુ મોત સમાન

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

જાફરાબાદ ની સુપરમાર્કેટ માં આવેલી દુકાનોના ઉપર આવેલ રવેશ સાવ જર્જરિત હાલતમાં હોય અહીં થી મોટીમાત્રામાં વિધાર્થીઓ અને મહિલાઓ સિનિયર સિટીઝન અહીં થી પસાર થતા હોય છે. પરંતુ જ્યાંથી પસાર થતા લોકો નાં ઉપર ઝળબતુ મોત સમાન દુકાનોના ઉપર આવેલ રવેશ કે સાવ જર્જરિત હાલતમાં મોત સમાન ઉભું હોય આ દુકાન ઉપર આવેલ રવેશ કોઈ મોટી દુર્ઘટના સર્જાય અને અનમોલ માનવ જીંદગી જોખમાઈ તે પહેલાં કુંભકર્ણ નિંદ્રામાં સુતેલી પાલિકા ધ્યાન ઉપર લઈ કડક કાર્યવાહી કરે તેવી અહીં થી પસાર થતાં નાગરિકો માંથી માંગ ઉઠી છે. આ સુપરમાર્કેટ માં આવેલી દુકાનના રવેશ માંથી પોપડા ઉખડી ગયા હોય અને મસ મોટી તિરાડ પાડેલી હોય



અહીં ના દુકાનદારો પણ ભયભીત થઈ બીતા બીતા વેપાર ધંધો કરતા હોય આ દુકાન ઉપર આવેલ રવેશ ગમેત્યારે ધરાશાયી થાઈ તો જવાબદારી કોની.. ??? આ સુપરમાર્કેટ માં ઝળબતુ મોત સમાન રવેશ કોઈ મોટી દુર્ઘટના કોઈ ગોઝારી ઘટના ઘટે તે પહેલાં નગરપાલિકા દ્વારા હટાવવા ની કટક કાર્યવાહી કરે તેવી અહીં ના રહીશો દ્વારા માંગ ઉઠી છે. પાલિકા દ્વારા આવી જર્જરિત ઈમારતો ધ્યાન ઉપર લઈ કડક સુચના આપવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે ? આ બાબતે સ્થાનિક રહીશો દ્વારા અનેકવાર રજૂઆતો કરાઇ છે. પરંતુ કોઈ પણ જાતની કાર્યવાહી કરવામાં આવી નથી ઉલ્લેખનીય છે.કે અહીં ઘી ચોકમાં જુની બેંક ની ઈમારત જર્જરિત હાલતમાં હોવાથી ધરાશાયી થતાં ત્રણ લોકોના અનમોલ જીંદગી નો ભોગ લીધો હતો.

## એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-અમદાવાદ અને એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-એકતા નગર એક્સપ્રેસ ના પ્રસ્થાનના દિવસ અને સમયમાં ફેરફાર

અમદાવાદ : પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નં. 20953 એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસ અને ટ્રેન નં. 20919 એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-એકતા નગર એક્સપ્રેસ ના એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશન થી પ્રસ્થાન ના દિવસ અને સમય માં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:- ટ્રેન નંબર 20953 એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસ જે વર્તમાનમાં એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશન થી દર શુક્રવારે 15.50 કલાકે ઉપડે છે અને બીજા દિવસે 21.15 કલાકે અમદાવાદ પહોંચે છે.

20 એપ્રિલ 2025 થી, આ ટ્રેન એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશન થી દર રવિવારે 22.40 કલાકે ઉપડશે અને મંગળવારે 03.20 કલાકે અમદાવાદ પહોંચશે. ટ્રેન નંબર 20919 એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-એકતા નગર એક્સપ્રેસ જે વર્તમાનમાં એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશન થી દર રવિવારે 22.40 કલાકે ઉપડે છે અને મંગળવારે 02.40 કલાકે અમદાવાદ પહોંચે છે, 18 એપ્રિલ 2025 થી, આ ટ્રેન એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સ્ટેશનથી દર શુક્રવારે 15.50 કલાકે ઉપડશે અને બીજા દિવસે 20.40 કલાકે એકતા નગર પહોંચશે. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવી. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## ખારીઘારીયાલ પ્રાથમિક શાળામાં માતૃ-પિતૃ વંદન કાર્યક્રમની હર્ષોઉલ્લાસભરી ઉજવણી

નીતિન ઠાકર । ચાણસ્મા

જ્યારે સમગ્ર વિશ્વ ૧૪ ફેબ્રુઆરીને વેલેન્ટાઈન ડે તરીકે ઉજવી રહ્યું હતું, ત્યારે ખારીઘારીયાલ પ્રાથમિક શાળાએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરતાં ‘માતૃ-પિતૃ વંદન‘ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ’માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ’ ના આદર્શોને સાકાર કરતો આ કાર્યક્રમ શાળાના નાનકડા બાળકોથી લઈને વાલીઓ માટે એક હૃદયસ્પર્શી અનુભૂતિ બની રહ્યો.



કાર્યક્રમની શરૂઆત પુલવામાં શહીદ થયેલા વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપીને કરવામાં આવી હતી. દેશપ્રેમના ઊંડા ભાવ સાથે વિધાર્થીઓએ શ્રદ્ધાંજલિ પાઠવી અને સમગ્ર વાતાવરણ દેશભક્તિની ભાવનાથી ગૂંજી ઉઠ્યું હતું. શાળાના ધોરણ-૬ ના બાળકો દ્વારા ‘મા-બાપથી મોટું કોઈ નથી‘ ગીત પર વિશિષ્ટ અભિનય દ્વારા ઉપસ્થિત માતા-પિતાનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાનું પાદ્યપૂજન અને આરતી કરી, જેના પરિણામે ભાવવિભોર પળો સર્જાઈ હતી. માતા-પિતાની આંખોમાં આનંદ અને ગૌરવના આંસુઓ જોવા મળ્યાહતા. શિક્ષકો દ્વારા સ્વસ્તિવાચન મંત્રો દ્વારા માતા-પિતા અને બાળકોને શુભ આશીર્વાદ અને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. શિક્ષકો અને આચાર્યશ્રીએ માતા-પિતાની સેવા અને આદરની સંસ્કૃતિ બાળકોમાં ઉંડે ઉતરે તેવા ઉદ્દેશથી માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન, વાલીઓની વિશાળ સંખ્યામાં હાજર રહી અને બાળકોમાં સંસ્કાર જાગૃત થાય તેવો સંદેશો આપવામાં આવ્યો હતો.

## એક હેડ કોન્સ્ટેબલની સંવેદના, સતર્કતા અને ટેકનોલોજીના સમન્વય થકી બે વર્ષથી અનડિટેક્ટ ચકચારી મર્ડરનો ભેદ ઉકેલાયો

### અમદાવાદ-બરોડા એક્ષપ્રેસ હાઈવે પર હત્યા કરી દેવાયેલી હાલતમાં મળેલી એક મહિલાની ડેડબોડી અને તેની બાજુમાં ઈજાગ્રસ્ત હાલતમાં પડેલી ત્રણ વર્ષની માસુમ બાળકી ‘ખુશી’ની રડમસ આંખો મારા મગજમાંથી જતી નહતી: હેડ કોન્સ્ટેબલ પ્રદિપસિંહ

ખેડા : ખેડા-નડિયાદ જિલ્લામાં બે વર્ષથી અનડિટેક્ટ રહેલા મર્ડરનો ભેદ પોલીસની સંવેદના, સતર્કતા અને ટેકનોલોજીના સમન્વય થકી ઉકેલાયો છે. મહિલાની હત્યા કરીને એક માસુમ દિકરીને લાશની બાજુમાં પટકીને ચાલ્યો ગયેલો હત્યારો આખરે પકડાઇ ગયો છે. મૃતદેહની બાજુમાં તરછોડી દેવાયેલી માસુમ બાળકીનો ચહેરો અને રડમસ આંખો એક હેડ કોન્સ્ટેબલના મગજમાં ઘર કરી ગઇ હતી, તેવી જ આંખો સાથેના એક બાળકના ફોટોની ઈન્સ્ટાગ્રામમાં આવેલી એક પોસ્ટથી સમગ્ર ગુનાનો ભેદ ઉકેલાયો છે. જાણીએ તે જ હેડ કોન્સ્ટેબલના શબ્દોમાં. હેડ કોન્સ્ટેબલ પ્રદિપસિંહ કહે છે કે, એલ.સી.બીની ટેકનિકલ સેલમાં કામગીરી હોવાને કારણે જિલ્લામાં બનતી ઘટનાઓમાં ટેકનિકલ બાબતોમાં મદદરૂપ થવા તપાસ માટે ઘટના સ્થળે જવાનું થતુ રહેતુ હોય છે પણ તા.૦૫ મી ડિસેમ્બર-૨૦૨૨ના રોજ નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલો એક મર્ડરનો બનાવ હું ક્યારેય ભુલી નથી શક્યો. અમદાવાદ-બરોડા એક્ષપ્રેસ હાઈવે પર એક મહિલાની હત્યા કરી દેવાયેલી હાલતમાં મળેલી ડેડબોડી અને તેની બાજુમાં ઈજાગ્રસ્ત હાલતમાં રડી રહેલી ત્રણ વર્ષની માસુમ બાળકી ખુશી. બાળકી તુટક તુટક હિન્દી ભાષામાં પોતાનુ નામ ખુશી, પપ્પાનું નામ ઉદય અને માતાનું નામ પુજા જણાવી રહી હતી અને એટલુ જ કહેતી હતી કે, “પાપાને મમ્મી કો માર દીયા, મુજે ભી પટક કર ચલે ગયે, કનૈયા કો લેકે ચલે ગયે…” ખુશીના આટલા શબ્દો અને તેની રડમસ આંખો મારા મગજમાંથી જતી નહતી. આ બાળકીને ખેડાના એક બાળ સંભાળ સંસ્થા ખાતે તેના યોગ્ય ઉછેર અને સારસંભાળ માટે રાખી. અમારા એસ.પી શ્રી રાજેશ ગઢીયા દરેક ક્રાઈમ કોન્ફરન્સમાં આ કેસનું સ્ટેટસ અચુક પુછતા અને તેના ડિટેક્શન માટે વિશેષ મહેનત કરવા આદેશ આપતા. બીજી તરફ અમારા પી.આઈશ્રીના માર્ગદર્શનમાં હુ અને મારા સાથીકર્મીઓ પણ સમયાંતરે આ સંસ્થાની મુલાકાત લેતા અને ખુશી સાથે સહાનુભુતિપૂર્વક થોડી વાતો કરી આડકતરી રીતે તેના પિતા કે અન્ય લિંક મળે તેવા પ્રયત્નો કરતા હતા. આ મૃતક મહિલા અને તરછોડી દેવાયેલી બાળકીની ઓળખ તેમજ મર્ડર ડિટેક્શન માટે અમે દિવસ રાત એક કરી. બંનેના ચહેરા અને પહેરવેશ પરથી પરપ્રાંતિય હોવાનો અંદાજ લગાવ્યો અને તેમના ફોટો સાથે ગુજરાતી-હિન્દી ભાષામાં પોસ્ટર બનાવી આંતર રાજ્ય બસ-ટ્રેનોમાં આ પોસ્ટર લગાવ્યા, સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર ઓળખ માટે પ્રયત્ન કર્યા, ઘટના સ્થળના મોબાઈલ ટાવર લોકેશન કઢાવી એનાલિસીસ કર્યા પણ સફળતા ન મળી. એક અઠવાડીયા પહેલા તા.૦૭મી ફેબ્રુઆરી-૨૦૨૫ના ઓફિસનું કામ પતાવીને સાંજે સાડા આઠ વાગ્યાના અરસામાં હુ ઘરે આવીને બેઠો હતો. મારું ઈન્સ્ટાગ્રામ સ્ક્રોલ કરતો હતો ત્યા મારી નજર સામે એક પોસ્ટ આવી. આ પોસ્ટ હતી આણંદ જિલ્લાના વાસદ પોલીસ સ્ટેશનની હદમાં અમદાવાદ-બરોડા એક્ષપ્રેસ હાઈવે ઉપરથી મળી આવેલા એક બાળકની..!!! આ પોસ્ટમાં જણાવેલી વિગતો અગાઉના વર્ષ-૨૦૨૨ના ગુના સાથે સામ્યતા ધરાવતી હોય તેવુ મને લાગ્યુ. આ બાળકનો ફોટો જોતા જ મારા મગજમાં છેલ્લા બે વર્ષથી ઘર કરી ગયેલી બાળકી “ખુશી”ની આંખો મારી નજર સામે આવી ગઇ. આબેહૂબ તેવી જ આંખો. અને બીજી સામ્યતા હતી એ પોસ્ટની વિગત. જેમાં ‘કનૈયા’ અને ‘ઉદય’ નામનો ઉલ્લેખ હતો. મને ખુશીના શબ્દો રીકોલ થવા લાગ્યા “પાપાને મમ્મી કો માર દીયા, મુજે ભી પટક કર ચલે ગયે, કનૈયા કો લેકે ચલે ગયે…”. પી.આઈશ્રીને વાત કરી અને બીજા જ દિવસે વહેલી સવારે અમે તે દિકરાને આણંદના જે અનાથ આશ્રમમાં રાખ્યો હતો ત્યાં પહોંચી ગયા. તે દિકરો પણ હિન્દીમાં બોલતો હતો પરંતુ તદ્દન અસ્પષ્ટ.

## ડાંગ જિલ્લા શિક્ષણ અધિકારી સહિત એક યુવક સાથે થઈ 1 લાખની સાયબર ફ્રોડ : જિલ્લામાં ચકચાર

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લામાં સાયબર ફ્રોડ અંગેની બે ફરિયાદ નોંધાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામેલ છે.કારણ કે ડાંગ જિલ્લા શિક્ષણ અધિકારી પણ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે.અને તેમની સાથે 89 હજાર રૂપિયા કરતાં પણ વધુની છેતરપિંડી થયેલ છે.અને બીજા એક કિસ્સામાં ટી.વાય.બી.એ.માં અભ્યાસ કરતા યુવક સાથે પણ સાયબર ફ્રોડ થયેલ હોવાની ઘટના સામે આવી છે જેમાં યુવક પાસેથી 15 હજાર રૂપિયા કરતા પણ વધુ રૂપિયા ખંખેરી લેવામાં આવેલ છે. ત્યારે આ બંને સાયબર ફ્રોડના મામલા આહવા સાયબર ક્રાઈમ પોલીસ મથકે પહોંચ્યા છે. શૈક્ષણિક સંસ્થા NCAPE દિલ્હી સ્થિત દ્વારા ડાંગ જિલ્લા શિક્ષણ અધિકારી જીગ્નેશ નરેન્દ્રભાઈ ત્રિવેદીનું નોમિશન થયેલ હોવાથી ત્યાંથી એક મેલ આવેલો અને દિલ્હીનો ત્રણ દિવસનો કાર્યક્રમ આપેલ હતો.જેમાં એર ટિકિટ કરવા માટે ત્રણ એજન્સીના નામ આપવામાં આવેલ હતા.જે બામણ લોરી, અશોક ટ્રાવેલ્સ અને આઈઆરસીટીસી તો તેમાંથી બામણ લોરી, અશોક ટ્રાવેલ્સ એજન્સીમાં સંપર્ક કરતા સંપર્ક થઈ શકેલ ન હતો. જેથી જિલ્લા શિક્ષણ અધિકારીએ ત્રીજી એજન્સી IRCTCને google ઉપર સર્ચ કરતા IRCTCAIR TICKET અલગ અલગ વેબસાઈટ ખોલી જોઈ હતી. જેમાં એક frctcair helpline વેબસાઈટ www.google.com ઉપર ટોલ ફ્રી નંબર હતો.જેના પર કોન્ટેક કરેલ ત્યાર બાદ જિલ્લા શિક્ષણ અધિકારી પર અજાણ્યા ફોન નંબર પરથી ફોન આવેલ તેમણે કહ્યું કે,‘હા આ અમારી fretec ની સરકારી વેબસાઈટ છે અને આપ સરકારી અધિકારી હોય આપને એર ટિકિટ કરાવવાની હોય તો અમે કરાવી આપીશુ.‘અને પછી તેમણે જિલ્લા શિક્ષણ અધિકારી પાસેથી તમામ વિગત લીધી અને સુરતથી દિલ્હીની તારીખ 19 થી 21 રિટર્ન આ પ્રકારની વિગત લીધી હતી.ત્યારબાદ જિલ્લા શિક્ષણ અધિકારીને risodesk.app ઓનલાઈન વીડિયો કોલ એપ્લિકેશન ખોલવા માટે કહ્યું હતું અને ‘તમારી ટિકિટ છે તમે જાતે નહીં કરી શકો. ગવર્મેન્ટના રુલ્સ મુજબ અમે તમારી ટિકિટ કરી આપીશુ એટલે અમે કહીએ એ પ્રકારે પ્રોસેસ કરશો.‘ ત્યારે જિલ્લા શિક્ષણ અધિકારીએ વારંવાર કહ્યું કે, તમે મને માત્ર એપ્લિકેશન જણાવો. તો હું જાતે ટિકિટ કરી લઈશ પરંતુ અજાણ્યા ઈસમે કહ્યું કે,‘ના, તો તમે ટિકિટ કરાવશો તો તે રકમ આપને મળવા પાત્ર રહેશે નહી તેથી અમે આપને ટિકિટ કરાવી શકીએ .‘ ત્યારે આમ કહેતા જિલ્લા શિક્ષણ અધિકારી પાસે google pay શરૂ કરાવ્યુ અને google pay માં રકમની જગ્યાએ કહીએ તે એક કોડ નાખો.આવું વારંવાર વારંવાર કોડ નાખતા નાખતા એક વખત તેઓ પાસે 89001 આવો કોડ નખાવ્યો અને કહ્યું કે આપ ખરા (રાઈટ) નું ટીક નહીં કરતા જેથી આપના પૈસા નહીં કપાય પરંતુ આ પ્રોસેસમાં ક્યારે જિલ્લા શિક્ષણ અધિકારીના પૈસા કપાઈ ગયા તે ખબર પણ પડી નહોતી.જોકે બાદમાં જિલ્લા શિક્ષણ અધિકારી સાથે સાયબર ફ્રોડ થયેલ હોવાનું તેમને જણાઈ આવતા તેમણે સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નંબર 1930 પર સંપર્ક કર્યો હતો જોકે ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હતું અને તેમની સાથે છેતરપિંડી થઈ હતી. તેમજ બીજા એક સાઈબર ફ્રોડની વાત કરીએ તો સુબીર તાલુકાના પીપલદહાડ ગામ ખાતે રહેતો અમિત કનુભાઈ ગાવીત (ઉ. વ.૧૯) કે જે ટીવાય બીએ માં અભ્યાસ કરે છે. ત્યારે આ અમિતભાઈ પર એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને અજાણ્યા વ્યક્તિએ જણાવ્યું હતું કે,‘ સુરત પોલીસમાથી બોલુ છુ.તમે તમારી ઈન્ટ્રાગ્રામ આઈ.ડી. ઉપર ન્યુડ વીડીયો જોવ છો .જેથી તમારા ઉપર કેશ દાખલ કરવામાં આવેલ છે.જેથી તમારે કેશની પતાવટ કરવી હોય તો રૂપિયા આપવા પડશે.‘ ત્યારે યુવકે તેને પુછેલ કે,‘કેટલા રૂપિયા આપવા પડશે ત્યારે અજાણ્યા ઈસમે જણાવેલ કે,‘ રૂ.૧૫,૪૪૪/- આપવા પડશે.‘ ત્યાર બાદ યુવકે ખાત્રી કરવા માટે અજાણ્યો મોબાઈલ નંબર મોબઈલમા સેવ કરી વોટસએપની ડી. પી. જોતા તેમા બે સ્ટાર વાળી ખાખી વર્ધી પહેરેલ એક વ્યકિતનો ફોટો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## એકવારમાં હવસ ન સંતોષાતાં બે કલાકમાં મહિલા પર ત્રણવાર દુષ્કર્મ આચર્યું...

# લૂંટ વિથ ગેંગરેપનો મુખ્ય આરોપી ઝડપાયો : મહિલાને ગંભીર ઈજાઓ

(એજન્સી) સુરત | તા.14

સુરતના પુણા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં મોડીરાત્રે લૂંટ વિથ ગેંગરેપનો બનાવ બન્યો હતો. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી CCTVના આધારે તપાસ હાથ ધરી મુખ્ય આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્યની શોધખોળ હજી ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાત્રે બે કલાકના સમયમાં હવસખોરોએ મહિલા પર ત્રણવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. જેમાં મુખ્ય આરોપી દ્વારા બેવાર હવસ સંતોષવામાં આવી હતી. જેથી મહિલાના પ્રાઈવેટ પાર્ટમાં ઈજાઓ પહોંચી છે.

13 ફેબ્રુઆરી, ગુરુવારના રોજ લૂંટના ઈરાદે ત્રણ ઈસમ દંપતીના ઘરમાં ઘૂસી ગયા હતા. એ બાદ ચપ્પુ બતાવી પતિને બંધક બનાવ્યો હતો અને પત્નીને ધાબા પર લઈ જઈ બે ઈસમે દુષ્કર્મ આચર્યું હતું અને તેનો વીડિયો પણ ઉતાર્યો હતો. જતી વખતે રૂપિયા 30 હજાર અને બે બ્રેસ્લેટ પણ લૂંટી ગયા હતા.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગરના વતની એવું દંપતી પુણાગામા પાસે એક સોસાયટીમાં ભાડાના મકાનમાં રહે છે. મકાનના નીચેના ભાગે કારખાનું ચાલે છે અને પતિ લેસપટ્ટીના કારખાનામાં નોકરી કરે છે. ગત રોજ દંપતી રાત્રે જમીને સૂઈ ગયું હતું. દરમિયાન મોડીરાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં 3 શખસે તેમના મકાનનો દરવાજો ખખડાવ્યો હતો. દંપતીએ કોણ છે એમ પૂછતાં આ બદમાશોએ પોલીસ હોવાનું જણાવ્યું હતું, જેથી પતિએ દરવાજો ખોલ્યો હતો. દરવાજો ખોલતાં જ મોઢા પર બુકાની બાંધેલા ત્રણ બદમાશ ચપ્પુ લઈને ઘરમાં ઘૂસી ગયા હતા અને પતિને ચપ્પુ બતાવી મારી નાખવાની ધમકી આપી હતી.



### હવસખોરોએ વારાફરતી દુષ્કર્મ ગુજાર્યું

અચાનક ઘરમાં આવેલા આ શખસોને જોઈને દંપતી ગભરાઈ ગયું હતું. દરમિયાન એક બદમાશે દુપટ્ટા વડે પતિને બાંધી દીધો હતો, અન્ય બે પત્નીને ઢસડીને ઉપર ધાબા પર લઈ ગયા હતા. પત્નીએ છોડી દેવા માટે કાકલુદી કરી હતી, પણ આ હવસખોરોએ વારાફરતી દુષ્કર્મ ગુજાર્યું હતું. આરોપી નિકુંજ ઉર્ફે ડથ્થર ઉર્ફે બુલેટ ભીંગરાડિયાએ એકવાર દુષ્કમ આચરી લીધા બાદ ફરી મહિલા પર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો અને વીડિયો પણ બનાવ્યો હતો. ત્યાર બાદ તે બન્ને નીચે આવ્યા હતા અને બાદમાં જતી વખતે 2 સોનાના બ્રેસ્લેટ અને રોકડ રૂ.30,000ની મતાની લૂંટ ચલાવી નાસી ગયા હતા. બનાવ અંગે પોલીસને જાણ કરતાં પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અને સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી હતી.

### બે આરોપી પૈકી એક અગાઉ આ વિસ્તારમાં દેખાયો હતો

ભોગ બનનાર દંપતીનાં ત્રણ વર્ષ પહેલાં જ લગ્ન થયાં હતાં. આ વિસ્તારના કારખાનામાં જ નોકરી કરતા હોવાથી ભાડે મકાન રાખીને રહેતાં હતાં.

પોલીસ સમક્ષ ભોગ બનનારે આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે બે હવસખોર પૈકીનો એક અગાઉ તેમના વિસ્તારમાં દેખાયો હતો. હવસખોરો પરિણીતાને ખેંચીને ધાબા પર લઈ ગયા હતા. ત્યારે તેણે બૂમો પણ પાડી હતી. જોકે આ વિસ્તારમાં માત્ર 30 ટકા જ રહેણાક હોવાથી અને કારખાના પાસે હોવાથી તેની બૂમો કોઈને સંભળાઈ ન હતી.

---

## પોરબંદરમાં ત્રણ અલગ-અલગ ગુના નોંધાયા

# બાઈક અડફેટે વૃદ્ધને ઈજા, નાસતો આરોપી ઝડપાયો અને દારૂની હેરાફેરી દરમિયાન યુવક પર હુમલો

(એજન્સી) પોરબંદર | તા.14

પોરબંદર શહેરમાં એક જ દિવસમાં ત્રણ અલગ-અલગ ગુનાઓની નોંધણી થઈ છે. પ્રથમ ઘટનામાં, કુંભારવાડા વિસ્તારમાં રહેતા જયેન્દ્રભાઈ લાલાજીભાઈ સામાણી જ્યારે ખોડીયાર માતાજીના મંદિર પાસે રેકડી પર ધંધો કરી રહ્યા હતા, ત્યારે GJ-25-AE-4268 નંબરની મોટરસાયકલના ચાલક ભાર્ગવ વિઝુંડાએ બેદરકારીથી વાહન ચલાવી તેમને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં વૃદ્ધને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી તેમજ પડખાના ભાગે ફ્રેક્ચર થયું હતું. બીજી ઘટનામાં, છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપી દેવ પૃથ્વીશ જોષીને મુંબઈથી ઝડપી પાડવામાં આવ્યો છે. IPC કલમ 465, 468 અને 471 હેઠળ નોંધાયેલા ગુનામાં તેની ધરપકડ કરી છે. આરોપીએ ગુનાની કબૂલાત કરતા તેને વધુ તપાસ માટે ઉદ્યોગનગર પોલીસને સોંપવામાં આવ્યો છે. ત્રીજી ઘટનામાં, મુકેશભાઈ વાઘેલા નામના યુવક પર દેશી દારૂની હેરાફેરી દરમિયાન હુમલો થયો હતો. ગુરુવારે રાત્રે 8:30 વાગ્યે એસટી વિસ્તારમાંથી દારૂની પોટલી ખરીદ્યા બાદ અજાણ્યા શખ્સે તેમના પર પથ્થરથી હુમલો કરી માર માર્યો હતો અને રોકડની લૂંટ ચલાવી હતી. હાલમાં મુકેશભાઈ સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

# મોરબીમાં દારૂની રેડ: વિદેશી દારૂ સાથે એક આરોપી ધરપકડ, સપ્લાયર ફરાર, તજવીજ હાથ ઘરી

મોરબી | મોરબી શહેરમાં પોલીસે સફળ દારૂની રેડ પાડી છે. એ ડિવિઝન પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે લીલાપર કેનાલ રોડ પર બોરીયાપાટી વિસ્તારમાં આવેલી ભાંડિયાની વાડીમાં દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે.



બાતમીના આધારે પોલીસે મુકેશભાઈ નકુમના મકાનમાં દરોડો પાડ્યો હતો, જ્યાંથી વિદેશી દારૂની 72 બોટલો મળી આવી હતી. પોલીસે કુલ રૂ. 48,465ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં 30 વર્ષીય મુકેશભાઈ લખમણભાઈ નકુમની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા આરોપીની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું કે આ દારૂનો જથ્થો તેમને ઈશ્વરભાઈ ઉર્ફે બાલો કરસનભાઈ કંઝારીયા પાસેથી મેળવ્યો હતો, જે વાવડી રોડ પર હદાણીની વાડી વિસ્તારમાં રહે છે. પોલીસે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ફરાર સપ્લાયરની શોધખોળ શરૂ કરી છે.

## કાલથી શરૂ થતી બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ રોકવા ન્યૂ CCTV પોલિસી લાગુ, રિઝલ્ટ જાહેર ન થાય ત્યાં સુધી સ્કૂલે રેકોર્ડિંગ રાખવું પડશે...

# ગુજરાતના CBSEના વિદ્યાર્થીઓ પર દિલ્હીથી નજર રખાશે

રાજકોટ | 15 ફેબ્રુઆરીને શનિવારથી દેશભરમાં CBSE બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે, ત્યારે તેમાં 44 લાખ જેટલા વિદ્યાર્થીઓ અલગ-અલગ 204 જેટલા વિષયોમાં પરીક્ષા આપવાના છે. ધોરણ 10 અને 12ની પરીક્ષા 15 ફેબ્રુઆરીથી 18 માર્ચ અને 2 એપ્રિલ સુધી ચાલશે. જેનો સમય સવારે 10.30થી 1.30 વાગ્યાનો છે. ત્યારે આ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા નવી સીસીટીવી પોલિસી અમલમાં લાવવામાં આવી છે.

આ વર્ષથી તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર સીસીટીવી તો ફરજિયાત છે જ, પરંતુ પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી મોનિટરિંગ ઓફિસર મૂકવાનો નવો નિયમ બનાવવામાં આવ્યો છે. જેમાં પરીક્ષા કેન્દ્રમાં 240 વિદ્યાર્થીઓ અથવા 10 ક્લાસરૂમ વચ્ચે એક સીસીટીવી મોનિટરિંગ ઓફિસરને ફરજ સોંપવામાં આવશે. આ ઓફિસર ચાલુ પરીક્ષા દરમિયાન સતત સીસીટીવી ઉપર નજર રાખશે. આ ઉપરાંત તેના પર દિલ્હી ખાતેના કંટ્રોલરૂમની પણ નજર રહેશે. પરીક્ષાનું પરિણામ ન આવે ત્યાં સુધી એટલે કે, અંદાજે બે મહિનાથી વધુ સમય સુધી સમગ્ર પરીક્ષાનું સીસીટીવી રેકોર્ડિંગ જે તે પરીક્ષા કેન્દ્રોએ ફરજિયાત રાખવું પડશે.

રાજકોટ રીજનમાં એટલે કે રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં 48 પરીક્ષા કેન્દ્ર પર આવતીકાલથી સીબીએસઈની પરીક્ષા શરૂ થશે, જેમાં ધોરણ 10માં 2,602 અને ધોરણ 12માં 1,623 વિદ્યાર્થીઓ એમ બન્ને મળીને 4,225 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, તેમ રાજકોટ રીજનના CBSE એક્ઝામ કો ઓર્ડિનેટર અને RKCના પ્રિન્સિપાલ યશ સક્સેનાનું કહેવું છે. રાજકોટની જિનિયસ સ્કૂલમાં છેલ્લા 23 વર્ષથી ફરજ બજાવતા અને NIOSમાં પ્રિન્સિપાલ અને CBSEમાં વાઈસ પ્રિન્સિપાલ કાજલ શુક્લાએ જણાવ્યું હતું કે, 15મી ફેબ્રુઆરીથી સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન પરીક્ષા શરૂ થઈ રહી છે. જેમાં ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે, જે 4 એપ્રિલ સુધી ચાલુ રહેશે.



### 10 ક્લાસરૂમ વચ્ચે ઓફિસરને ફરજ સોંપાશે

જેમાં આ વખતે નવો નિયમ એ છે કે, સીબીએસઈની પરીક્ષા જેટલા કેન્દ્રો ઉપરથી લેવામાં આવશે, તેમાં 240 વિદ્યાર્થીઓ અથવા 10 ક્લાસરૂમ વચ્ચે એક સીસીટીવી મોનિટરિંગ ઓફિસરને ફરજ સોંપવાની રહેશે. જેમને ચાલુ પરીક્ષા દરમિયાન સતત સીસીટીવી ઉપર નજર રાખવાની રહેશે. તેમના મોનિટરિંગ દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ દેખાશે તો તુરંત CBSE બોર્ડને જાણ કરવાની રહેશે. આ ઉપરાંત CBSE બોર્ડને જરૂર લાગે તો સીસીટીવીના ક્લિપિંગ સાથે સીસીટીવી મોનિટરિંગ ઓફિસરને બોલાવી ખુલાસો પણ પૂછી શકે છે.

### પરિણામ જાહેર થાય ત્યાં સુધી સીસીટીવી સાચવીને રખાશે

આ સાથે જ તેમને જણાવ્યું હતું કે, દિલ્હીથી કંટ્રોલરૂમ ખાતેથી સીબીએસઈ બોર્ડની પરીક્ષાના CCTVનું મોનિટરિંગ કરાશે. પરીક્ષા કેન્દ્રોમાં જે CCTVનુ રેકોર્ડિંગ કરવામાં આવે છે તે સાચવવાનું રહે છે. CBSE બોર્ડનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી એટલે કે, 2 મહિના સુધી CCTVનું બેકઅપ સાચવીને રાખવાનો નિયમ છે. જેથી પરિણામ બાદ પણ કોઈ વિદ્યાર્થી કે સ્કૂલની સમસ્યા હોય તો તેનુ ક્લિપિંગ મારફત નિરાકરણ લાવી શકાશે.

# વ્યાજખોરનો આતંક: 1 લાખના 70 હજાર વ્યાજ ચૂકવ્યા છતાં 1.70 લાખની માગણી, યુવાનને જાનથી મારી નાખવાની ધમકી

(એજન્સી) મોરબી | તા. 14

મોરબીમાં વ્યાજખોરીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક યુવાન પર વ્યાજખોરે પઠાણી ઉઘરાણી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી છે. નાની વાવડી રોડ પર બાપા સીતારામની મઢુલી પાસે ભક્તિનગરમાં રહેતા હર્ષદભાઈ મનુભાઈ કંઝારીયા (28) એ મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, હર્ષદભાઈએ કાલિકા પ્લોટ દરગાહ પાસે રહેતા કૃણાલ શાહ પાસેથી 30 ટકાના વ્યાજે એક લાખ રૂપિયા લીધા હતા. આ રકમ સામે તેમણે વ્યાજ પેટે 70,000 રૂપિયા ચૂકવી દીધા હતા. આમ છતાં, આરોપી કૃણાલ શાહે તેમની પાસેથી 1.70 લાખ રૂપિયાની વધારાની માગણી કરી હતી.

ઘટના ત્યારે બની જ્યારે હર્ષદભાઈ વાવડી રોડથી પંચાસર રોડ તરફ જતા કાચા રસ્તે અભિનવ સ્કૂલ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આરોપીએ તેમને રોકીને બળજબરીપૂર્વક પૈસાની ઉઘરાણી કરી અને ગાળાગાળી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પોલીસે આ મામલે ગુનો નોંધીને આરોપીની ધરપકડ માટેની કાર્યવાહી શરૂ કરી છે. એ ડિવિઝનના PSI એન.એ.ગઢવી આ કેસની તપાસ કરી રહ્યા છે. આ ઘટના વ્યાજખોરીની સમસ્યાની ગંભીરતા દર્શાવે છે, જ્યાં સામાન્ય નાગરિકોને ઊંચા વ્યાજદર અને ધમકીનો સામનો કરવો પડે છે.




## દારૂની બાતમી આપનાર યુવકને પોલીસે દબડાવ્યો, પત્નીને લપેટમાં લેવાની ધમકીથી ઝેર પીધું

# પોલીસ કર્મીની ધમકીથી બાતમીદારનો આપઘાતનો પ્રયાસ

(એજન્સી) ધંધુકા | તા. 14

ધોળકામાં પોલીસ કર્મીની ધમકીથી ત્રસ્ત થઈને એક બાતમીદાર યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો છે. દીપક પરમાર નામના યુવકે બે દિવસ પહેલા ધોળકાના ત્રાસદ રોડ પર ઘનશ્યામ મોદી નામના બુટલેગર દ્વારા થતા દારૂના વેચાણની માહિતી સિંધી ગેટ પોલીસ ચોકીના કર્મી યોગરાજસિંહને આપી હતી.

યોગરાજસિંહે પ્રથમ કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું, પરંતુ લાંબા સમય સુધી કોઈ પગલાં ન લેવાતા દીપકે 100 નંબર પર ફરિયાદ નોંધાવી. ત્યારબાદ પોલીસ વાન સાથે પહોંચેલા યોગરાજસિંહે દીપક પાસે પુરાવા માંગ્યા, જેમાં દીપકે બુટલેગર પાસેથી ખરીદેલી દારૂની બોટલ અને ઓનલાઈન પેમેન્ટની રસીદ બતાવી.

આશ્ચર્યજનક રીતે, પોલીસ કર્મીએ બુટલેગરને પકડવાને બદલે દીપકને જ નશાની હાલતમાં હોવાનો આરોપ મૂકી કેસ કર્યો. વધુમાં, યોગરાજસિંહે દીપકની પોલીસમાં ફરજ બજાવતી પત્નીને પણ કેસમાં સંડોવવાની ધમકી આપી. બુટલેગર જામીન પર છૂટી જતાં અને પોલીસની નિષ્ક્રિયતાથી નિરાશ થયેલા દીપકે રામપુરા નજીક નર્મદા કેનાલ પાસે ઝેરી દવા પી લીધી.

હાલમાં દીપકને ગંભીર હાલતમાં ધોળકાની પાર્શ્વનાથ હોસ્પિટલના



ICUમાં દાખલ કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં પરિવારજનો અને સમાજના લોકો મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે એકત્રિત થયા છે અને યોગરાજસિંહ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

## સ્પર્ધાના બહાને અમદાવાદથી કોલવડા લઈ ગયો, દુષ્કર્મ આચરીને ધમકી આપી, ગર્ભ રહી જતાં ભાંડો ફૂટ્યો...

# કોચે 16 વર્ષની વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચર્યું

(એજન્સી) ગાંધીનગર | તા. 14

ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ રોડ પર આવેલી સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં પાર્ટટાઈમ નોકરી કરતા કરાટેના કોચે અમદાવાદની 16 વર્ષીય સગીરાને કરાટે શીખવવાના બહાને પ્રેમના પાઠ ભણાવી શારીરિક શોષણ કર્યું હતું. એના પગલે સગીરાને આઠ માસનો ગર્ભ રહી જતાં કરાટેના કોચનો ભાંડો ફૂટી ગયો છે. આ મામલે પેથાપુર પોલીસે કરાટેના કોચ વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

કરાટે શીખવવાના બહાને પ્રેમના પાઠ ભણાવતો ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ રોડ પર આવેલી સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં હાલમાં કરાટેના કોચ તરીકે પાર્ટ ટાઈમ ફરજ બજાવતો સંજય કિશનભાઈ વાઘેલા અગાઉ અમદાવાદ ખાતે નોકરી કરતો હતો. જે અમદાવાદના વકીલની 16 વર્ષીય દીકરીને કરાટે શીખવતો હતો. ધીમે ધીમે સંજય સગીરાને કરાટે શીખવવાના બહાને પ્રેમના પાઠ ભણાવવા માંડ્યો હતો. એમાંય સ્કૂલ લેવલે યોજાતી સ્પર્ધાઓમાં પણ સગીરા ભાગ લેતી હોવાથી કોચ સંજય તેની સાથે રહેતો હતો.

એકલતાનો લાભ ઉઠાવી કોલવડામાં દુષ્કર્મ આચર્યું આઠેક મહિના અગાઉ ગાંધીનગરના કોલવડા ખાતે પણ સ્પર્ધામાં ભાગ લેવા માટે સંજય સગીરાને લઈને આવ્યો હતો




### પોલીસે આરોપીને ઝડપીને આગળની તપાસ હાથ ધરી

આ અંગે પેથાપુર પોલીસ મથકના પીઆઈ મુકેશ દેસાઈએ જણાવ્યું કે, પાલજનો સંજય વાઘેલા સ્વામિનારાયણ ધામ સ્કૂલમાં કરાટેના સ્ટુડન્ટ્સને કોચિંગ આપે છે. જે અગાઉ અમદાવાદ નરોડાની ધોરણ-11માં અભ્યાસ કરતી 16 વર્ષની સગીરાને કરાટે કોચિંગ આપતો હતો. દરમિયાન તેણે સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. કોલવડા ખાતે આઠેક મહિના અગાઉ કરાટેની કોમ્પિટિશનમાં સગીરાને લઈને સંજય આવ્યો હતો અને દુષ્કર્મ આચર્યું હતું. જેના લીધે સગીરાને આઠ મહિનાનો ગર્ભ રહી ગયો છે. પોલીસે આરોપી સંજય વાઘેલા વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો દાખલ કરી આરોપીને ઝડપીને આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રોહિબિશનના 8 ગુનામાં સંડોવાયેલા આરોપી અશોક ને પાસા હેઠળ સાબરમતીમાં મોકલાયો

કચ્છ | કચ્છ જિલ્લા પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચના મુજબ, પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાના અભિયાન અંતર્ગત એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એલસીબી પીઆઈ એન.એન. ચુડાસમાની આગેવાની હેઠળ ભચાઉના કુખ્યાત બુટલેગર અશોકસિંહ ઉર્ફે મામા બાલુભા જાડેજાની ધરપકડ કરવામાં આવી છે.

અશોક મામા બહારના રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ મંગાવી, તેનો સંગ્રહ અને હેરફેર કરવાની પ્રવૃત્તિઓમાં સક્રિય હતો. તેની સામે ભચાઉ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સંબંધિત અનેક ગુનાઓ નોંધાયેલા છે. કચ્છ કલેક્ટર દ્વારા મંજૂર કરાયેલી પાસા દરખાસ્તના આધારે, ભચાઉ પોલીસ અને એલસીબીની સંયુક્ત ટીમે તેની અટકાયત કરી સાબરમતી મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા અઢી દાયકામાં અશોક મામા સામે ભારતીય બનાવટના વિદેશી દારૂના વેચાણ અને હેરફેર સંબંધિત 8 ગુના નોંધાયેલા છે. આ અગાઉ પણ તેને અનેક વખત પાસા હેઠળ જેલવાસ ભોગવવો પડ્યો છે. પોલીસની આ કાર્યવાહીથી પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવામાં મદદ મળશે એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ખલીલપુર બાયપાસ પર કાર અકસ્માતમાં દારૂનો જથ્થો જપ્ત, પોલીસે તપાસ શરૂ કરી

(એજન્સી) જૂનાગઢ | તા. 14

જૂનાગઢમાં દારૂબંધીના કાયદાનું ઉલ્લંઘન કરતો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. ખલીલપુર બાયપાસ રોડ પર દેશી દારૂથી ભરેલી એક કારનો



અકસ્માત થયો હતો. કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા વાહન રોડની બાજુમાં ઉતરી ગયું હતું. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકોના ટોળા એકત્ર થયા હતા અને બી ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કારમાંથી મળેલો દેશી દારૂનો સમગ્ર જથ્થો કબજે કર્યો હતો. પોલીસે આ મામલે કાર માલિક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. તપાસનો મુખ્ય ફોકસ એ જાણવાનો છે કે આ દેશી દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો વિવિધ માર્ગો દ્વારા દારૂની હેરાફેરી કરતા હોવાના કિસ્સાઓ વારંવાર સામે આવે છે. પોલીસ આ સમગ્ર નેટવર્કને શોધવા માટે વધુ તપાસ કરી રહી છે.

# ઈમ્પોર્ટન્ટ વાહનોમાંથી આરટીઓને બે વર્ષમાં ૨૭.૭૭ કરોડની આવક

## વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૨૫ તથા ૨૦૨૪-૨૫માં ૧૧૪ વાહનો વિદેશથી ગાંધીનગર આયાત કરવામાં આવ્યા

## ટેક્સ-ડયુટી... વાહનની મુળ કિંમત ઉપર ૧૨ ટકાનો ટેક્સ વસૂલાયો

(એજન્સી) ગાંધીનગર । તા. 14

ગાંધીનગર આરટીઓની આવક દર વર્ષે સતત વધી રહી છે.ત્યારે આ આવકમાં મહત્વનો હિસ્સો ઈમ્પોર્ટન્ટ વાહનોના ટેક્સનો પણ રહેલો છે. વિદેશથી ઈમ્પોર્ટ કરીને ગાંધીનગર રજીસ્ટ્રેશન કરાવવામાં આવતા વાહનોના માલિકો પાસેથી આરટીઓ તંત્ર ૧૨ ટકા જેટલો ટેક્સ-ડયુટી વસુલે છે.જેના પગલે ગાંધીનગર આરટીઓને ફકેત બે જ વર્ષમાં કુલ ૨૭.૭૭ કરોડ રૂપિયાની આવક થઇ છે.

સરકાર દ્વારા ભલે વિવિધ સેવા-જવાબદારીઓ લઈને તેનું ખાનગીકરણ કરવામાં આવ્યું હોય તેમ છતા હજુ પણ આરટીઓ તંત્ર સરકાર માટે કમાઉ દિકરો રહ્યો છે.અગાઉ ચેકપોસ્ટ, રજીસ્ટ્રેશન, નંબરપ્લેટ સહિતની આવક આરટીઓ તંત્ર કરતું હતું ત્યારે હવે ટેક્સની વસુલાત અને



લાયસન્સ કાઢી આપવા જેવી મહત્વની જવાબદારી જ આરટીઓ પાસે રહી છે તેવી સ્થિતિ વચ્ચે પણ ગાંધીનગર આરટીઓની આવક સતત વધી રહી છે એટલુ જ નહીં, સરકાર દ્વારા આપવામાં આવતા ટાર્ગેટ કરતા પણ આવકમાં વધારો થયો છે જે નોંધનીય બાબત છે. ત્યારે આ આવકમાં મહત્વનો હિસ્સો ઈમ્પોર્ટ કરેલા એટલે કે, વિદેશમાંથી ગાંધીનગર રજીસ્ટ્રેશન માટે આવતા વાહનોનો છે. સામાન્યરીતે વિદેશમાં જે તે વાહનોની મુળ કિંમત હોય તેના ૧૨ ટકા જેટલો ટેક્સ આ વાહનના માલિક પાસેથી વસુલવામાં આવે છે અને તે ટેક્સ ભરાયા બાદ જ જે તે માલિકને તેનું વાહન રજીસ્ટ્રર્ડ કરી આપવામાં આવશે. ગાંધીનગર આરટીઓ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં આવા કુલ ૧૨૫ વિદેશી વાહનોનું રજીસ્ટ્રેશન કરીને તેમાંથી ૧૨ ટકા ટેક્સની કુલ ૧૩.૨૮ કરોડની આવક કરી હતી. આવી જ રીતે વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધી ૧૧૪ વાહનોના માલિકો પાસેથી ૧૪.૪૯ કરોડ મળીને બે વર્ષ દરમ્યાન કુલ ૨૩૯ વિદેશી વાહનોના રજીસ્ટ્રેશનમાંથી આરટીઓને કુલ ૨૭.૭૭ કરોડની આવક થઈ છે.

## સાવરકુંડલાની પેટા ચુંટણીમાં

# ભાજપના ઉમેદવારને જીતાડવા જાહેર સભા

(એજન્સી) સાવરકુંડલા । તા. 14

ધારાસભ્ય મહેશભાઇ કસવાલાની હાજરીમાં વોર્ડ નં.૩ના ઉમેદવાર ગૌતમ સાવજને મળ્યુ જંગી સમર્થન.તા.૧૨-૦૨-૨૫ના રોજ આડીશેરી ખાતે સા.કુંડલા નગરપાલીકા વોર્ડ નં.૩ની પેટા ચુંટણીને ધ્યાનમાં રાખી વોર્ડ નં.૩ના ભાજપના ઉમેદવાર ગૌતમ સાવજને ચુંટણીમાં જંગી બહુમતીથી જીતાડવા બે ભવ્ય મિટીંગનુ આયોજન કરવામાં આવ્યુ જેમાં ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલા તેમજ ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા. આ તકે ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ વધુમાં જણાવ્યુ કે,ગૌતમ સાવજ એક શિક્ષિત અને એડ્વોકેટ ઉમેદવાર છે,વોર્ડ નં.૩માં રહે છે,વોર્ડ નં.૩નો નેતા નહી પણ બેટા છે,આગવી કોઠા સુઝ ધરાવતો તેમજ સ્વર્ગસ્થ જયસુખભાઇ નાકરાણીના વિચારોને આગળ ધપાવી સમાજસેવા માટે હંમેશ તત્પર છે.એવા યુવા ઉમેદવારને ૧૬ વોર્ડ નં.૩ના ઉમેદવાર ગૌતમ સાવજને શુભેચ્છા,બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા. વોર્ડ નં.૩ની મિટીંગમાં ઉમેદવાર



**શહેરીજનોનો વિશ્વાસ એ જ અમારી તાકાત, શહેરને બદલાવવાના લોકોના સ્વપ્નને સાકાર કરવા અમે કટિબધ્ધ : કસવાલા**

તારીખે જ્વલંત વિજય અપાવો એમાટે હું વોર્ડ નં.૩ના નાગરિકોને વિનંતી કરવા આવ્યો છું.ગૌતમ સાવજને મળ્યુ બહુ મોટુ સમર્થન,બન્ને મિટીંગમાં ધારાસભ્યશ્રી મહેશ કસવાલા રહ્યા ઉપસ્થિત,દિગ્ગજોએ આપી ગૌતમ સાવજને ભવ્ય અને દિવ્ય સમર્થન મળતા ભાવુક થયેલ તેમજ તેમને ભારતીય જનતા પાર્ટીના શિર્ષ નેતૃત્વે જે જવાબદારી સોંપી છે.તેને નિષ્ઠાપુર્વક પાર પડીશ એવી ખાતરી આપી હતી.

## ટીવીએસ મોટર કંપની અને ગુજરાત ટુરિઝમે

# મોટરસાઈકલિંગ, સાહસ અને સાંસ્કૃતિક વારસાનું મિશ્રણ કરીને રણ ઉત્સવ મનાવ્યો

(એજન્સી) કચ્છ । તા. 14

ટુ અને થ્રી વ્હીલર સેગમેન્ટ્સમાં કામ કરતી અગ્રણી ગ્લોબલ ઓટોમેકર ટીવીએસ મોટર કંપની (ટીવીએસએમ) એ હાલ ચાલી રહેલા રણ ઉત્સવમાં અદ્વિતીય મોટરસાઈકલિંગનો અનુભવ લાવવા માટે ગુજરાત ટુરિઝમ સાથે ભાગીદારી કરી છે. આ સહયોગના ભાગરૂપે કંપનીએ ટીવીએસ રોનિન પર આધારિત બે એક્સક્લુઝિવ રણ ઉત્સવ એડિશન કસ્ટમ મોટરસાઈકલ્સ રજૂ કરી હતી. ભારતના પ્રવાસન સંચાલિત આર્થિક વૃદ્ધિના મુખ્ય ચાલક બળ તરીકે ઓળખાતો આ ફેસ્ટિવલ 2047 સુધીમાં વિકસિત ભારતના વડાપ્રધાનના વિઝન સાથે સંલગ્ન રહેતા વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. પરંપરાને આધુનિકતા સાથે ભેળવીને રણ ઉત્સવ એક એવું પ્લેટફોર્મ બની રહ્યો છે જે ભારતના કલાત્મક વારસાને દર્શાવે છે તથા સાંસ્કૃતિક પ્રવાસન થકી ટકાઉ




વિકાસમાં યોગદાન આપે છે. આ ભાગીદારી અંગે ટીવીએસ મોટર કંપનીના બિઝનેસ-પ્રીમિયમ હેડ વિમલ સુમ્બલીએ જણાવ્યું હતું કે ટીવીએસ મોટર કંપનીમાં અમે હંમેશા અમારી મોટરસાઈકલ્સ સાથે લાઈફસ્ટાઈલ, એડવેન્ચર અને કલ્ચરને ભેળવવામાં માનીએ છીએ. રણ ઉત્સવ એ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને મોટરસાઈકલિંગ વચ્ચે અનોખા સંબંધને દર્શાવવાનો શ્રેષ્ઠ પ્રસંગ હતો. ટીવીએસ રોનિન મોટરસાઈકલ્સની રણ ઉત્સવ એડિશન એ ગુજરાતની વાઈબ્રન્ટ પરંપરાઓને નમન છે જે તેમની ડિઝાઈનમા પ્રાદેશિક કલાત્મકતાને સરળ રીતે સંકલિત કરે છે. આ સહયોગ એ સાંસ્કૃતિક ભાવના સાથે રાઈડિંગના મહત્વની ઊજવણી કરે છે અને ભારતના પ્રવાસન ક્ષેત્રને પ્રાથમિકતા આપવાના વડાપ્રધાનના વિઝન તરફ અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## કચ્છમાં સોંગના શૂટિંગ દરમિયાન સિંગર ઉમેશ બારોટની તબિયત લથડી

(એજન્સી) કચ્છ । તા. 14

ગુજરાતના જાણીતા ગાયક ઉમેશ બારોટ કચ્છ ખાતે તેમના આલ્બમના ગીતનું શૂટિંગ કરતી વખતે તબિયત લથડી હોવાનું સામે આવ્યું છે. મોડી રાત્રે અચનાક ઉમેશ બારોટની



તબિયત લથડતાં ભુજની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, કચ્છના સફેદ રણ ખાતે ગાયક ઉમેશ બારોટના આલ્બમ ગીતનું શૂટિંગ ચાલી રહ્યું હતું. આ દરમિયાન ઉમેશ બારોટની તબિયત તબિયત બગડતા વધુ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ ઉમેશ બારોટની સારવાર ચાલી રહી છે.

## શિયાળ અને જંગલી બિલાડીના મૃતદેહ મળ્યા

# કચ્છમાં વીજ કરંટ ગોઠવી પ્રાણીઓનો શિકાર કરતી ગેંગના 2 શખ્સો ઝડપાયા

(એજન્સી) કચ્છ । તા. 14

કચ્છમાં કરંટ ગોઠવી પ્રાણીઓના શિકાર કરતી ટોળકી ઝડપાઈ છે જેમાં નખત્રાણાના સાંગનારા ગામમાં 21 પ્રાણીઓના શિકાર થયા હોવાની વાત સામે આવી છે,વન વિભાગે સમગ્ર ઘટનામાં બે આરોપીઓની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથધરી છે,ખેતરમાં તારની વાડમાં કરંટ ગોઠવતા અને પ્રાણી જેવું આવે તેવો કરંટ પસાર થતા તેનું મોત થતુ હતું.કચ્છના જંગલ વિસ્તારમાં તેમજ આસપાસના ગામોમાં પ્રાણીઓનો શિકાર કરતી ટોળકીના બે સભ્યો ઝડપાયા છે,વન વિભાગે આ મામલે ઉંડાણપૂર્વક તપાસ હાથધરી છે કેમકે 21 પ્રાણીઓના મૃતદેહ મળી આવ્યા છે,જંગલી બિલાડી, નીલગાય, શિયાળના મોત થયા છે અને તે મોત કુદરતી નહી પરંતુ શિકાર કરીને થયા હોવાની વાત સામે આવી છે,વન વિભાગે 2 શખ્સોને ઝડપી પાડી ગુનો પણ નોંધ્યો છે,ત્યારે અગાઉ કેટલા પ્રાણીઓના જીવ લીધા તેને લઈ તપાસ હાથધરી છે.

નખત્રાણાના સાંગનારા ગામમાં બે માસમાં 21 જંગલી જીવોના મોત થયા હોવાની વાત સામે આવી છે,જેમાં ખેતરની ફરતે પાક રક્ષણ માટે લગાવેલ વાડમાં વીજ પ્રવાહ ચાલુ કરી નિર્દોષ પ્રાણીઓના જીવ લેવાયાં છે,વન વિભાગે દરોડો પાડી બે શખ્સોની ધરપકડ કરી છે,સાથે સાથે સ્થળ પરથી શિયાળ અને જંગલી બિલાડીના મૃતદેહ મળી આવ્યા છે અને કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા વન વિભાગ પણ દોડતું થયું છે.પોસ્ટમોર્ટમમાં પ્રાણીઓના મોત વિજશોકના કારણે થયા હોવાનું ખુલ્યું છે.

**અરજી માટેની છેલ્લી તારીખ 23 ફેબ્રુઆરી, 2025**

# બીમટેક મેનેજમેન્ટમાં પીએચ.ડી. સમકક્ષ ફેલો પ્રોગ્રામ્સ માટેની અરજીઓ આમંત્રિત કરે છે



(એજન્સી) ગ્રેટર નોઇડા । તા. 14

ભારતની અગ્રણી બિઝનેસ સ્કૂલ્સ પૈકીની એક બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ટેક્નોલોજી (બીમટેક) સેશન 2025 માટે પીએચ.ડી. ઈક્વલન્ટ ફેલો પ્રોગ્રામ્સ ઈન મેનેજમેન્ટ (એફપીએમ/ઈએફપીએમ) માટે અરજીઓ આમંત્રિત કરતા રોમાંચિત છે. આ ઈમર્સિવ ફેલો પ્રોગ્રામ માટે સીટ આરક્ષિત કરવાની છેલ્લી તારીખ 23મી ફેબ્રુઆરી, 2025 છે. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ), એસોસિયેશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ (એઆઈયુ), ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા મંજૂર આ પ્રોગ્રામ શિક્ષણ જગત, ઉદ્યોગ કે કન્સલ્ટન્સીમાં આકર્ષક કારકિર્દી માટે સંશોધન આધારિત સ્કોલર્સના સશક્તિકરણને સુનિશ્ચિત કરે તેવા માળખા પર આધારિત છે. ઉત્સાહી ઉમેદવારોને આમંત્રિત કરતા બીમટેકના ડિરેક્ટર ડો. પ્રવીણા રજિબે જણાવ્યું હતું કે અમારું ઈન્સ્ટિટ્યૂટ મેનેજમેન્ટના ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપવા માટે જરૂરી કુશળતાઓ સાથે સંશોધનના ઉત્સાહીઓને સજ્જ કરે તેવો માહોલ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આથી, અમે એવા ઉમેદવારો ઈચ્છીએ છીએ જેઓ સારો શૈક્ષણિક રેકોર્ડ, વ્યવસાયિક સિદ્ધિઓ અને મેનેજમેન્ટના ક્ષેત્રે જ્ઞાન સર્જન તથા વિતરણના અભિયાનમાં યોગદાન આપવા માટેની પ્રબળ ઈચ્છા દર્શાવતા હોય. અમે મેનેજમેન્ટ થિયરી અને પ્રેક્ટિસીસના જ્ઞાનમાં રહેલા અંતરને પૂરવા માટે આ તક છડપી લેવા ઉત્સાહી સ્કોલર્સને પ્રોત્સાહિત કરીએ છીએ. આ ચાર વર્ષની લાંબી સફરમાં ફાઈનાન્સ, ઈન્શ્યોરન્સ અને રિસ્ક મેનેજમેન્ટ, ઓપરેશન્સ અને ડિસિઝન સાયન્સિસ, સ્ટ્રેટેજી, ઈનોવેશન અને આંત્રપ્રિન્યોરશિપ, સસ્ટેનેબિલિટી અને સીએસઆર, બિઝનેસ કમ્યૂનિકેશન, ઈકોનોમિક્સ, માર્કેટિંગ અને ઓબી એન્ડ એચઆરમાં સંશોધકોને લેવામાં આવશે. એફપીએમ પ્રોગ્રામ ડોક્ટરલ કન્સોર્ટિયમ અને કોન્ફરન્સ તથા અન્ય કાર્યક્રમોમાં ભાગ લેવા માટે રૂ. 1,80,000 સુધીની એક વખતની રિસર્ચ ગ્રાન્ટ દ્વારા સહભાગીઓને મદદ પૂરી પાડશે. એફપીએમ પ્રોગ્રામના પહેલા અને બીજા વર્ષના વિદ્યાર્થીઓને રૂ. 45,000, રૂ. 50,000ની સ્કોલરશિપ ઓફર કરાશે જ્યારે એફપીએમના ત્રીજા અને ચોથા વર્ષના ઉમેદવારોને પ્રત્યેક રૂ. 55,000ની સ્કોલરશિપ અપાશે. આ ઉપરાંત 90 પર્સેન્ટાઈલ અથવા તેનાથી વધુનો યુજીસી-નેટ જેઆરએફ કે કેટ સ્કોર ધરાવતા એફપીએમ વિદ્યાર્થીઓ ઉચ્ચ સ્કોલરશિપ માટે લાયક રહેશે જેમને પહેલ વર્ષે રૂ. 50,000, બીજા વર્ષે રૂ. 55,000 અને ત્રીજા તથા ચોથા વર્ષે રૂ. 60,000 મળશે. રસ ધરાવતા ઉમેદવારોએ ઉચ્ચ માધ્યમિક શાળા (10+2) પૂર્ણ કર્યા પછી સ્નાતકની ડિગ્રી સાથે ઓછામાં ઓછા 60 ટકા માર્ક્સ અથવા એઆઈસીટીઈ/એઆઈયુ દ્વારા માન્ય સમકક્ષ ગ્રેડ પોઈન્ટ એવરેજ સાથે એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી, મેનેજમેન્ટ, અર્થશાસ્ત્ર, સામાજિક વિજ્ઞાન, વાણિજ્ય અથવા માનવશાસ્ત્રમાં માસ્ટર ડિગ્રી અથવા સમકક્ષ મેળવેલા હોવા જોઈએ.

**પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો**

# લાંબા સમય સુધી એમ્બ્યુલન્સ ફસાતા દર્દીઓને હાલાકી

(એજન્સી) પાલનપુર । તા. 14

પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો બની. લાંબા સમય સુધી પાલનપુર હાઈવે પર એરોમાં સર્કલ પાસે ચક્કાજામની સ્થિતિ જોવા મળી. ટ્રાફિકમાં એમ્બ્યુલન્સ ફસાતા દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો. એમ્બ્યુલન્સ સાયરન વગાડતી રહી હોવા છતાં તેને રસ્તો ના મળતા દર્દીઓ પીડાતા રહ્યા. પાલનપુર હાઈવે પર ટ્રાફિકનું ભારણ વધી રહ્યું છે. છતાં તંત્ર આ બાબતને ધ્યાનમાં લેતું નથી. પાલનપુર હાઈવે અત્યારે રાજ્યમાં મુખ્ય ધોરી માર્ગ બની ગયો છે. આબુ રોડ પરથી પસાર થવા કે પછી અંબાજી જવા મોટાભાગના લોકો આ જ રસ્તો પસંદ કરે છે. પાલનપુર હાઈવે પર તહેવારો દરમ્યાન અને ખાસ દિવસોમાં વધુ ટ્રાફિક જોવા મળે છે.ગતરોજ એરોમાં સર્કલ પર ટ્રાફિકમાં 2 એમ્બ્યુલન્સ ફસાઈ ગઈ. મોડી રાત સુધી 4 કિમી સુધીમાં એમ્બ્યુલન્સ ફસાઈ. બન્ને એમ્બ્યુલન્સ સાયરન મારવા છતાં માર્ગ ના અપાયો.અને બન્ને એમ્બ્યુલન્સના દર્દીઓ ટ્રાફિકમાં પીડાતા રહ્યા.

# પ્રતાપપુરામાં ગૌચર જમીનમાં કચરામાં આગ લાગતાં દોડધામ

(એજન્સી) કલોલ । તા. 14

કલોલના પ્રતાપપુરા ગામે શહેરના ન્યુ પંચવટી વિસ્તારને અડીને ગૌચર જમીનમાં કચરાના ઢગલામાં આગ લાગી હતી જેના પગલે દોડધામ મચી ગઈ હતી કોઈ કેમિકલ વાળો કચરો અહીં નાખી ગયું હતું જેમાં આગ લાગી હતી આગનો કોલ ફાયર બ્રિગેડને આપવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ દોડી આવી હતી અને આગ ઉપર પાણીનો મારો ચલાવ્યો હતો અને આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

આ બાબતે મળતી વિગતો અનુસાર કલોલના ન્યુ પંચવટી વિસ્તારમાં આગની ઘટના બની હતી જેના પગલે દોડધામ મચી ગઈ હતી ન્યુ પંચવટી વિસ્તારમાં પ્રતાપપુરા ગામ ની ગૌચર જમીનમાં કોઈ કચરો નાખી ગયું હતું આ કચરો કેમિકલ વાળો હોવાથી આગ લાગી હતી એકાએક આગ લાગતા દોડધામ મચી ગઈ હતી અને જ્યોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને કચરો સળગવા



લાગ્યો હતો અને ધુમાડા ના ગોટે ગોટા નીકળવા લાગ્યા હતા ત્યારે આગનો કોલ ફાયર બ્રિગેડને આપવામાં આવ્યો હતો દોડી આવેલા ફાયર બ્રિગેડે. આગ ઉપર પાણીનો માળો ચલાવ્યો હતો અને આગ ઉપર કાબુ મેળવ્યો હતો આગ ઉપર કાબુ મેળવી લેતા હાજર લોકોએ હાશકારો વ્યક્ત કર્યો હતો.

**હેલ્થ વિભાગના અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચ્યા**

# આણંદનાઆંકલાવમાં 6 બાળકોને થયું ફૂડ પોઈઝનિંગ, અજાણ્યું ફળ ખાતા તબિયત લથડી

(એજન્સી) આણંદ । તા. 14

આણંદના આંકલાવમાં 6 બાળકો સાથે ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે,જેમાં પરપ્રાંતિય પરિવારના 6 બાળકોએ અજાણ્યું ફળ ખાઈ લેતા અચાનક વોમિટીંગ શરૂ થઈ ગઈ હતી જેમાં તમામ બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે,હાલ તમામ બાળકની તબિયત સુધારા પર છે તેવું ડોકટરનું કહેવું છે.આણંદના આંકલાવમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે જેમાં 6 બાળકોને તાત્કાલિક સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે,કોઈ ફળ ખાઈ લેતા આ ઘટના બની છે,બાળકોને હાલમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને અલગ-અલગ રીપોર્ટ કાઢવામાં આવ્યા છે,બાળકોને તાત્કાલિક સારવાર મળી રહેતા




તમામની તબિયત સુધારા પર છે.ત્યારે હેલ્થ વિભાગના અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા,તમામ બાળકો પરપ્રાંતિય છે અને મજૂરી કામે માતા-પિતા સાથે આવ્યા છે.જ્યારે તાપમાન 32 થી 35 ડિગ્રી સેલ્સિયસથી ઉપર હોય ત્યારે બેક્ટેરિયા વધવા લાગે છે. કેટલાક અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે 37 ડિગ્રીથી વધુ તાપમાન બેક્ટેરિયાને મારી શકે છે.

### ફૂડ પોઈઝનિંગના લક્ષણો

ડોક્ટરના જણાવ્યા મુજબ, કોઈપણ વસ્તુ ખાધા પછી પેટમાં તીવ્ર દુખાવો, ઉલ્ટી, અપચો, માથાનો દુખાવો, અતિશય થાક, નબળાઈ અને તાવ જેવા કોઈપણ લક્ષણો ફૂડ પોઈઝનિંગના લક્ષણો હોઈ શકે છે. ફૂડ પોઈઝનિંગ કોઈપણ ઉંમરે થઈ શકે છે, પરંતુ આ સમસ્યાઓ બાળકોમાં વધુ જોવા મળે છે.


### ફૂડ પોઇઝનિંગ એક પ્રકારનો ચેપ

ફૂડ પોઈઝનિંગ એક પ્રકારનો ચેપ છે જે બેક્ટેરિયા અને વાયરસ દ્વારા ફેલાય છે. જ્યારે બેક્ટેરિયા ધરાવતો ખોરાક ખાવામાં આવે છે, ત્યારે આ બેક્ટેરિયા આંતરડામાં રહેલા સારા બેક્ટેરિયાને બહાર કાઢે છે. તે પાચનક્રિયાને બગાડે છે. મોટાભાગના ફૂડ પોઈઝનિંગ ગંદા પાણી પીવાથી, એક્સપાયર થયેલ પેકેજ્ડ ફૂડ, ખૂબ લાંબો સમય રાંધવામાં આવેલો ખોરાક ખાવાથી થતા હોય છે. જ્યારે તાપમાન 32 થી 35 ડિગ્રી સેલ્સિયસથી ઉપર હોય ત્યારે બેક્ટેરિયા વધવા લાગે છે.


### ઉનાળામાં ફૂડ પોઇઝનિંગ સૌથી વધુ થાય છે

ઉનાળાની ઋતુમાં ફૂડ પોઇઝનિંગના મામલા વધુ સામે આવતા હોય છે. ઉનાળાની ઋતુમાં સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવાની જરૂર છે.ઉનાળાની ઋતુમાં હવા સાથે બેક્ટેરિયા પણ આવે છે અને તે પોતાની સાથે અનેક પ્રદૂષકો પણ લાવે છે. જેના કારણે ક્યારેક આપણી રોગપ્રતિકારક શક્તિ પણ બગડી જાય છે. ઉનાળામાં જો ખોરાક તરત જ ન ખાવામાં આવે તો તે ઝેરી પણ બની શકે છે અને બેક્ટેરિયા ખૂબ જ ઝડપથી વધે છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્દઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો.




**વૃષભ (બ,વ,ઉ)**
તમારૂ ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે.




**મિથુન (ક,છ,ઘ)**
તમારા બળપણની યાદગીરીઓ આજે તમને વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે.



**કર્ક (ડ,હ)**
વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂ રહેશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો.




**સિંહ (મ,ટ)**
એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થઈ શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં.




**કન્યા (પ,ઠ,ણ)**
આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.




**તુલા (ર,ત)**
તમારો હકારાત્મક દ્દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.




**વૃશ્ચિક (ન,ય)**
તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.




**ધન (ભ,ધ,ફ)**
તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે.



**મકર (ખ,જ)**
માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે.



**કુંભ (ગ,શ,સ)**
તબિયત પર ધ્યાન આપવું પડશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે। અંગત જીવન ઉપરાંત તમારી જાતને કોઈક સખાવતી કાર્ય સાથે સાંકળો.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમારૂ વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

# ટ્રમ્પના નિર્ણયથી અમેરિકામાં મુશ્કેલી સર્જાઈ, માણસોની અછત સર્જાતા અનેક ધંધા-રોજગારમાં મંદી!



(એજન્સી) મુંબઈ । તા 14

અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા વસાહતીઓ ઓછા પૈસે કામ કરતાં હોવાથી ત્યાંના સ્થાનિક કાયદેસર ભારતીયોને ઘણો ફાયદો હતો જે હવે ગેરફાયદામાં પરિણમ્યો છે. આખા અમેરિકાના મોટા ભાગના શહેરોમાં હોટલો, રેસ્ટોરન્ટ અને સ્ટોર્સમાં ગેરકાયદેસર વસાહતીઓને લીધી ગુજરાતી માલિકોને એ રીતે જલસા હતા કારણ કે ગેરકાયદેસર વસાહતીઓ ૧૭ ડોલરથી ૨૦ ડોલર પ્રતિ કલાકના બદલે ફક્ત 10 ડોલર પ્રતિ કલાકનો ભાવ આપતા હતા. ટ્રમ્પ સરકારના આવવા સાથે જે રીતે અમેરિકામાં ઠેર ઠેર ગેરકાયદેસર વસાહતીઓનું ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા ચેકિંગ ચાલી રહ્યું છે અને અટકાયતો થઈ રહી છે તે જોતાં મોટા ભાગના ગેરકાયદેસર વસાહતીઓ નોકરીએ જવાનું ટાળી રહ્યા છે. પરિણામે મોટા ભાગના શહેરોની રેસ્ટોરન્ટ, હોટલ, સ્ટોર્સમાં હવે કાયદેસર રીતે મળતા વર્કર્સને પૂરેપૂરું મહેનતાણું આપવાનો વારો આવ્યો છે. ખાસ કરીને અહીં વસતાં ભારતીય નાગરિકો ગેરકાયદેસર વસાહતીઓને રાખીને 17 થી 20 ડોલરનું કામ 10 ડોલરમાં કરાવતા હતા જે હવે કાયદેસર ડોક્યુમેન્ટવાળા વર્કર્સને પૂરા પૈસા આપવાનો વારો આવ્યો છે.

મોટી સંખ્યામાં ગુજરાતીઓ આ રીતે રહેવા ટેવાયેલા હતાં જે અત્યારે ચિંતિત છે. શિકાગોની એક રેસ્ટોરન્ટ ચલાવતા માલિકે જણાવ્યું હતું કે અત્યારે અમને વર્કર્સ મળતા નથી. આનું મુખ્ય કારણ ગેરકાયદેસર વસાહતીઓ મોટી સંખ્યામા મળતા હતા. તેમની પાસે ડોક્યુમેન્ટ ન હોવાથી ઓછા પૈસામાં કામ કરતાં. તેની સામે તેમને પણ ફાયદો રહેતો અને અમને પણ ફાયદો રહેતો. વિદ્યાર્થીઓ કામના કલાકો પણ કાયદેસરના થઈ જતાં વિદ્યાર્થીઓ પણ નિયમ ઓળંગતા ડરે છે. બધાને એક જ વાતની ચિંતા છે કે આગળ શું થશે.

એક તરફ ગેરકાયદેસર વસાહતીઓ કારણે અનેક હોટલ, મોટલ, રેસ્ટોરન્ટ અને સ્ટોર્સના માલિકોને ફાયદો હતો પરંતુ હવે માણસો નથી મળતા. મળે છે તો મોંઘા પડે છે. હાલ તો સમગ્ર અમેરિકાના સ્ટોર માલિકો, રેસ્ટોરન્ટના માલિકો જો ગેરકાયદેસર વ્યક્તિને કે ડોક્યુમેન્ટ્સ વગરના વ્યક્તિને આશરો કે નોકરી આપે તો પહેલા તેમની સામે જ પગલાં લેવાય છે. જેના કારણે બંને તરફ ભયનું વાતાવરણ છે. આવી જ પરિસ્થિતિ રહેશે તો અહીંના લેબર માર્કેટમાં એક મોટું પરિવર્તન આવશે એવું લાગ છે. હાલમાં સ્થિતિ ખૂબ ચિંતાજનક છે. ગેરકાયદેસર રીતે રહેતા વર્કર્સનો ફાયદો ભારતીયો સહિત અમેરિકન માલિકો પણ લેતા હતા. અત્યારે ભારતીય માલિકોની સ્ટોર્સ, રેસ્ટોરન્ટસ્ વિશેષ રીતે શંકાના રડાર પર છે. સરકાર ખાસ કરીને રેસ્ટોરન્ટ્સને વધુ ટાર્ગેટ કરી રહી છે કારણ કે ગેરકાયદેસર માઈગ્રેન્ટ્સ વધુ રેસ્ટોરન્ટ્સમાં કામ કરતાં જોવા મળે છે.

### આ બંને સ્પોર્ટ ડ્રિંકની કિંમત ૧૦ રૂપિયા જ છે અને આઈપીએલ દરમિયાન જાહેરાત શરૂ થશે

# કેમ્પા કોલાએ IPLના કો-પ્રેઝન્ટેસન રાઈટ્સ રૂપિયા 200 કરોડમાં ખરીદ્યા

(એજન્સી) મુંબઈ । તા 14

રિલાયન્સ કન્ઝયુમર પ્રોડક્ટ્સની માલિકીની ડ્રિંકિંગ બેવરેજીસ બ્રાન્ડ, કેમ્પા કોલાએ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની આગામી સીઝન માટે કો-પ્રેસેન્ટેશનના રાઈટ્સ મેળવ્યા છે. ટાઈટલ સ્પોન્સર બાદ બીજા ક્રમની સૌથી મોટી દેખીતી સ્પોન્સરશિપ ડીલ સહ-પ્રસ્તૃતિકરણને માનવામાં આવે છે. રિપોર્ટ અનુસાર આઈપીએલની છેલ્લી સીઝનમાં આ અધિકારો કોકા કોલાની થમ્સ અપ પાસે રૂ. ૨૦૦ કરોડમાં હતા અને આ વર્ષે આ આઈપીએલ રાઈટ્સ કેમ્પા કોલાએ રૂ. ૨૦૦ કરોડમાં જ ખરીદીને થમ્સ અપને પછાડી છે. 'સહ-પ્રસ્તુતિકરણ / સહ-સંચાલક અધિકારો ટોચના પ્લેટફોર્મ હોય છે. કેમ્બા કોલાના આ નેશનલ બ્રાન્ડિંગ




સાથે ઉનાળાની સીઝનમાં હવે કેમ્પા કોલાની સ્પર્ધા અનેક એમએનસી કંપનીઓ સાથે રાષ્ટ્રીય સ્તરે થશે. અત્યાર સુધી અમે પસંદગીના બજારો સુધી મર્યાદિત હતા. હવે અમે ઝડપથી વિસ્તરણ તરફ આગળ વધી રહ્યાં છે અને આઈપીએલના રાઈટ્સ તેમાં જ એક હિસ્સો છે તેમ કેમ્પા કોલાના એક એક્ઝિક્યુટિવે રિપોર્ટમાં જણાવ્યું હતુ. મુકેશ અંબાણીના નેજા હેઠળનું રિલાયન્સ સમૂહ હવે તાજેતરમાં જ લોન્ચ કરેલા સ્પોર્ટ્સ ડ્રિંક સ્પિનર અને રાસ્કિક ગ્લુકો એનર્જીનું મોટા પાયે માર્કેટિંગ આ આઈપીએલ રાઈટ્સ થકી કરશે. આ બંને સ્પોર્ટ ડ્રિંકની કિંમત ૧૦ રૂપિયા જ છે અને આઈપીએલ દરમિયાન જાહેરાત શરૂ થશે. શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર મુથૈયા મુરલીધરન સાથે સહ-નિર્મિત સ્પિનરે ચાર આઈપીએલ ટીમો લખનૌ સુપર જાયન્ટ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, પંજાબ કિંગ્સ, ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ સાથે સ્પોન્સરશિપ ડીલ પણ કરી છે. કોકા-કોલા ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે તેની પાર્ટનરશિપ જાળવી રાખશે અને વધારાના સ્પોન્સરશિપ સ્લોટ મેળવશે.

# વટાણાની ડયુટી મુક્ત આયાત બંધ થવાનો કેન્દ્ર સરકારનો સંકેત

(એજન્સી) મુંબઈ । તા 14

કેન્દ્ર સરકાર સફેદ વટાણાની ડયુટી મુક્ત આયાત બંધ કરશે એવો સંકેત કેન્દ્રના અન્ન અને નાગરિક પુરવઠા તેમ જ ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ આપ્યો છે. ચણાના ઊંચા ભાવોને લઈ મોંઘવારી સામે લોકોને રક્ષણ માટે સરકાર દ્વારા અગાઉ જૂન ૨૦૨૪થી દેશમાં ડયુટી ફ્રી આયાતની અપાયેલી મંજૂરી હવે દેશમાં જુલાઈ ૨૦૨૪થી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ૨૬ લાખ ટન જેટલી પીળા વટાણા (જે અંદરથી સફેદ હોય છે)ની આયાત થઈ ગઈ હોઈ અને માલભરાવાની સ્થિતિને લઈ ડયુટી ફ્રી આયાત અટકાવવામાં આવે એવી શકયતા છે.દિલ્હી ખાતે યોજાયેલા કઠોળ પરના કોન્કલેવ ૨૦૨૫ની સાથે સાથે તેમણે આ બાબતનો સંકેત આપ્યો હતો. આ મામલે વિવિધ ખાતાના મંત્રીઓની મીટિંગમાં આ મામલે નિર્ણય લેવાય એવી શકયતા છે. આજે મોડી સાંજે આ બાબતે મીટિંગમાં વટાણાની આયાત પર કેટલી ડયુટી લાગુ કરવી એ વિશે વિચારણા થવાનું સુત્રોએ જણાવ્યું હતું. આ વિશે એક અન્ય અધિકારીએ પોતાની ઓળખ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે, પીળા વટાણા( જે અંદરથી સફેદ હોય છે)ની આયાત પર ૧૦થી ૨૦ ટકા આયાત ડયુટી લાગુ કરવા ચર્ચા થઈ રહી છે. એક તરફ સરકાર કઠોળમાં ભારતને આત્મનિર્ભર બનાવવા પર ફોક્સ કરી રહી છે, ત્યારે બીજી બાજુ તુવેર અને ચણા બન્નેના ભાવો નીચા રાખવાની નીતિ અપનાવી રહી છે, ત્યારે હવે આ નીતિની સમીક્ષા થવાની શકયતા છે.આ દરમિયાન દેશમાં વટાણાની ડયુટી ફ્રી આયાતની જૂન ૨૦૨૪માં મંજૂરી બાદથી બહુરાષ્ટ્રીય કંપનીઓએ ગજા બહારની આયાત કરી લીધી હોવાનું અને હવે આ જ કંપનીઓ સરકાર પાસે ડયુટી લાદવા માંગ કરી રહ્યાનું સૂત્રો જણાવી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, અગાઉ સરકારે પીળા વટાણાની ડયુટી ફ્રી આયાતને ૩૧, ડિસેમ્બર ૨૦૨૪ સુધી મંજૂરી આપી હતી. જે મુદત લંબાવીને ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવી હતી.

### ભારતમાં નિયો-ક્લાસિક મોટરસાયકલ સેગમેન્ટને પુનઃવ્યાખ્યાયિત કરે છે

# જાવા યેઝદી મોટરસાયકલ્સે જાવા 42 FJની શાનદાર સફળતાની ઉજવણી કરી

(એજન્સી) મુંબઈ । તા 14

જાવા યેઝદી મોટરસાયકલ્સ જાવા 42 FJની શાનદાર સફળતાની જાહેરાત કરતા ગર્વ અનુભવે છે, જે એક મોટરસાયકલ છે જેણે ભારતમાં નિયો-ક્લાસિક સેગમેન્ટને પુનઃવ્યાખ્યાયિત કર્યું છે. સ્વતંત્રતા અને વ્યક્તિત્વની ભાવનાની ઉજવણી કરવા માટે રચાયેલ જાવા 42 FJએ કાલાતીત ડિઝાઈન અને અદ્યતન ટેક્નોલોજીનાં જોડાણ મારફતે દેશભરનાં રાઈડર્સ વચ્ચે લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. જાવાનાં વિઝનરી ફાઉન્ડર Frantiek Janeekનાં નામ પરથી રાખવામાં આવેલ આ મોટરસાઈકલ આજના ઉત્સાહીઓ માટે બોલ્ડ અને આધુનિક રાઈડિંગ અનુભવ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. દેશભરના 120થી વધુ શહેરોમાં આ ઉજવણી રાઈડર્સ વચ્ચે ઉત્સાહ પેદા કરે છે, જેમાં 150થી વધુ ઈવેન્ટ્સ 5,400થી વધુ ઉત્સાહી રાઈડર્સને એકત્ર કરે છે.




તે જાવાના શ્રેષ્ઠતાના વારસાને વધુ મજબૂત બનાવે છે અને મોટરસાયકલિંગ અનુભવોને ફરીથી વ્યાખ્યાયિત કરે છે. મોટરસાયકલની જાવા યેઝદી મોટરસાયકલ્સનાં ચીફ બિઝનેસ ઓફિસર શરદ અગરવાલે કહ્યું કે, "42 FJ એ દરેક વસ્તુનું પ્રતિનિધિત્વ કરે છે જે એક મોટરસાયકલ માટે જરૂરી છે જેમકે બોલ્ડ, વિશિષ્ટ અને રોમાંચક. જ્યારે અમે આ મોટરસાઈકલ બનાવવાનું નક્કી કર્યું, ત્યારે અમારો હેતુ ફક્ત નવા માપદંડો સ્થાપિત કરવાનો નહોતો; અમે કંઈક એવું બનાવવા માંગતા હતા જે રાઈડર્સના હૃદયને થ્રોટલ ફેરવતા પહેલા જ દોડાવી દે. અમે જે હાંસલ કર્યું છે તે એક એવું મશીન છે જે ફક્ત શાનદાર પ્રદર્શન જ કરતું નથી - તે આત્માને પ્રફૂલ્લિત કરે છે. અમારી માન્યતાનો પુરાવો છે કે ઉત્તમ ડિઝાઈન અને એન્જિનિયરિંગ ફક્ત ટિક બોક્સ નહીં, પણ ભાવનાઓને પણ જગાડવા જોઈએ. રાઈડર્સ તરફથી મળેલો જબરદસ્ત પ્રતિસાદ અમને જણાવે છે કે અમે ખરેખર કંઈક ખાસ બનાવ્યું છે - એક મોટરસાઈકલ જેની પાછળ જે ટેકનોલોજી નો ઉપયોગ થયો છે એટલો જ આનંદ લાવે છે.

# બાણગંગા પેપર ઈન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ 25ના ત્રીજા ક્વાર્ટરમાં ₹2079 લાખની કુલ આવક નોંધાવી છે

(એજન્સી) નાશિક। તા 14

બાણગંગા પેપર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (BSE - 512025), (અગાઉ ઈનર્ટિયા સ્ટીલ લિમિટેડ તરીકે ઓળખાતી), ક્રાફ્ટ પેપરની વિવિધ શ્રેણીના અગ્રણી ઉત્પાદકો અને સપ્લાયરોમાંની એક, એ તેના નાણાકીય વર્ષ 25 ના Q3 અને 9M ના પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય કામગીરી અંગે ટિપ્પણી કરતા, બાણગંગા પેપર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કારબારી દાથ્રકે જણાવ્યું હતું કે, 'અમે નાણાકીય વર્ષ 25 ના ત્રીજા ક્વાર્ટરમાં અમારા સારા પ્રદર્શનથી ખુશ છીએ, જે અમારી અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓ અને અમારી સંપૂર્ણ માલિકીની પેટાકંપની, બાણગંગા પેપર મિલ્સની સતત વૃદ્ધિને કારણે છે. દરરોજ 100 મેટ્રિક ટનથી વધુ ક્રાફ્ટ પેપરનું ઉત્પાદન કરતી અત્યાધુનિક સુવિધા સાથે, અમે ટકાઉ અને ઉચ્ચ-ગુણવત્તાવાળા કાગળ ઉત્પાદનોની વધતી માંગને પહોંચી વળવા માટે સારી સ્થિતિમાં છીએ. રિસાયકલ કરેલી સામગ્રીના ઉપયોગ અને કાર્યક્ષમ સંસાધન વ્યવસ્થાપન સહિત પર્યાવરણને અનુકૂળ ઉત્પાદન પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા, ઉદ્યોગમાં એક મુખ્ય તફાવત રહે છે. આગળ જોતાં, અમે અમારી વૃદ્ધિ ગતિ જાળવી રાખવામાં, અમારી કાર્યકારી શક્તિઓ અને બજાર તકોનો લાભ લઈને આગામી ક્વાર્ટરમાં સતત વૃદ્ધિ પ્રાપ્ત કરવામાં વિશ્વાસ રાખીએ છીએ.' બાણગંગા પેપર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (અગાઉ ઈનર્ટિયા સ્ટીલ લિમિટેડ તરીકે ઓળખાતી) ક્રાફ્ટ પેપરની વિવિધ શ્રેણીના અગ્રણી ઉત્પાદકો અને સપ્લાયર્સમાંની એક છે. કંપનીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, બાણગંગા પેપર મિલ્સ, નાસિકના ડિંડોરી ખાતે સ્થિત છે અને 10,000 ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી એક અત્યાધુનિક સુવિધા ચલાવે છે. દરરોજ 100 મેટ્રિક ટનથી વધુની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા સાથે, આ સુવિધા વિવિધ GSM રેન્જ સાથે વિવિધ પ્રકારના કોરુગેટેડ પેપર્સનું ઉત્પાદન કરે છે, જેનો ઉપયોગ પેપર બેગ, પેપર કોન, બોર્ડ અને કોરુગેટેડ બોક્સના ઉત્પાદનમાં પણ થાય છે. વધુમાં, તે વિવિધ GSM રેન્જમાં ઉપલબ્ધ ક્રાફ્ટ પેપરની વિશાળ શ્રેણીનું ઉત્પાદન કરે છે. ટકાઉપણું માટે પ્રતિબદ્ધ, કંપની રિસાયકલ કરેલા કાગળનો ઉપયોગ કરીને તેના ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે, જે ઉત્પાદન માટે પર્યાવરણને અનુકૂળ અભિગમ સુનિશ્ચિત કરે છે. કંપનીના ઉત્પાદનો ફૂડ-ગ્રેડ છે, જે તેમને ફળો, શાકભાજી અને અન્ય ખાદ્ય વસ્તુઓના પેકેજિંગ માટે આદર્શ બનાવે છે.

# રૂપિયાનું અવિરત ધોવાણ ઈમ્પોર્ટેડ ઈન્ફ્લેશનના જોખમમાં સતત વધારો કરે છે

(એજન્સી) મુંબઈ । તા 14

યુએસ ડોલર સામે ભારતીય રૂપિયાના સતત ધોવાણને પગલે આયાત મોંઘી થતાં ફુગાવાનો દર વધશે એવી ભીતિ ઊભી થઈ છે. નિષ્ણાતો આને ઈમ્પોર્ટેડ ઈન્ફ્લેશન ગણાવે છે.આ ઉપરાંત ભારતની કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ (સીએડી) પણ વધશે એવો ભય છે. જોકે રૂપિયાનૂં મૂલ્ય ઘટતા એક્સપોર્ટની આવક વધવાની હોવાથી સીએડીમાં વધારો સીમિત રહેશે એવું પણ નિષ્ણાતો જણાવી રહ્યા છે. બીજી તરફ સ્થાનિક ઉત્પાદકોને આયાતી માલ સાથે જે સ્પર્ધા કરવી પડે છે તેમાં પણ ઘટાડો થશે કારણ કે રૂપિયો ઘટતા આયાતકારોના કારોબારનું કદ ઘટી શકે છે. જોકે બીજી તરફ સ્થાનિક ઉત્પાદકોને આયાતી કાચો માલસામાનનો ભાવ વધતાં તેમની પડતર કિંમત વધી શકે છે. આયાતી કાચા માલસામાનની કિંમત વધતાં જથ્થાબંધ ફુગાવાનો દર વધી શકે છે અને ઉત્પાદકો પડતર કિંમતમાં વધારો ગ્રાહકો પર પાસ ઓન કરવાના હોવાથી અંતે રિટેલ ફુગાવાનો દર પણ સમયાંતરે વધે છે. ઓક્ટોબરથી અત્યાર સુધીમાં યુએસ ડોલર સામે ભારતીય રૂપિયો 4 ટકા જેટલો ઘટયો છે, જ્યારે 2025માં અત્યાર સુધીમાં આ ઘટાડો 2 ટકા જેટલો રહ્યો છે. સોમવારે રૂપિયાએ ઈન્ટ્રા ડેમાં 87.9550ની ઓલટાઈમ લો સપાટી બનાવી હતી. ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર 25 ટકા નવી ડયુટી લાદવાનો ઈરાદો રવિવારે વ્યક્ત કર્યો તેના પગલે રૂપિયામાં આટલું ધોવાણ થયું હતું. નિષ્ણાતોના મતે હાલમાં જે વૈશ્વિક અનિૃતિતાઓ ઊભી થઈ છે અને ભારતીય શેરબજારમાં જે પ્રકારે વિદેશી ફંડો તેમનું રોકાણ પાછું ખેંચી રહ્યા છે તેને ધ્યાનમાં રાખતાં વર્ષ 2025ના અંતે સુધીમાં રૂપિયો વધુ ઘટીને 89ની સપાટીએ પહોંચી જાય તો નવાઈ રાખવા જેવું નથી. ખુદ આરબીઆઈએ કરેલી ગણતરી મુજબ ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં 5 ટકાનો ઘટાડો થાય તો તેના કારણે રિટેલ ફુગાવાના દરમાં 30થી 35 બેસિસ પોઈન્ટનો વધારો થઈ શકે છે. આરબીઆઈએ વર્ષ 2025-26માં રૂપિયાનું સરેરાશ મૂલ્ય 87 અને રિટેલ ફુગાવાનો દર સરેરાશ 4.2 ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. રૂપિયાનું ધોવાણ થાય એટલે સૌથી મોટી ચિંતાનો વિષય ક્રુડની આયાતનું બિલ છે. ભારત તેની ક્રુડની જરૂરિયાતને સંતોષવા માટે 85 ટકા જેટલા પ્રમાણમાં આયાત પર નિર્ભર છે. બીજુ પોલિમર અને પેટ્રોકેમિકલના વપરાશકારોને પણ આના કારણે વધુ ભાવ ચુકવવા પડશે કારણ કે તેમના ભાવ પણ ક્રુડની આયાતના ભાવ પર જ નિર્ભર કરે છે.

# ઘરઆંગણે સોનાચાંદી ઊંચકાયા: વૈશ્વિક ચલણો સામે રૂપિયો નરમ પડયો

(એજન્સી) મુંબઈ । તા 14

વિશ્વ બજારમાં ગોલ્ડના ભાવ ફરી ઊંચકાતા ઘરઆંગણે કિંમતી ધાતુમાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. અમેરિકામાં ફુગાવો વધીને આવતા વ્યાજ દરમાં કપાત લંબાઈ જવાની ધારણાં તથા ટ્રમ્પ દ્વારા છેડાયેલી ટ્રેડ વોર વચ્ચે વૈશ્વિક સ્તરે હાલમાં ઊભી થયેલી આર્થિક અનિશ્ચિતતાને પગલે ગોલ્ડમાં રોલરકોસ્ટર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. સોના પાછળ અન્ય કિંમતી ધાતુ ચાંદી તથા પ્લેટિનમમાં પણ સુધારી તરફી પવન રહ્યો હતો. રશિયા - યુક્રેન વચ્ચે શાંતિ મંત્રણાના અહેવાલ વચ્ચે ક્રુડ તેલમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ક્રુડ તેલના ભાવમાં ઘટાડા અને ઈક્વિટી બજારમાં સ્થિરતાને પગલે ડોલર સામે રૂપિયો સાધારણ નરમ બંધ રહ્યો હતો. અન્ય મુખ્ય ચલણો સામે પણ રૂપિયામાં નરમાઈ જોવાઈ હતી. ઘરઆંગણે મુંબઈ બજારમાં ૯૯.૯૦ સોનાના દસ ગ્રામના જીએસટી વગરના ભાવ બુધવારની સરખામણીએ રૂપિયા ૯૦૦ જેટલા વધી રૂપિયા ૮૫૭૪૮ રહ્યા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ૯૯.૫૦ના દસ ગ્રામના ભાવ રૂપિયા ૮૫૪૦૫ બોલાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના જીએસટી વગરના ભાવ રૂપિયા ૧૩૬૦ વધી રૂપિયા ૯૫૫૪૯ કવોટ થતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. અમદાવાદ બજારમાં સોનું ૯૯.૯૦ પ્રતિ દસ ગ્રામ રૂપિયા ૮૮૫૦૦ જ્યારે ૯૯.૫૦ના ભાવ રૂપિયા ૮૮૨૦૦ કવોટ થતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના ૯૫૦૦૦ મુકાતા હતા.

# ફેડએક્સ લોકોને કુરિયર સ્કેમ્સ સામે સતર્ક રહેવા વિનંતી કરે છે

(એજન્સી) મુંબઈ । તા 14

વિશ્વની સૌથી મોટી એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટેશન કંપની ફેડરલ એક્સપ્રેસ કોર્પોરેશન ('ફેડએક્સ') એ ભારતમાં ફેડએક્સ કર્મચારીઓના નામે છેતરપિંડીભરી પ્રવૃત્તિઓ થઈ રહી હોવાથી લોકોને સતર્ક રહેવા વિનંતી કરી છે. આ કૌભાંડો ઘણીવાર પીડિતોને નાણાકીય નુકસાન અને ભાવનાત્મક તકલીફમાં પરિણમે છે. **કૌભાંડને સમજવું:** સ્કેમર્સ ફેડએક્સ સહિત કુરિયર પ્રતિનિધિઓની નકલ કરે છે, ખોટી રીતે દાવો કરે છે કે તમારા પાર્સલમાં ગેરકાયદેસર વસ્તુઓ છે. પીડિતોને નકલી કાયદા અમલીકરણ અધિકારીઓ સાથે જોડે છે જેઓ કાનૂની કાર્યવાહી અથવા ડિજિટલ ધરપકડની ધમકી આપે છે અને મુશ્કેલી ટાળવા માટે તાત્કાલિક ચુકવણીની માંગ કરે છે. એકવાર પૈસા ટ્રાન્સફર થયા પછી, સ્કેમર્સ અદ્રશ્ય થઈ જાય છે, જેનાથી પીડિતોને નુકસાન થાય છે. **તમારા જાણવા લાયક બાબતો:** ફેડએક્સ તમારા એકાઉન્ટ ઓળખપત્રો અથવા ઓળખ સંબંધિત કોઈપણ વ્યક્તિગત માહિતી અનિચ્છનીય મેઈલ, ઈમેઈલ અથવા ટેક્સ્ટ દ્વારા માંગતું નથી. ફેડએક્સ કાયદા અમલીકરણ અધિકારીઓ સાથે જોડાયેલ નથી અને તેમના વતી કાર્ય કરતું નથી. કુરિયર સેવાઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતા અથવા નકલી કાયદા અમલીકરણ અધિકારીઓની સંડોવણી ધરાવતા ધમકીભર્યા કોલ્સથી સાવચેત રહો. ધમકીઓ અથવા શંકાસ્પદ વિનંતીઓના જવાબમાં પૈસા ટ્રાન્સફર કરશો નહીં. જો તમે આવા કૌભાંડનો ભોગ બન્યા છો, તો 1930 પર ફોન કરીને અથવા cybercrime.gov.in પર જઈને તરત જ તેની જાણ કરો. **પોતાને સુરક્ષિત રાખવા માટે સલામતી ટિપ્સઃ સાવચેત રહો:** ફેડએક્સ અથવા અન્ય કુરિયર પ્લેટફોર્મનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતા અવાંછિત સંદેશાવ્યવહારથી હંમેશા સાવચેત રહો. **પગલાં લેતા પહેલા ચકાસણી કરો:** શંકાસ્પદ સંદેશાઓ અથવા કોલ્સને સત્તાવાર ગ્રાહક સેવા ચેનલો દ્વારા તપાસો. **ઉતાવળમાં ચૂકવણી કરવાનું ટાળો:** સ્ત્રોતની પુષ્ટિ કર્યા વિના ક્યારેય પૈસા ટ્રાન્સફર કરશો નહીં અથવા વ્યક્તિગત માહિતી શેર કરશો નહીં. **ઘટનાઓની જાણ કરો:** સ્થાનિક કાયદા અમલીકરણનો સંપર્ક કરો અથવા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 અથવા cybercrime.gov.in પર છેતરપિંડીની જાણ કરો.

# MG હેક્ટર પોતાના વર્ગમાં શ્રેષ્ઠ વેલ્યૂ ફોર મની SUV તરીકે યથાવત્

(એજન્સી) મુંબઈ । તા 14

JSW MG મોટર ઈન્ડિયાની મુખ્ય SUV કાર MG હેક્ટર સ્ટાઈલ, મોકળાશ, આરામદાયકતા અને ટેકનોલોજીનો સમન્વય શોધી રહેલા ભારતીય કાર ખરીદદારો માટે એક સારો વિકલ્પ બની રહી છે, જેના માટે કોઈજ ભારે કિંમત ચુકવવાની જરૂર નથી અને માસિક ₹500 રૂપિયાના જાળવણી ખર્ચ આવે છે. પ્રીમિયમ હેચબેકની તુલનામાં ઓછા જાળવણી ખર્ચ સાથે, MG હેક્ટર 2024માં SUV સેગમેન્ટમાં એક સ્માર્ટ રોકાણ તરીકે અલગ તરી આવી છે. ભારતની સૌથી પહેલી ઈન્ટરનેટ SUV 'MG હેક્ટર' લોન્ચ થઈ ત્યારથી જ ભારતીય SUV ઉત્સાહીઓમાં પોતાનું એક વિશિષ્ટ સ્થાન બનાવી ચૂકી છે. તે વૈભવી, કાર્યક્ષમતા અને બોલ્ડ, આઈકોનિક ડિઝાઈનનું પરફેક્ટ મિશ્રણ રજૂ કરે છે. ટેકનોલોજી દ્વારા સંચાલિત સુવિધાઓથી ભરપૂર અને આરામદાયક સવારી પ્રદાન કરતી, હેક્ટરમાં આધુનિક ડ્રાઈવરની પૂરતી કાળજી રાખવામાં આવી છે. હેક્ટરમાં પ્રભાવશાળી સુવિધાઓ ઉપરાંત, તેના માલિક બનવા માટેની ઓછી માલિકી કિંમત, ઉચ્ચ રિસેલ વેલ્યૂ અને નિર્વિવાદ ગુણવત્તાના કારણે તે અન્યથી અલગ તરી આવે છે



અને આ ઉદ્યોગમાં એક માપદંડ સ્થાપિત કરે છે. ભારતની પહેલી ઈન્ટરનેટ SUV, MG હેક્ટર 2019માં રજૂ કરવામાં આવી હતી અને ત્યારથી તેણે SUV માટે એક નવો દરજ્જો પ્રસ્થાપિત કર્યો છે. MG હેક્ટર ડ્યૂઅલ પેન પેનોરેમિક સનરૂફ જેવી કેટલીક શ્રેષ્ઠ સવલતો સાથે, તેનું ડીઝલ વેરિઅન્ટ પાવર અને પર્ફોર્મન્સ શોધી રહેલા SUV ઉત્સાહીઓ માટે એક અપવાદરૂપ પેકેજ છે, જેમાં ટેકનોલોજીનો સ્પર્શ અને શ્રેષ્ઠ પરફોર્મન્સનો સમન્વય છે. ઉદ્યોગની શ્રેષ્ઠ 35.56 સેમી (14 ઈંચ) HD ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ, 75+ કનેક્ટેડ કાર વિશેષતાઓ, સલામતી માટે અદ્યતન ખાસિયતો, ડ્યૂઅલ-પેન પેનોરેમિક સનરૂફ અને અન્ય આવી જ આકર્ષક સુવિધાઓ સાથે, SUV ઉત્સાહીઓને અસાધારણ અને વિશિષ્ટ અનુભવો પ્રદાન કરવા માટે હેક્ટરને ડિઝાઈન કરવામાં આવી છે. સુવિધાથી ભરપૂર આ SUV બોલ્ડ ડિઝાઈન અને સરળ, આરામદાયક સવારી ઈચ્છતા ટેક-સેવી ખરીદદારોની વિશેષ કાળજી રાખે છે. 5, 6 અને 7-સીટર કન્ફિગરેશનમાંમાં ઉપલબ્ધ, MG હેક્ટર 13.99 લાખ (એક્સ-શોરૂમ)ની આકર્ષક પ્રારંભિક કિંમતથી ઉપલબ્ધ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-3

# મોદી-ટ્રમ્પની મુલાકાત કેવી રંગ લાવશે?



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફ્રાન્સમાં એઆઇ શિખર સંમેલનમાં ભાગ લીધા બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પના આમંત્રણ પર અમેરિકા પહોંચ્યા છે. પોતાની ઐતિહાસિક જીત સાથે સત્તામાં પાછા ફરેલા ટ્રમ્પના તેવર ઘણા આક્રમક છે. તેથી મોદીની આ યાત્રા ભારત-અમેરિકાના સંબંધોમાં પ્રગતિ અને સ્થિરતા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ટ્રમ્પે સત્તા સંભાળતાં જ સૌથી પહેલાં એ દેશો પર નિશાન સાધવાનું શરૂ કર્યું, જ્યાંથી મોટી સંખ્યામાં ગેરકાયદે પ્રવાસી આવી રહ્યા છે અને જેમની સાથે વેપાર ખાધ થઈ રહી છે. તેમણે મેક્સિકો એંજ કેનેડા પર ૨૫ ટકા તથા ચીન પર ૧૦ ટકા ટેરિફ લગાવવાનુ એલાન કર્યું, પરંતુ ચૂંટણી પ્રચારમાં ટેરિફ કિંગની સંજ્ઞા આપવા છતાં ભારત પર ટેરિફની જગ્યાએ ગેરકાયદે પ્રવાસીઓ માટે નિશાન સાધ્યું. અમેરિકામાં મેક્સિકો અને અલ સાલ્વાડોર બાદ સૌથ મોટી સંખ્યામાં ગેરકાયદે પ્રવાસીઓ ભારતથી જ જાય છે. અમેરિકામાં હવે ભારતીયોની સંખ્યા લગભગ ૫૦ લાખ થઈ ગઈ છે જેમાંથી ૭,૨૫,૦૦૦ એવા છે જે કાં તો ગેરકાયદે માર્ગે ઘૂસણખોરી કરીને આવ્યા છે કે પછી કાયદેસર દસ્તાવેજો વગર રહે છે. એવું નથી કે ભારતથી ગયેલા ગેરકાયદે પ્રવાસીઓને અમેરિકાએ પહેલી વાર દેશથી હાંકી કાઢ્યા છે. ગયા વર્ષે જ ૧૦૦૦થી વધારે ભારતીયોને કાઢવામાં આવ્યા હતા. ૨૦૧૮થી ૨૦૨૩ વચ્ચે લગભગ ૫૫૦૦ ભારતીયોને કાઢવામાં આવ્યા, જેમાંથી ૨૩૦૦ એકલા ૨૦૨૦માં કાઢવામાં આવ્યા હતા. જોકે અત્યાર સુધી ભારતીયોને સેનાના વિમાનમાં બેડીઓ-હાથકડીઓ પહેરાવીને નહોતા કાઢવામાં આવ્યા. કોઈપણ દેશમાં ગેરકાયદે માર્ગે ઘૂસણખોરી ગંભીર અપરાધ છે. ભારત જેવો મોટો દેશ ના તેનો બચાવ કરી શકે કે ના તેને ઉત્તેજન આપી શકે. તેથી ભારતે પોતાના ગેરકાયદે પ્રવાસીઓને પાછા લેવામાં પૂરો સહયોગ આપવાની ઓફર કરી, પરંતુ ભારત જેવો સ્વાભિમાની દેશ એ પણ સહન ન કરે કે સહયોગની ઓફર બાદ પણ તેના નાગરિકોને બેડીઓ-હાથકડીઓ પહેરાવીને સૈનિક વિમાનોથી મોકલવામાં આવે. તેને લીને ભારતમાં રાજકીય બબાલ થવી સ્વાભાવિક હતી. સંસદમાં પહેલાં તો વિદેશ મંત્રી એસ.જયશંકરે તેને નિર્વાસનની સ્થાપિત અમેરિકી પ્રક્રિયા ગણાવીને હાથ ખંખેરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ વધતા આક્રોશ પર વિદેશ સચિવે સફા આપતાં સ્વીકાર કર્યો કે ભારતે અમેરિકી સરકાર સમક્ષ પોતાના નાગરિકોના અપમાનનો મુદ્દો ઉઠાવ્યો છે, કારણ કે જ્યારે આ જ શૈલીમાં બ્રાઝિલના નાગરિકોને પાછા મોકલવામાં આવ્યા હતા ત્યારે બ્રાઝિલ સરકારે પણ વિરોધ નોંધાવ્યો હતો. કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેત્રો તો એટલા નારાજ થયા હતા કે અમેરિકી સૈનિક વિમાનને પોતાની ધરતી પર ઉતરવાને પ્રભુસત્તા પર અતિક્રમણ ગણાવીને વિમાનને ઉતરવા નહોતું દીધું અને બાદમાં ઊંચા ટેરિફની ધમકીથી ગભરાઈને પોતાના નાગરિકોને પાછા લાવવા માટે પોતાનાં વિમાન મોકલ્યાં હતાં. મેક્સિકો, કેનેડા, ચીન અને કોલંબિયા વિરુદ્ધ ટ્રમ્પની આવેશભરી ઘોષણાઓ બાદના ઘટનાક્રમને જોવામાં આવે તો મામૂલી મોલભાવ બાદ ટ્રમ્પે પોતાના પગલાં અટકાવી દીધાં છે કે પાછાં ખેંચ્યાં છે. એવું લાગે છે કે તે અમેરિકી રાજનીતિ અને વિશ્વ વ્યવસ્થા પર પોતાની છાપ છોડવાની ઉતાવળમાં છે, તેથી ધ્યાન ખેંચવા માટે સનસનીખેજ ઘોષણાઓ કરતા રહે છે અને મામૂલી રાહત મળતાં જ પોતાની જીત ગણાવીને પીછેહઠ કરી જાય છે. તેથી લાગે છે કે ભારતે અમેરિકા સાથે ઉત્તરોત્તર પ્રગાઢ થતા સંબંધોને માટે સંયમથી કામ લઈને યોગ્ય જ કર્યું છે. પોકળ ધમકીથી ડરાવીને મોલભાવની બાજગરના આ ખેલની હકીકત અમેરિકાના સૌથી મોટા વેપારી ભાગીદાર કેનેડા, મેક્સિકો અને ચીન સમજી ચૂક્યા છે. બીજા દેશોના કૂટનીતિજ્ઞો અને મીડિયાએ પણ તેને સમજવું પડશે. ગેરકાયદે પ્રવાસીઓની વાત કરીએ તો અમેરિકામાં તેમની સંખ્યા એક કરોડથી વધારે થઈ ગઈ . પોલીસ સરેરાશ ૨૦૦૦ લોકોને રોજ પકડે છે. જેમાંથી મોટાભાગના પર્યાપ્ત સંસાધનોના અભાવે પાછા નથી મોકલી શકાતા. ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ સૈનિક વિમાનો અને વધારાના અધિકારીઓને આ કામ પર લગાવ્યા છે. એક તો આ કામમાં નાગરિક વિમાનોની તુલનામાં દસ ગણાથી વધારે ખર્ચ આવે છે અને બીજું, જો ૩૦૦૦ને પણ રોજ પાા મોકલવામાં આવે તો પણ આટલા લોકોને કાઢવામાં દસ વર્ષથી વધારે સમય લાગી જાય.

## રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દાહોદ ટીમ દ્વારા અધિકારી-પદાધિકારીઓની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી



દિપક રાવલ દાહોદ । લીમખેડા

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દાહોદ જિલ્લા (વિદ્યાલય શિક્ષા) ટીમ દ્વારા માનનીય જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી કરણસિંહ ડામોર, માનનીય જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્મિત લોઢા, માનનીય જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સુરેન્દ્રસિંહ દામા, માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી આરતસિંહ એ બારીયા તથા માનનીય ડાયટ પ્રાચાર્ય શ્રી રાજેશભાઈ મુનિયાની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી. સાથે-સાથે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-નવી દિલ્હી દ્વારા પ્રકાશિત વાર્ષિક કેલેન્ડર (પંચાગ)પણ શુભેચ્છા મુલાકાતમાં આપવામાં આવ્યું. સંગઠન દ્વારા વાર્ષિક કરવામાં આવતા રચનાત્મક કાર્યોની માહિતી આપવામાં આવી.SSC / HSC બોર્ડની પરીક્ષા સંદર્ભે પણ ચર્ચાઓ કરવામાં આવી.

### ખેડા જિલ્લા પોલીસની અદભૂત અને અવિસ્મરણીય કામગીરી

# ભાઈ-બહેનની આંખો પરથી પોલીસે સવા બે વર્ષ પહેલાં થયેલી હત્યાનો ભેદ ઉકેલ્યો

ખેડા । અશેષ વ્યાસ

પોલીસ પ્રજાનો સાચો મિત્ર, ના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરીને પોલીસનું ગૌરવ વધાર્યુ છે. માટે જ, આવી અદભૂત અને અવિસ્મરણીય કામગીરી કરવા બદલ આજે કલેક્ટર કચેરી ખાતે પોલીસકર્મી શ્રી પ્રદીપસિંહનું જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ અને પોલીસ અધિક્ષકશ્રી રાજેશ ગઢિયા દ્વારા પ્રમાણપત્ર એનાયત કરીને સન્માન કરાયું હતું. અધિક નિવાસી કલેક્ટર શ્રી જે.બી.દેસાઈ દ્વારા પણ પોલીસકર્મી શ્રી પ્રદીપસિંહનું સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રી અને પોલીસ અધિકક્ષશ્રી દ્વારા એલ.સી.બીના પોલીસ ઈન્સપેક્ટરશ્રી કે.આર.વેકરીયાને પણ તેમની સફળ આગેવાની માટે શુભેચ્છા આપી હતી. નડિયાદના બિલોદરા પાસે સવા બે વર્ષ પહેલા મહિલાની હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ મૃતદેહ પાસેથી 3 વર્ષની નાની બાળકી મળી આવી હતી. તેવો જ અન્ય ગુનો પાડોશી આણંદ જિલ્લામાં અઠવાડિયા અગાઉ થયેલો હતો. આણંદ નજીક બનેલા ગુનામાં 5 વર્ષના બાળકનો બચાવ થયો હતો. આ બંને કેસની તપાસ પોલીસ દ્વારા ચાલતી હતી. વધુ તપાસ કર્યા બાદ એક વસ્તુ કોમન આવી હતી કે તરછોડાયેલા બંને બાળકોની આંખો સરખી આવે છે. એટલે પોલીસે આ બાળકોને વિડિયો કોલ મારફતે ભેટો કરાવતા બંનેએ એકબીજાને ઓળખ્યા હતા. પોલીસે આ બંને બાળકો જે નામ તેમના પિતાનું કહેતા હતા તેમને શોધીને પોલીસે અમદાવાદથી પકડી લાવતા નડિયાદ નજીક પોતાની પત્નીને સવા બે વર્ષ અગાઉ હત્યા કરી હોવાનું અને પોતાની આ દિકરીને મારી નાખવાના ઈરાદે ઈજા પહોંચાડી હોવાની તેમજ તાજેતરમાં આણંદ નજીક તેના 5 વર્ષના પુત્રને આ રીતે ઈજા પહોંચાડી મારી નાખવાની કોશિશ કરી હોવાનું કહ્યું હતું.

**પોલીસકર્મી શ્રી પ્રદીપસિંહનું જિલ્લા કલેકટરશ્રી અને પોલીસ અધિક્ષક દ્વારા પ્રમાણપત્ર આપી કરાયુ સન્માન**



## શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે માતૃ-પિતૃ પૂજન દિવસની ઉજવણી કરવામાં આવી



દિપક રાવલ દાહોદ । લીમખેડા

ભારતીય સંસ્કૃતિના આદર્શો અને સંસ્કારોને ઉજાગર કરતો અવસર માતૃ પિતૃ પૂજન દિવસની ઉત્સાહભેર ઉજવણી શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે કરવામાં આવી હતી કાર્યક્રમ માં શાળાના કે જી વિભાગ ના નાના નાના બાળકો દ્વારા માતા પિતા ના આશીર્વાદ મેળવતા વિવિધ ડાન્સો અને મનમોહક સ્પીચ રજૂ કરી હતી નાના બાળકોના વિવિધ ડાન્સો દેખી મોટી સંખ્યામાં માં ઉપસ્થિત મહેમાનો મંત્રમુગ્ધ થયા હતા કાર્યક્રમ માં હસ્તેશ્વર મહાદેવ મંદિર ના મહંત શ્રી તુરંતપુરી મહારાજ પ્રમુખશ્રી ધનાભાઈ ભરવાડ. મંત્રીશ્રી ભરતભાઈ ભરવાડ સનાતન વર્લ્ડ પરિવાર ના પ્રદેશ પ્રચારક રિંકેશભાઈ જાદવ રાકેશભાઈ ભરવાડ સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

## લીલીયામોટા સરકારી કોલેજ ખાતે ઈનોવેશન ક્લબ અંતર્ગત બે દિવસીય ટ્રેનિંગ નું સફળ આયોજન કરાયું

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ માં INOVATION CLUB અંતર્ગત કોલેજના આચાર્યશ્રી ડો. રાજેન્દ્રસિહ એ. રાઠોડ (GES-I) ના નેતૃત્વમાં તથા ડો. મહેશ એસ. ગઢિયા (આસી. પ્રો. સમાજશાસ્ત્ર અને INOVATION CLUB કો- ઓર્ડીનેટર ) દ્વારા તા. ૧૨-૦૨-૨૦૨૫ થી ૧૩-૦૨-૨૦૨૫ સુધી બે દિવસીય DIY કીટ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવેલ હતું. અત્રેની વિનયન અને વાણીજ્ય શાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઈનોવેશન કરી શકે અને આ ક્ષેત્રમાં પોતાનું ઉચ્ચતમ યોગદાન આપી શકે તેવા ઉમદા હેતુથી આ બે દિવસીય ટ્રેનીંગનું આયોજન કેસીજી - અમદાવાદ ના સાથ અને સહકારથી કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટ્ય થી કરવામાં આવેલ હતી. ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડો. રાજેન્દ્રસિહ એ. રાઠોડ (GES-I) દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્બોધન આપવામાં આવેલ હતું. ત્યારબાદ ટ્રેનીંગના ટ્રેનર શ્રી અનુજ મિશ્રા દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ ટેકનીકલ કીટો જેમ કે બેઝીક ઈલેક્ટ્રોનીકસ કીટ, એડવાન્સ ઈલેક્ટ્રોનીકસ કીટ,એડવાન્સ સાયંસકીટ,વિ.આર. ગ્લોબલ કીટ, એનર્જી કન્ઝર્વેશન કીટ,અર્થ સાયંસ કીટ જેવી વગેરે ટેકનીકલ કીટોનું થીયરી અને પ્રેક્ટીકલ માધ્યમથી ખુબ જ સરસ અને સુંદર રીતે માર્ગદર્શન આપેલ હતું કાર્યક્રમનુ સફળ સંચાલન આયોજન ડૉ.મહેશ એસ. ગઢીયા(આસી.પ્રો.સમાજશાસ્ત્ર અને INOVATION CLUB કો-ઓર્ડીનેટર )દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના અધ્યાપક શ્રી ઓ જહેમત ઉઠાવી હતી તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે.

## દાંતા તાલુકાની વિવિધ શાળાઓમાં ઇકો ક્લબ અંતર્ગત જાગૃતિ અભિયાનનું આયોજન



માહિતી બ્યુરો,પાલનપુર

ગુજરાત વન નિર્માણ વિકાસ યોજના હેઠળ ઈકો ક્લબની શાળાઓમાં વિદ્યાર્થીઓને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુથી બનાસકાંઠા વન્યપ્રાણી વિભાગ હેઠળની દાંતા રેંજની વિવિધ શાળાઓમાં જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું. દાંતા તાલુકાની પી.એમ.શ્રી, મોડલ સ્કુલ,જગતાપુરા સહિત વિવિધ શાળાઓમાં વિશેષજ્ઞો દ્વારા પ્રવચન, ફિલ્મ શો/માહિતીનું આદાન-પ્રદાન અને નિબંધ લેખન,ચર્ચા સહિતની પ્રવૃતિઓ હાથ ધરાઈ હતી. ઈકો-ક્લબ આધારિત પ્રકૃતિ શિક્ષણની પ્રવૃત્તિઓ એ ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન (GEER)ના મુખ્ય કાર્યક્રમો પૈકીનો એક છે. આ પેટા - ઘટકનો અમલ ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન (GEER) દ્વારા હાથ ઘરવામાં આવે છે. દાંતા રેન્જના કાર્યક્ષેત્રની શાળાઓમાં શાળાના બાળકોને વન્યજીવ અને પર્યાવરણ વિશે માહિતગાર કરાયા હતા.

## અમરેલી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી દ્વારા અમરેલી જીલ્લામાંથી હદપાર કરેલ ઇસમને હદપારીનો ભંગ કરતા પકડી કાયદેસરની કાર્યવાહિ કરતી અમરેલી સીટી પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

મે.ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમાર ભાવનગર રેન્જ, ભાવનગર નાઓએ ભાવનગર રેન્જના જીલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી નિયંત્રણમાં રહે તેમજ અસુરક્ષીતતા ઉભી કરતા માથાભારે વ્યક્તિઓ તથા ગેરકાયદેસર પ્રવૃતી આચરનારા અગાઉ ગુન્હામાં સંડોવાયેલ હોય તેવા ઈસમો વિરૂધ્ધ તડીપારની કાર્યવાહિ કરેલ હોય જે તડીપાર કરેલ ઈસમો પરત હદ્દપારીનિ ભંગ ના કરે તે તેમજ તેવા લોકો વિરુધ્ધ યોગ્ય કાર્યવાહિ કરવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ સંજય ખરાત નાઓએ આગામી સ્થાનીક સ્વરાજ્યની ચુટણી સબબ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્દૃઢ બને તે માટે કાર્યવાહિ કરવા માટે સુચના આપેલ હોય,જે અનુસંધાને અમરેલી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઇ નાઓ દ્વારા જરૂરી સુચનાઓ તથા માર્ગદર્શન આપેલ હોય.જે અન્વયે અમરેલી સીટી ઇંચા.પોલીસ ઇન્સ્પેક્ટર કે.એસ.ડાંગર ની રાહબરી હેઠળ આ કામે જરૂરી સુચના તથા હદ્દપારીભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરવા જરૂરી સુચના આપેલ જે અન્વયે નાગનાથબીટ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એક ઈસમ જેની સબ ડિવીઝનલ મેજી. સા.ના હુકમ આધારે તા:૧૯/૧૦/૨૦૨૪ થી તા.૧૮/૦૪/૨૦૨૫ (છ માસ) સુધી અમરેલી જીલ્લામાથી હદપાર કરેલ હોવા છ્તા મજકુર ઈસમ કોઇ પણ જાતની લેખિત મંજુરી સિવાય અમરેલી જિલ્લામાં પ્રવેશ કરી હદપારીનો ભંગ કરેલ હોય તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરતી અમરેલી સીટી પોલીસ ટીમ હદપારીનો ભંગ કરનાર ઈસમ નદીમભાઇ ગફારભાઇ બેલીમ ઉ.વ.૩૬ ધંધો.મજુરી રહે,અમરેલી, જૈન દેરાસર પાસે,ખત્રીવાડ તા.જી.અમરેલી આ કામગીરી અમરેલી સીટી ઈંચા.પો.ઈન્સ.કે.એસ.ડાંગર.તથા નાગનાથ બીટ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.



## જાફરાબાદ તાલુકાના મિતિયાળા ગામે સમસ્ત ગામ આયોજિત સમૂહ લગ્ન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું



કિશોર આર. સોલંકી । જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના મિતિયાળા ગામે 6 માં ગામ સમસ્ત સમૂહ લગન નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 21 નવદંપતી ઓએ પ્રભુતા માં પગલાં પડ્યા હતા જાફરાબાદ તાલુકાના મિતિયાળા ગામના સમૂહ લગન માં હાજરી આપતા ગ્રામ પંચાયતના તમામ સભ્યશ્રીઓ,ગામના તમામ આગેવાનો,વડીલો,તથા સાધુ સંતો,મહંતો તેમજ મિતિયાળા ગામના સરપંચ,ઉપસરપંચ તેમજ તમામ સભ્ય શ્રી ઓ તેમજ આજુબાજુ ગામના સરપંચશ્રીઓ તથા આજુબાજુ આવેલ કંપનીઓના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત તમામ મહેમાનોનું અને સાધુ,સંતો-મહંતોનું સમૂહ લગન આયોજક કર્તા દ્વારા ભવ્ય સ્વાગત કર્યું હતું.મિતિયાળા ગામે આયોજિત સમૂહ લગન સમારોહમાં ગામના મહિલા મંડળ,ગામના તમામ ગૃપો તથા યુવાનો , આગેવાનો - વડીલો ભાઈઓ- બહેનો દ્વારા ભગીરથ સેવા આપીને સમૂહ લગન કાર્યને સાર્થક અને સફળ કર્યું હતું.સમૂહ લગનમાં જોડાયેલ પ્રભુતામાં પગલાં પાડનાર ગામની 21 નવદંપતી બહેનોને ગામના સરપંચ અને ઉપસરપંચ દ્વારા તમામ નવદંપતિ ઓને આશીર્વાદ આપ્યા હતા.

## ૧૭ ફેબ્રુઆરીના રોજ સાણંદ-ચરોડી સ્ટેશનો વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. ૨૭ (ઈયાવા ફાટક) બંધ રહેશે.

અમદાવાદ । પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ પર સાણંદ-છારોડી સ્ટેશનો વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. ૨૭ (ઈયાવા રેલ્વે ફાટક) કિમી ૫૩૦/૧૦-૧૨ તાત્કાલિક સમારકામ માટે ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યા થી સાંજે ૧૯:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે.

## એસટી ડેપો ખાતે મેન્ટેનન્સ વિભાગમાં બસનું ટાયર ફાટતા યુવક ગંભીર ઈજાગ્રસ્ત, પોલીસ મથકે જાણ ન કરી ભીનું સંકેલવાનો પ્રયત્ન કરતા તપાસની માંગ

સુશીલ પવાર । ડાંગ



ડાંગ જિલ્લાનાં આહવા એસ. ટી.બસ ડેપો ખાતે એક બસનાં ટાયરમાં હવા ભરતી વેળાએ આકસ્મિક ઘટના સર્જાઇ હતી. ટાયરમાં હવાનું પ્રેશર વધતા ટાયર બ્લાસ્ટ થયો હતો.જેમાં એક યુવાનને ગંભીર ઈજા પહોંચતા આહવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.તેમજ આહવા એસ.ટી. બસ ડેપોના મેન્ટેનન્સ રૂમના પતરા સહિત આસપાસની વસ્તુને પણ નુકસાન પહોંચ્યુ હતુ. ત્યારે આ પ્રકારની ગંભીર ઘટના બની હોવા છતાં પણ પોલીસ મથકે કોઈપણ જાણવા જોગ કે આકસ્મિક ઘટના અંગેની ફરિયાદ કરવામાં આવેલ નથી. ત્યારે આહવા એસ.ટી.બસ ડેપોનાં સંચાલકો દ્વારા આકસ્મિક ઘટનાને તથા પોતાની બેદરકારીને છુપાવવા માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યો હોય તેવું જણાઈ રહ્યું છે.ગત ગુરુવારના રોજ વલસાડ એસ.ટી. ડિવિઝન હસ્તકના ડાંગ જિલ્લાના આહવા એસ.ટી. ડેપોના વર્કશોપમા બસના ટાયરમા હવા ભરતી વખતે ટાયરમાં હવાનું પ્રેશર વધતા ટાયર ફાટ્યો (બ્લાસ્ટ)હતો. જેમાં એક એપ્રેન્ટિસ્ટ કર્મચારી હવામાં ફંગોળાતા તેના હાથ અને પગમા ફ્રેકચર થવા પામ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે, ઈજાગ્રસ્ત કર્મચારી જયનીશ કાંતિભાઈ પટેલનાં પિતા કાંતિભાઈ આહવા ડેપોમા ડ્રાયવર તરીકે ફરજ બજાવે છે.અહીં એપ્રેન્ટીસ યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક ધોરણે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.જોકે આ ગંભીર ઘટનામાં યુવકને વધુ ઈજા પહોંચેલ હોવાથી પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને નવસારી રીફર કરવામાં આવ્યા હતા.ત્યારે અહીં એસટી ડેપો આવવાના મેનેજરનો કથળેલો કારભાર સ્પષ્ટપણે જોવા મળ્યો હતો.વર્કશોપમાં સ્ટાફ માટે કોઈપણ પ્રકારની સુરક્ષા ન હોય તથા હેલ્મેટ કે મોજા જેવી કોઈપણ સુવિધા ન હોય તેવું જણાઈ આવ્યુ હતુ.કારણ કે જો આ પ્રકારની સુવિધા આપવામાં આવેલ હોત તો કદાચ યુવકને આ પ્રકારની ગંભીર ઈજા પહોંચી ન હોત. તેમજ આ અંગે મિડિયા પ્રતિનિધિઓ દ્વારા આહવક એસટી ડેપો મેનેજર કિશોરસિંહ પરમારનો સંપર્ક કરવામાં આવ્યો હતો ત્યારે તેમના દ્વારા ઉદ્ધતાઈ પૂર્વક જવાબ આપવામાં આવ્યા હતા કે,'તમારાથી જે થાય તે કરી લો ઘાયલ વ્યક્તિને અમે સ્ટાફ દ્વારા અંદાજિત 70 હજાર રૂપિયા જેટલી રકમ આપી રહ્યા છે. તમે જવા દો ને કંઈ સમાચારમાં અમારે આપવો નથી અને કામગીરીના ભાગરૂપે આકસ્મિક ઘટના બનવા પામી છે.'ત્યારે અહીં ડેપો મેનેજર દ્વારા સુરક્ષાના ભાગરૂપે અસુવિધા આપવામાં પોતાના હાથ ઊંચા કરી દીધા હોય તેવું જણાઈ રહ્યું છે. સુરક્ષાના ભાગરૂપે કોઈપણ પ્રકારની યોગ્ય સુવિધા ન આપવામાં આવેલ હોવાથી જ કદાચ આ પ્રકારની ઘટના બની છે અને યુવક ઈજાગ્રસ્ત થયેલ છે. તેમાંય એસ.ટી ડેપો માં કામ કરતા કર્મચારીઓ દ્વારા ભેગા મળીને અંદાજે 70 હજાર રૂપિયાની રકમ આપીને યુવકની સહાય કરવામાં આવેલ છે ત્યારે આ સહાય આપીને ડેપો મેનેજર દ્વારા કોઈ મોટો ઉપકાર કરવામાં આવી રહ્યો હોય તે રીતે જવાબ આપવામાં આવ્યો હતો.વધુમાં અહીં આ પ્રકારની ગંભીર આકસ્મિક ઘટના સર્જાઇ હોવા છતાં પણ બસ ડેપોના મેનેજર કે સંચાલક દ્વારા નજીકના પોલીસ સ્ટેશનમાં કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવેલ નથી. ત્યારે અહીં પ્રશ્ન એ થાય છે.

## હારીજ તાલુકાના પીપળાણા ગામે રામદેવજી ભગવાનના મંદિર નિર્માણ અન્વયે શીલા સ્થાપન કરાયુ



નીતિન ઠાકર । ચાણસ્મા

હારીજ તાલુકા નાં પીપળાણા ગામે ગ્રામજનો નાં સહયોગ થી સિદ્ધ રામદેવપીર મહારાજ નાં મંદિર નિર્માણ કરવાનો શુભ સંકલ્પ કરાતા ગ્રામ જનો ની ઉપસ્થિતિ માં શીલાપુજન સાથે હવન યોજાયો હતો જેમાં યજ્ઞ માં નવ યજમાનો બિરાજમાન થયા હતાં જયારે ગામના ક્ષત્રિય ઠાકોર યુવાનો નાં રામા મંડળ દ્વારા ગામેગામ રામદેપીર જી નાં નાટકો ભજવી ફાળો એકત્રિત કરી મંદિર નિર્માણના કાર્ય નો શુભારંભ થયો હતો.

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૫ - તા.૧૬ ફેબ્રુઆરી-રવિવારે મતદાન

### અમરેલી જિલ્લામાં શ્રમયોગીઓને 'મતાધિકાર'ના ઉપયોગ માટે સવેતન રજા આપવાની રહેશે

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય, મધ્યસત્ર કે પેટા ચૂંટણીઓ તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ને રવિવારના રોજ યોજાશે. લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ-૧૩૫ (બી)(૧), કારખાના ધારા-૧૯૪૮ હેઠળના ઔદ્યોગિક એકમો, કારખાના, બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ એક્ટ-૧૯૯૬ અન્વયે કામ કરતા અને સાઈટ પર કામ કરતા હોય તેવા શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ને રવિવાર - મતદાનના દિવસે તેમને સવેતન રજા આપવી.આ જોગવાઈ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ કે કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવી નહિ. રજાના કારણે જો શ્રમયોગી કે કર્મચારી પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યક્તિ રજા જાહેર ન થઈ હોય અને જે પગાર મળવા પાત્ર થતો હોય તેટલો પગાર ચૂકવવાનો રહેશે. જે મતદારની ગેરહાજરીથી કામગીરીમાં જોખમ સર્જાઇ તેવી સંભવના હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલા હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં વ્યાપક નુકસાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ કે કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા ત્રણ થી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવી.જો કોઈ કારખાનેદાર માલિક કે નોકરી દાતા આ જોગવાઈ થી વિરુદ્ધ વર્તન કરશે તો ઉક્ત કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ જૂનાગઢ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના નાયબ નિયામકશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચાણસ્મા પાલિકાની ચૂંટણી પ્રચારનો જંગ જમ્યો ગુરુવારે કોંગ્રેસ યુવાની રેલી બાદ ભાજપ દ્વારા બાઈક રેલી દ્વારા ચાણસ્મા નગરના તમામ વોર્ડ ખુંદી વળ્યાં

નીતિન ઠાકર । ચાણસ્મા

ચાણસ્મા પાલિકા ની ચૂંટણી નાં ગણતરી નાં દિવસો બાકી રહયા છૅ ત્યારે બુધવારે અપક્ષ ગુરુવારે ચાણસ્મા યુવા કોંગ્રેસ બાદ શુક્રવારે જિલ્લા ભાજપ સંગઠન ની ઉપસ્થિતિ માં બાઈક રેલી દ્વારા ચાણસ્મા નાં તમામ વોર્ડ માં ચૂંટણી લડતા ઉમેદવારો ને વિજયી બનાવવા જોરસોર થી પ્રચાર કરાયો હતો પરંતુ ચાણસ્મા નગર માં ભૂગર્ભ ગટરો ઉભરાવવી આર સી સી રોડ ની સમસ્યા થી પીડાતા ઉગામના દરવાજા બહાર નાં વિસ્તાર સહીત રૂપેશ્વર વિસ્તાર ની સોસાયટી ઓ નાં ભાજપ નાં ઉમેદવારો પ્રત્યે છૂપો અસન્તોષ જોવા મળી રહ્યો છૅ ત્યારે જે ચાણસ્મા પાલિકા માં ભાજપ ની બહુમતી આવતી હતી તેમાં કદાચ આ ચૂંટણી માં અપક્ષ કોંગ્રેસ ક્યાંક મેદાન મારે તેવી શક્યતા ઓ જોવા મળી રહી છૅ ત્યારે ચૂંટણી નાં દિવસે ચાણસ્મા નગર માં 20 થી વધારે લગ્ન પ્રસંગ હોવા થી મતદાન પર અસર થવાની સંભાવના ઉમેદવારો સહિત ટેકેદારો સેવી રહયા છૅ હાલ માં to ચાણસ્મા નગર માં ચૂંટણી નો બરાબર નો રાજકીય રંગ જમ્યો છે.

# વજન ઘટાડવા માટે દરરોજ કેટલા પગલાં ચાલવું જોઈએ?



**આજની વ્યસ્ત અને તણાવપૂર્ણ જીવનશૈલીમાં સ્થૂળતા અને વજન વધવુ એક સામાન્ય સમસ્યા બની ગઈ છે. ખોટી ખાવાની આદતો, વ્યાયામ ન કરવુ, અને તણાવથી પેટ પર ચર્બી જમા થઈ જાય છે. જેના કારણે આપણી સુદરતા જ નહીં, પણ ઘણી સ્વાસ્થયને લઈ સમસ્યાઓ પેદા થઈ શકે છે. પરંતુ ચિંતા ન કરશો. ચાલવુ એ એક સરળ અને અસરકારક રીત છે, જેનાથી તમે ફક્ત વજન ઘટાડી શકો છો, પણ સ્થૂળતાને પણ નિયંત્રણમાં લાવી શકો છો. આજના સમયમાં લોકો પેટની ચર્બી વધવાથી ચિંતા કરે છે. બહાર નીકળેલુ પેટ ન ફક્ત બિમારીયોનુ ઘર લાગે છે, પણ જોવામાં પણ ખૂબ જ ખરાબ દેખાઈ આવે છે. એવામાં વિચાર આવે કે પેટની ચર્બી કઈ રીતે ઓછી કરી શકાય. તે સવાલ દરેક વ્યકિતને થતો હોય છે. એવામાં નિયમિત રીતે ચાલવુ ખૂબ જ જરુરી બની રહે છે. આ વ્યાયામ તમે ગમે ત્યાં અને ગમે ત્યારે કરી શકો છો. તેવામાં જાણો કે પાતળા થવા માટે કેટલુ ચાલવુ જોઈએ અને ચાલવા માટે સાચી રીત કઈ ચાલવુ આપણા સ્વાસ્થય માટે બહુ જ ફાયદાકારક છે. તે ફક્ત વજન ઓછુ કરવામાં મદદ કરે છે સાથે જ બીજા બધા ઘણા પ્રકારથી ફાયદા કરે છે.**



## ચાલવાથી કેલરી ઓછી થાય છે, જેનાથી વજન ઘટે છે

- ચાલવાથી પેટની ચર્બી ઓછી થાય છે. જેનાથી સ્થૂળતા ઓછી થાય છે.
- ચાલવાથી હૃદયના ધબકારા વધે છે, જેથી હૃદયના સ્વાસ્થ્યમાં સુધારો આવે છે
- ચાલવાથી તમારા માંસપેશિયો મજબૂત બને છે.
- ચાલવાથી બ્લડ પ્રેશરમાં નિયંત્રણમાં રહે છે.
- ચાલવાથી હાડકા પણ મજબૂત થાય છે.
- ચાલવાથી ડાયાબિટિસને પણ નિયંત્રણ કરવામાં મદદ કરે છે.

**એક મહિનામાં ચાલીને વજન ઘટાડી શકાય |** એક મહિનામાં જો પાતળુ થવુ હોય તો રોજ ઓછામાં ઓછા 10,000 પગલાં ચાલવુ જોઈએ. જે તમારા ફિટનેસ અનુસાર વધારી ઘટાડી શકો છો. જો તમે પહેલીવાર ચાલવાની શરુઆત કરી રહ્યા છો તો પહેલા દિવસે ઓછા પગલાથી શરુઆત કરવી ત્યારપછી જ ધીમે ધીમે પગલા વધારવા 100,500 કે પછી ફિટનેસ અનુસાર વધારી ઘટાડી શકશો.

# મેથીમાં છુપાયેલું છે સ્વસ્થ વાળનું રહસ્ય, કેવી રીતે કરવો ઉપયોગ

મેથી વાળ માટે ખૂબ જ ફાયદાકારક છે. આયુર્વેદમાં પણ મેથીને ઘણી અસરકારક માનવામાં આવે છે. મેથીના સેવનથી વાળના વિકાસમાં મદદ થાય છે. આમાં ફાયબર, પ્રોટીન, કાર્બસ, ફેટ, આયર્ન અને મેગ્નેશિયમ હોય છે જે વાળના વિકાસ માટે ખૂબ જ ગુણકારી છે.





**મેથીની હેર સીરમ |** જો તમને વાળ ખરવાની સમસ્યા હોય તો તમે મેથીની હેર સીરમનો ઉપયોગ કરી શકો છો. તેનો ઉપયોગ વાળના વિકાસમાં મદદ કરી શકે છે. આ સીરમ તમારા વાળને સિલ્કી તો બનાવશે જ પરંતુ તેને અંદરથી સ્વસ્થ રાખવામાં પણ મદદ કરશે.

**ખરતા વાળ માટે મેથીનું સેવન ફાયદાકારક |** ખરતા વાળ માટે મેથીનું સેવન કરવું ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. શરીરમાં આયર્નની ઉણપને કારણે વાળ ઝડપથી ખરવા લાગે છે. ત્યારે મેથીના સેવનથી આયર્નની માત્રા વધે છે અને વાળ ખરતા પણ ઓછા થાય છે.

**મેથીનું પાણી |** મેથીનું પાણી વાળ માટે ખૂબ જ ગુણકારી છે. મેથીના દાણા ચામડીમાં રક્ત પ્રવાહને ઉત્તયજીત કરવામાં મદદરૂપ થાય છે અને વાળની વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે વાળના ફોલિકલ્સને પણ પોષણ આપે છે. સાથે જ તેમાં એન્ટીઑકિસડન્ટ અને બળતરા વિરોધી ગુણધર્મો પણ છે જે ડેન્ડ્રફ દૂર કરવામાં મદદ કરે છે.

**મેથીનું તેલ |** મેથીનું તેલ વાળને ઘટ્ટ કરવા માટે રામબાણ છે. આ માટે સરસવ અથવા નાળિયેર તેલ લો અને તેમાં મેથી ચઢવા દો. ત્યારબાદ આ તેલને વાળના મૂળમાં લગાવો. તેના બાયોએક્ટિવ એન્ઝાઈમ વાળના વિકાસમાં મદદ કરશે.

**મેથી હેર માસ્ક |** મેથીને પીસીને તેમાં એલોવેરા મિક્સ કરો. પછી તેને તમારા વાળમાં લગાવો. આ તમારા વાળને અંદરથી સ્વસ્થ બનાવવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત વાળનું ટેક્સચર પણ યોગ્ય રહે છે.

# ત્વચા પર સુંદરતા અને યુવાની જાળવી રાખવી હોય તો આ 4 વસ્તુઓનું ખાવાનું છોડી તો તુરંત

શું તમારા ચહેરા પર પણ થોડા થોડા દિવસોમાં ખીલની, ડાઘ, કરચલીઓ દેખાવા લાગે છે ? ત્વચા પર વધતી ઉંમરે જોવા મળે તેવી અસરો સમય પહેલા જ દેખાવા લાગી છે ? જો આ પ્રશ્નનો જવાબ હા હોય તો તમારે તમારી ખાવા પીવાની આદતો સુધારવાનો સમય આવી ગયો છે. આહારની અસર સ્વાસ્થ્યની સાથે ચહેરા પર પણ થાય છે. આપણે જે વસ્તુઓનું સેવન કરીએ છીએ તેના કારણે ત્વચાને નુકસાન પણ થાય છે અને ફાયદો પણ થાય છે. આજે તમને 4 એવી વસ્તુઓ વિશે જણાવીએ જેનું સેવન કરવાથી ત્વચાને નુકસાન થાય છે. જો તમે ત્વચાની સુંદરતા જાળવી રાખવા માંગો છો તો આ વસ્તુઓને ખાવાનું તુરંત બંધ કરો. આ વસ્તુઓ ખાવાનું બંધ કરી દેશો તો પણ તમે ત્વચા પર ફેરફાર જોવા લાગશો. આ વસ્તુઓ હેલ્ધી સ્કીનની દુશ્મન છે.

**મીઠું |** કેટલાક લોકોને વધારે મીઠું ખાવાની આદત હોય છે. આ આદત ત્વચાને ખરાબ રીતે ડેમેજ કરી શકે છે. વધારે મીઠું ખાવાથી શરીરમાં વોટર રીટન્સનની સમસ્યા વધી શકે છે તેના કારણે આંખની નીચે સોજા રહે છે. તેથી મીઠાનો ઉપયોગ મર્યાદિત માત્રામાં જ કરવો.



**શુગરી ફૂડ |** જે વસ્તુમાં વધારે માત્રામાં ખાંડનો ઉપયોગ થયો હોય તેનું સેવન કરવાનું ટાળવું જોઈએ કારણ કે આવી વસ્તુઓ ત્વચાને નુકસાન પહોંચાડે છે. શુગરયુક્ત ખાદ્ય પદાર્થ જેમ કે ચોકલેટ, સુગરી ડ્રીંક, કેક, પેસ્ટ્રી, કેન્ડી વગેરે ત્વચામાં ઈન્ફ્લેમેશનની સમસ્યા વધારે છે જેના કારણે ખીલ પણ થઈ શકે છે.

**ચા અને કોફી |** કેફિનનું વધારે માત્રામાં સેવન ત્વચા માટે યોગ્ય નથી. કેફિનયુક્ત પીણા જેમકે કોફી, ચા, સોડા વગેરે શરીરને ડિહાઈડ્રેટ કરે છે. કેફિન ત્વચાની ઈલાસ્ટીસીટી અને કોલેજનને પણ પ્રભાવિત કરે છે. તેના કારણે ત્વચા પર કરચલીઓ ઝડપથી દેખાય છે અને ત્વચા ઢીલી પડવા લાગે છે.

**જંક ફૂડ |** જંક ફૂડ સ્વાસ્થ્ય માટે પણ સારું નથી એને ત્વચા માટે પણ નુકસાનકારક છે. જંક ફૂડ જેમકે ચિપ્સ, બર્ગર, ફ્રેન્ચ ફ્રાઈઝ, પિઝા વગેરેનું સેવન કરવાથી બ્લડ સુગર લેવલ પણ વધે છે અને શરીરના હોર્મોન્સમાં પણ ફેરફાર થવા લાગે છે. આ વસ્તુઓ ત્વચાના રોમ છિદ્રોને બંધ કરે છે જેના કારણે વધતી ઉંમરની અસર ઝડપથી દેખાવા લાગે છે.

# પાંચ વાગવા આવ્યા પણ વહુઓના ઠેકાણા નથી....

શ્રી નાથજી કૃપા ના પ્રથમ ફ્લોર માં આવેલ ઠાકોરજી ની હવેલી બાજુ માં પરિવાર માં આવતા નાના મોટા પ્રસંગો અને સત્સંગ માટે ૧૫૦ લોકો બેસી શકે એવો અત્યંત સુંદર ભવ્ય સભાખંડ હતો.નીતિન ના લગ્ન નિમિતે સાંજે ૫ વાગ્યે મહાજન શ્રી ની પધરામણી આશીર્વચન બાદ ભજન સંધ્યા હતા.કલાક ના ભોજન ના બ્રેક રાત્રે પછી રાત્રે આઠ વાગ્યા થી પરિવારના સદસ્યો નું સ્ટેજ પરફોર્મન્સ અને ગરબા રાખ્યા હતા.સભાખંડ ની પ્રથમ હરોળ માં બા ની બહેનો જ્યાં વિજ્યા ની બાજુ ની. ચેર પર બેઠેલા કલ્પના ફઈ નું મન એની વહુઓની ચિંતામાં લાગ્યું હતું "કેમ હજુ સુધી બન્ને ન આવી" પાંચ વાગવા આવ્યા પણ વહુઓના ઠેકાણા નથી. સમજાતું નથી કંચન કામિની ની લઈને દીકરાઓ ક્યાં રફુ ચક્કર થઈ ગયા છે. મોટાભાગ ના મહેમાનો સભાખંડ મા પધારી ચૂક્યા છે ને પંદર વીસ મિનિટ માં મહારાજ શ્રી પણ પધારતા હશે. કલ્પના ફઈ એ ચિંતામાં સભાખંડ મા બધેય નજર કરતા નોટિસ કર્યું કે દેશી સાથે વિદેશી વહુઓ પણ દેખાતી નથી. બાજુ બેઠેલ જ્યા,વિજ્યા અને બા ના ખડખડાટ હસવાના અવાજે કલ્પના ફઈ ની ચિંતા લિંક માં ખલેલ પહોંચાડી. ફઈ એ ગુસ્સા માં એની લાઈન માં બેઠેલ બા અને એની બન્ને બહેનો તરફ નજર કરીને મનોમન બોલ્યા કે ઘોર કળજુગ સાસુઓ ને એની વિદેશી વહુઓની લગીર ચિંતા નથી કેવી ઠાઠમાઠ થી પ્રથમ હરોળ માં બેઠી બેઠી ખા ખા ખી ખી માં વ્યસ્ત છે. બા સામુ જોઈને મનમાં બોલ્યા કે ભાભી એ પણ ઘરડે ઘડપણ સમજણ ગુમાવી દીધી છે.સભાખંડ આખો મહેમાનો થી ભરેલો છે કેટલું ખરાબ લાગે.

શ્રી નાથ જી ભવન માં બધાના ચહેરા સંગીત સંધ્યાના આનંદ ઉત્સવ માં ખુશખુશાલ હતા પરંતુ કલ્પના ફઈ ના ચહેરા પર ચિંતાની લકીરો સ્પષ્ટ દેખાતી હતી.પ્રસંગ માં પોતાના લીધે અન્યનો મૂડ ના બગડે કે ક્લેશ ના થાય એટલે ચૂપચાપ બેઠા હતા.એની નજર બેઠક ખંડ ના મુખ્ય દરવાજા પર હતી. કલ્પના ફઈ વિચારવા લાગ્યા કે દીકરાઓ અને વહુઓ પૂછ્યા વગર પાણી પણ નથી પીતાં તો આજ અચાનક એવું તે શું થયું કે ત્રણ ચાર કલાક થી ગાયબ છે.ક્યાં ગયા હશે? કંચન અને કામિની નું તબિયત તો સારી હશે ને,કામિની લગ્ન ના ત્રણ વર્ષ બાદ બે મહિના ઉમ્મીદથી છે. કેટલી બેદરકાર છું કામિની વહુ ને પ્રસંગ મા લાવવીની ભૂલ કરી દીધી.

સભાખંડ ના મુખ્ય દરવાજા માંથી રેડ કલરની ડિઝાઈનર સાડી અને આભૂષણોમાં કંચન અને કામિની એ પિંક કલર ની ડિઝાઈનર સાડી માં મેચિંગ આભૂષણો પહેરીને પ્રવેશ કર્યો. કલ્પના ફઈ ની નજર માં કંચન અને કામિની આવતા જ એના જીવ માં જીવ આવ્યો હોય એમ હર્ષઘેલા થઈ ગયા. જ્યારે બન્ને વહુઓ ફઈની નજીક આવીને નમન કરતા "જય શ્રી કૃષ્ણ" કીધું ત્યાં ફઈ એ બન્નેને હાથ પકડીને પોતાની બાજુની ચેર માં બેસાડી દીધો. અચાનક કલ્પના ફઈ ની નજર કામિની ના ગળા માં પહેરેલ નેકલેસ તરફ જતા ધીમેથી પૂછ્યું કે ક્યારે લીધું? કામિની એ નીચી નજરે સહેજ શરમાઈ ને કહ્યું કે તમારા દીકરા એ નીતિન ભાઈ ને નેકલેસ નો ઓર્ડર આપ્યો હતો,આજ ત્યાં જઈને લઈ આવ્યા.

કામિની ની વાત સાંભળતા જ કલ્પના ફઈ ને મનોમન શંકા જાગતા એણે એની બાજુ માં બેઠેલ ભાભી ને પૂછ્યું કે નીતિન ઘરે હતો કે ચક્કર લગાવા ઓફિસ ગયો છે. ફઈ ની શંકા નું સમાધાન આપતા બા બોલ્યા કે બહેન, સવાર થી નીતિન એના બેડ



**સગાઇ**

**- રુપાલી દવે**

રૂમમાં જ છે તમારે એનું કઈ કામ હતું. એ વિચારો એની ઓફિસ નું કામ પણ લેપટોપ દ્વારા ઘરેથી જ કરે છે. બહેન,તમારી ચિંતાનું કારણ વ્યાજબી જ હોય છે એટલે સાચું કહો બેન,કેમ આમ નીતિન વિશે પૂછ પરછ કરો છો.કલ્પના ફઈ એ બા નો હાથ પોતાના હાથમાં પ્રેમ થી લેતા કહ્યું કે ભાભી,અમસ્તું જ પૂછતી હતી ૪:૩૦ થવા આવી અડધી કલાક માં જ પધારશે. કલ્પના ફઈ વાક્ય પૂરી કરે એ પહેલા ઓફ વાઈટ ના લખનૌવી કફની લેંઘા પર સિલ્ક ની રેડ વર્ક ની કોટી માં સજ્જ થઈ ને સભાખંડ મા દેશી વિદેશી ભાઈઓ સાથે પ્રવેશ્યો. વિજ્યા બાની પૌત્ર વહુઓ મેરી અને જુલી પર ભારતીય પરિધાન વધારે સુંદર લાગતા હતા. કલ્પના બાની બન્ને ની અંગ્રેજી પર સખત ચીડ હતી છતાંય બન્ને વહુઓ કંચન કામિની ને જુલી અને મેરી સાથે બેસવાનું સૂચવ્યું. પ્રથમ નજરે આ દ્રશ્ય બધા માટે આશ્ચર્ય જનક હતું પણ લગ્ન પ્રસંગ માં આવું બધું સામાન્ય હોય છે.

હે શ્રીનાથજી આવજો તમે વાટ જોઈ
રહ્યા
ક્યારની અમે,
અનેક જન્મો થી જીવ આથડે આપ
સ્મરણ થી,
ખબર ન પડે..

ભજન ના ધ્વનિ સાથે જ મહાજન શ્રી સભાખંડ મા પ્રવેશ્યા. સર્વે વૈષ્ણવ જન એ ઊભા થઈને ફૂલ ની પાંદડી મહારાજ શ્રી પર પધરાવી હતી. મહારાજ શ્રી એ નીતિન અને જીલના સમગ્ર પરિવાર ને ઉદ્દેશી ને લગ્ન ના શુભ પ્રસંગ પર આશીર્વાદ આપ્યા. ગૃહસ્થ ધર્મ સાથે ઠાકોરજી ની સેવા નું શું માહત્મ્ય? વૈષ્ણવ એ નિત્ય કંઠી ધારણ કરવી જોઈએ,કંઠ માં કંઠી અને મુખ પર ઠાકોરજી નું સ્મરણ રહેવું જોઈએ. મહારાજ શ્રી ના આશીર્વચન પૂર્ણ થતાં એણે ગંતવ્ય તરફ પ્રસ્થાન કર્યું.

હું તો આઠેય સમા કેરી ઝાંખી રે કરું,
મે તો ચિતડું શ્રી નાથજી ના ચરણે
ધર્યું..

સભાખંડ ના સ્ટેજ પર થી મુંબઈ વૈષ્ણવ કલા વૃંદ ના સુરીલા કાંઠે ગવાઈ રહેલું ભજન કાન પર પડતાં જ બધા ભક્તિમય બની ગયા.ભજન સંધ્યાનો કારક્રમ સાંજ ના ૪ થી ૬ સુધી ચાલ્યો. બંગલા માં સ્થિત હવેલી માં સાંજ ના છ વાગ્યે ઠાકોરજી નો હવેલી માં ઉત્થાપન ભોગ બાદ રાજભોગ કરાવી ને શયન આરતી ની તૈયારીઓ ચાલતી હતી. સભાખંડ મા ઉપસ્થિત મહેમાનો,સગા સબંધીઓ પરિવાર ના સદસ્ય સાથે હવેલી માં પધાર્યા. બધા સદસ્યો એ એકી સાથે,

જય કાના કાળા પ્રભુ જય કાના કાળા,
મીઠી મુરલી વાળા ગોપીના પ્યારા.,

ઠાકોરજી ને સુંદર મખમલી વાઘા પરિધાન કરાવી ને દૂધ માં કેસર મિશ્રી ભેળવી ને ભોગ ધરાવ્યો.શયન આરતી પૂર્ણ થતા સિંહાસન આગળ પાણી અને ડ્રાયફ્રુટ સાકર સાથે કટોરી માં મૂક્યા. મલખમલી ગાદી તકિયામાં ઠાકોરજી ને પોઢાડીને મલમલ ના કાપડ થી બનેલ રજાઈ ઓઢાડી દીધી.મુખ્યાજી એ મધુર કંઠે હાલરડું ગાયું,

પોઢો પોઢો ને મારા ઠાકોર પોઢાડુ તમને..બંગલા માં ઉપસ્થિત મહેમાનો,સગા સબંધીઓ અને પરિવાર ના સભ્યો એ ભેગા થઈને ને ઠાકોરજી ના પ્રસાદ સાથે ભજન સંધ્યા માં ઉપસ્થિત વૈષ્ણવ સમાજ ના સમુહ ભોજન નુ આયોજન હતું.રાત્રિ ના ૮ વાગ્યા ના રાસ ગરબા ન કાર્યક્રમ વચ્ચે બે કલાક ની વાર હતી.

પરિવાર ની લેડીઝ વર્ગ સુંદર ડિઝાઈનર રંગ બેરંગી ચણીયા ચોળી અને આભૂષણ માં સજ્જ થવા ફટાફટ ભોજન નો કાર્યક્રમ પૂર્ણ કરીને ઉતારા તરફ જવા નીકળી ગયા. બા ની બહેનો સાથેની ત્રિપુટી નું પરફર્મન્સ સિક્રેટ હતું એટલે બધાંને ત્રિપુટી ના પરફોર્મન્સ માટે વિશેષ ઉત્સુકતા હતી..

રાત્રિ ૮ ફટાફટ વાગે એવી રાહ જોતો નીતિન બેડરૂમ ના સોફા પર સૂતા સુતા વિચારતો હતો.કેમ?.. દીપલ એ જવાબ માં ધીમું તોફાની હાસ્ય વેરતા કહ્યું કે સમજી જાવ..

## સોનાના વેપારીઓને સશક્ત બનાવતા: માર્કેટ્સ 4યુ દ્વારા ડિજિટલ ગોલ્ડ ટ્રેડિંગને વધુ સુલભ બનાવવાની નવી અભિયાનની જાહેરાત





**(એજન્સી) નવી દિલ્હી । તા. 14**

માર્કેટ્સ4યુ, એક અગ્રણી વૈશ્વિક મલ્ટી-એસેટ ટ્રેડિંગ પ્લેટફોર્મ, પોતાના નવા જાહેરખબર અભિયાન 'થિંક ગોલ્ડ, થિંક માર્કેટ્સ4યુ' ની શરૂઆતની ઉત્સાહભરી જાહેરાત કરે છે, જે તેના પ્લેટફોર્મ પર ગોલ્ડ ટ્રેડિંગની સરળતા અને સુલભતા પર ભાર મૂકે છે. ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાં ગોઠવાયેલ આ જાહેરાત ફિલ્મ સર્જનાત્મક રીતે દર્શાવે છે કે માર્કેટ્સ4યુ એ ગોલ્ડ ટ્રેડિંગમાં કેવી રીતે ક્રાંતિ આણી છે અને તેને દરેક માટે ઉપલબ્ધ બનાવ્યું છે. આ જાહેરાત એક આકર્ષક વાર્તા રજૂ કરે છે, જ્યાં એક રાજકીય વ્યક્તિ પોતાની સંપત્તિને પરંપરાગત રીતે સોનું એકઠું કરીને નહીં, પણ માર્કેટ્સ4યુ પર ટ્રેડિંગ કરીને સુરક્ષિત રાખે છે. આ સર્જનાત્મક વાર્તા એ વિચારને મજબૂત બનાવે છે કે કોઈપણ વ્યક્તિ સરળતાથી સુરક્ષિત અને વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ અનુભવ સાથે ગોલ્ડ ટ્રેડ કરી શકે છે. 'સ્માર્ટ રાજાનો ગોલ્ડ લૉકર નહીં, ટ્રેડિંગ એકાઉન્ટ હોય છે' - આ મજેદાર અને ચતુર સંદેશ સાથે, કથા રાજદરબારમાં ખુલ્લી થાય છે, જ્યાં રાજાનું સોનું ચોરવાની કોશિશ કરતો ચોર પકડાય છે. પુછપરછ દરમિયાન, ચોર કહે છે કે તેણે ઘણો પ્રયત્ન કર્યો છતાં, તેને ખજાનામાં કોઈ શારીરિક ધન મળી શક્યું નહીં. ત્યારે રાજા પોતાનું રહસ્ય ખુલાસે છે - તે ભૌતિક સોનાને સંગ્રહ કરતો નથી, પણ તેના જોખમને ઘટાડવા માટે માર્કેટ્સ4યુ પર ડિજિટલ ગોલ્ડ ટ્રેડ કરે છે. આ ખુલાસો એ સંદેશને મજબૂત બનાવે છે કે આજના યુગમાં માર્કેટ્સ4યુ ના આધુનિક પ્લેટફોર્મ દ્વારા કોઈપણ સરળતાથી ગોલ્ડ ટ્રેડ કરી શકે છે. માર્કેટ્સ4યુ ના મુખ્ય કાર્યકારી અધિકારી મિસિસ મરીના સ્ટ્રાઉસ કહે છે: 'ભારતમાં 'થિંક ગોલ્ડ, થિંક માર્કેટ્સ4યુ' અભિયાન શરૂ કરતા અમને અત્યંત આનંદ થાય છે. ભારતીય લોકો અમારી દ્રષ્ટિનું કેન્દ્રબિંદુ છે, અને તેમની સમૃદ્ધ સંસ્કૃતિ, વારસો અને આર્થિક કુશળતા અમને સતત પ્રેરણા આપે છે. અમારી વૃદ્ધિની વ્યૂહરચનાના ભાગ રૂપે, અમે ગોલ્ડ ટ્રેડિંગને દરેક માટે સુલભ બનાવવા માંગીએ છીએ - અનુભવી રોકાણકારોથી માંડીને નવા વેપારીઓ સુધી. અમારું ધ્યેય એ છે કે દરેક વ્યક્તિના નાણાકીય સફર સાથે સુસંગત એક સરળ અને વિશ્વસનીય ટ્રેડિંગ અનુભવ બનાવી શકાય.'

# કોન્સર્ટમાં પહોંચતાં પહેલાં જ વિશાલને નડ્યો અકસ્માત

મ્યુઝિક-કંપોઝર વિશાલ દદલાણીનો અકસ્માત થયો છે. આ કારણે તેણે પુણેમાં શેખર રવજિયાની સાથેનો તેમનો મ્યુઝિક કોન્સર્ટ મુલતવી રાખ્યો છે. વિશાલ શેખર રવજિયાની સાથે 2 માર્ચ, 2025ના રોજ પુણેમાં પર્ફોર્મ કરવાનો હતો, જોકે વિશાલ દદલાણીનો અકસ્માત ક્યારે અને કેવી રીતે થયો તે જાણી શકાયું નથી. પરંતુ હાલ તે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. વિશાલે ગુરુવારે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું - મારું નસીબ ખરાબ હતું. મારો એક નાનો અકસ્માત થયો. હું જલદી પાછો આવીશ. હું તમને બધાં અપડેટ આપતો રહીશ. પુણેમાં જલદી મળીશું!




આ કોન્સર્ટના આયોજક જસ્ટ અર્બનની ટીમનું એક નિવેદન પણ બહાર આવ્યું છે. ટીમે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી અને લખ્યું - વિશાલ અને શેખરનો મ્યુઝિક કોન્સર્ટ મુલતવી રાખવામાં આવ્યો છે. આ વિશે જણાવતા ખૂબ જ દુઃખ થાય છે. વિશાલ દદલાણી સાથે થયેલા એક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતને કારણે મચ-અવેટેડ અર્બન શોઝનો મ્યુઝિક કોન્સર્ટ મુલતવી રાખવામાં આવ્યો છે. વિશાલની સારવાર ચાલી રહી છે.

વિશાલની ટીમે માફી માગી

વિશાલની ટીમે કોન્સર્ટ મુલતવી રાખવા બદલ ચાહકોની માફી માગી છે. તેમણે એક નિવેદન બહાર પાડીને કહ્યું - અસુવિધા માટે અમે માફી માગીએ છીએ. અમે ટૂંક સમયમાં નવી તારીખ શેર કરીશું. દરેકના ટિકિટના પૈસા પરત કરવામાં આવશે. તમારા સહકાર બદલ આભાર. વધુ અપડેટ્સ માટે જોડાયેલા રહો.

ફેન્સે જલદી સાજા થવા માટે કરી પ્રાર્થના વિશાલ દદલાણીના અકસ્માત પર તેના ફેન્સ ચિંતામાં છે અને જલદી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી રહ્યા છે. ફેન્સ દ્વારા એ પણ પૂછવામાં આવી રહ્યું છે કે વિશાલનો અકસ્માત કેવી રીતે થયો. પરંતુ આ બાબતે હજુ સુધી કોઈ જાણકારી મળી નથી.

વિશાલ-શેખર બોલિવૂડના ફેમસ મ્યુઝિક-કંપોઝર છે વિશાલ-શેખર બોલિવૂડના ફેમસ મ્યુઝિક-કંપોઝર છે. વિશાલે ઘણા ગીતો પણ ગાયા છે. જેમાં ‘ઝૂમે જો પઠાણ’, ‘રફ્તાર’, ‘કુક્કડ’, ‘ઈન્ડિયા વાલે’, ‘ઓ સાકી સાકી’ અને બીજા ઘણા ગીતોનો સમાવેશ થાય છે. વિશાલ ઘણા શોમાં જજ તરીકે પણ કામ કરી ચૂક્યો છે.

# વેલેન્ટાઇન ડે પર કંગનાનાં કાફેનું ઓપનિંગ



## વેજ થાળી ₹600માં, નોન-વેજ ₹800માં મળશે; એક્ટ્રેસની બોલિવૂડથી બિઝનેસમાં એન્ટ્રી કરી

(એજન્સી) મુંબઈ | તા.14

હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપ સાંસદ, બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌત આજે (14 ફેબ્રુઆરી) વેલેન્ટાઈન ડે પર પોતાનાં કાફેનું ઓપનિંગ કર્યું છે. આ પહેલા કંગનાએ કાર્તિક સ્વામી મંદિરમાં ખાસ પૂજા પણ કરી હતી. કંગનાએ મનાલીમાં ‘ધ માઉન્ટેન સ્ટોરી’ નામનું આ કાફે (રેસ્ટોરાં) ખોલ્યું છે.

વેજ થાળી 600 રૂપિયા અને નોન-વેજ થાળી 800 રૂપિયામાં મળશે રેસ્ટોરાંમાં વેજ અને નોનવેજ બંને પ્રકારના વિકલ્પ ઉપલબ્ધ રહેશે. વેજ થાળી 600 રૂપિયામાં અને નોન-વેજ થાળી 800 રૂપિયામાં મળશે. આ થાળી ગ્રાહકો માટે પેટ ભરીને ખાવા માટે એક બુફે (અનલિમિટેડ) જેવી હશે. કંગનાના કાફેમાં 30 રૂપિયામાં એક કપ ચા મળશે. કંગનાના કાફેના ઉદઘાટન સમયે તેના પિતા અમરદીપ રનૌત અને માતા આશા રનૌત પણ હાજર રહેશે. આ ઉપરાંત, ગામના વડીલોને ખાસ મહેમાનો તરીકે કાફેમાં ભોજન પીરસવા માટે આમંત્રિત કરવામાં આવશે. એક્ટિંગ, ડિરેક્ટર અને રાજકારણ પછી, કંગના હવે આ કાફે દ્વારા બિઝનેસની દુનિયામાં પ્રવેશ કરી રહી છે.



### કંગનાના કાફે સાથે જોડાયેલી 2 ખાસ વાતો

1. માઉન્ટેન સ્ટાઈલમાં બનેલ, સ્ટાફ પણ પરંપરાગત પોશાકમાં હશે કંગનાએ મનાલીના પ્રિનીમાં માઉન્ટેન સ્ટાઈલમાં આ કાફે બનાવ્યો છે. બેઠક વિસ્તારની બહારથી અંદર સુધી, પર્વતના દૃશ્યો જોઈ શકાય છે. આ ઉપરાંત, આ કાફેનો સમગ્ર સ્ટાફ પરંપરાગત હિમાચલી અને કુલ્વી પોશાકમાં જોવા મળશે. કાફેની બહાર સુંદર પર્વતો પણ દેખાય છે.

2. હિમાચલની પરંપરાગત વાનગીઓ પણ ઉપલબ્ધ હશે કંગનાના કાફેમાં તમામ પ્રકારની ખાદ્ય ચીજો ઉપલબ્ધ હશે. જેમાં વેજ-નોનવેજ ઉપરાંત, હિમાચલની પરંપરાગત વાનગીઓ જેમ કે સિડ્ડૂ, લાહોલ માર્ચ, ગીચ્છે અને કુલ્વી પણ ખાસ પીરસવામાં આવશે.

કંગનાએ કાફેનો વીડિયો શેર કર્યો અને કહ્યું- સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે કંગનાએ પોતે ગયા અઠવાડિયે સોશિયલ મીડિયા પર કાફેનો વીડિયો શેર કર્યો હતો. આમાં, કંગના બરફથી ઢંકાયેલા પર્વતોથી ઘેરાયેલા એક કાફેમાં પ્રવેશ કરી રહી છે. જ્યાં કાફે સ્ટાફ તેમનું સ્વાગત કરે છે. સ્ટાફે પરંપરાગત હિમાચલી ટોપી પહેરી છે. વીડિઓમાં કાફેનું ઈન્ટીરિયર બતાવવામાં આવ્યું હતું.

કંગનાએ કહ્યું- બાળપણની યાદોથી પ્રેરિત આ જ વીડિયોમાં, કંગનાએ કહ્યું કે ‘ધ માઉન્ટેન સ્ટોરી’ કાફે તેના બાળપણની યાદો અને તેની માતા દ્વારા રાંધેલા જમવાની સુગંધથી પ્રેરિત છે. તેમાં હિમાચલી થાળી અને અન્ય સ્થાનિક વાનગીઓ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. વીડિયોના અંતે કંગનાએ કહ્યું- હું ધ માઉન્ટેન સ્ટોરીમાં તમારું સ્વાગત કરું છું.

કંગના ટૂંક સમયમાં એક હોટેલ પણ ખોલશે કંગના મૂળ હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના સરકાઘાટના ભામ્બલા ગામની રહેવાસી છે. જોકે, તેમણે મનાલીમાં જમીન ખરીદી છે અને ત્યાં પોતાનું ઘર બનાવ્યું છે. કંગનાના નજીકના લોકોના મતે, તે ટૂંક સમયમાં મનાલીમાં એક હોટલ બનાવવાનું કામ શરૂ કરી શકે છે.

# ‘મેરી તો સાલોં સે બોલતી બંધ હૈ’

## એક્સ ગર્લફ્રેન્ડ મલાઈકાનાં ડાન્સ પર અર્જુન કપૂરનું રિએક્શન, સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું...





અર્જુન કપૂર પોતાની આગામી ફિલ્મ ‘મેરે હસબન્ડ કી બીવી’ના પ્રમોશન માટે રિયાલિટી શો ‘ઇન્ડિયાઝ બેસ્ટ ડાન્સર’માં પહોંચ્યો હતો. શોના જજ મલાઈકા અરોરાએ તેના હિટ સોન્ગ પર પર્ફોર્મન્સ આપ્યું, જેના વખાણ કરતાં અર્જુને કહ્યું- મારી બોલતી તો વર્ષોથી બંધ જ છે. શોના આ એપિસોડનો એક પ્રોમો રિલીઝ કરવામાં આવ્યો છે. પ્રોમોમાં જોવા મળે છે કે મલાઈકા બાકીના કન્ટેસ્ટન્ટ સાથે ડાન્સ કરી રહી છે. પર્ફોર્મન્સ પછી, બધાએ ઊભા થઈને તેને તાળીઓથી વધાવી હતી. પછી અર્જુનને પૂછવામાં આવ્યું કે આ પર્ફોર્મન્સ પર શું કહેવું છે. જવાબમાં, એક્ટરે કહ્યું - મારી બોલતી તો વર્ષોથી બંધ જ છે. હું હજુ પણ ચૂપ રહેવાં માગું છું.

અર્જુને મલાઈકાના વખાણ કર્યા અર્જુને કહ્યું- આજે મને મારા બધા મનપસંદ ગીતો સાંભળવાં મળ્યાં, જે મલાઈકાના કરિયર અને જીવનને પ્રતિબિંબિત કરે છે. તમને ખબર છે કે મને આ બધા ગીતો કેટલા ગમે છે. તમને આ રીતે સેલિબ્રેશન કરતાં જોઈને ખૂબ આનંદ થયો.

મલાઈકા સાથે 8 વર્ષ સુધી રિલેશનશિપમાં રહ્યો, પછી બ્રેકઅપ થઈ ગયું ફિલ્મ ‘સિંઘમ અગેન’ના પ્રમોશનલ ઈવેન્ટમાં, અર્જુને મલાઈકા સાથેના બ્રેકઅપની પુષ્ટિ કરી હતી. આ કાર્યક્રમમાં, લોકોએ અર્જુનને મલાઈકાની ખબર પૂછી હતી, જેના જવાબમાં અર્જુને જવાબ આપ્યો કે હું અત્યારે સિંગલ છું. મલાઈકા અરોરાએ પહેલાં લગ્ન અરબાઝ ખાન સાથે 1998માં કર્યા હતા. 2016 માં બંને અલગ થઈ ગયા, જેના થોડા સમય પછી મલાઈકાએ અર્જુનને ડેટ કરવાનું શરૂ કર્યું.

# ‘પ્રક્રિયા અનુસાર થશે સુનાવણી’ યૂટ્યૂબર રણવીર ને SCનો ઝટકો

(એજન્સી) મુંબઈ | તા.14



યુટ્યુબર રણવીર અલ્હાબાદિયાના વિવાદિત નિવેદન મુદ્દે અનેક અપડેટ સામે આવી રહી છે. તેની પર અનેક ફરિયાદો થઇ છે. નિવેદનને લઇને થયેલી તમામ ફરિયાદોની સુનાવણી એક સાથે કરવામાં આવે તેવી રણવીરે અપીલ કરી હતી. પરંતુ સુપ્રિમ કોર્ટે આ અપીલને ફગાવી દીધી છે. સુપ્રિમ કોર્ટનું કહેવુ છે કે સુનાવણી પ્રક્રિયા અનુસાર હશે.

રણવીર અલ્હાબાદિયા વિરુદ્ધ દેશના વિવિધ શહેરોમાં કેસ નોંધાયા છે. આ બધા કેસોની સુનાવણી એક જ સમયે થઈ શકે છે. આવી સ્થિતિમાં રણવીરને સુનાવણીમાં હાજરી આપવા માટે અલગ અલગ કોર્ટની મુલાકાત લેવી પડશે. આ કારણોસર તેમણે સુપ્રીમ કોર્ટને અપીલ કરી છે કે બધા કેસોને એકસાથે ભેગા કરવામાં આવે અને ફક્ત એક જ કોર્ટમાં તેમની સુનાવણી કરવામાં આવે.

ઝડપી સુનાવણી કરવાનો ઇન્કાર કરતા સુપ્રિમ કોર્ટે રણવીર વકીલ અભિનવ ચંદ્રચૂડે કહ્યું કે તેઓ મૌખિક રીતે જલ્દી સુનાવણીની માગ પર વિચાર નહી કરે. જસ્ટિસ સંજીવ ખન્નાએ અલ્હાબાદિયાએ વકીલને પહેલા રજિસ્ટ્રીમાં સંપર્ક કરવાનુ કહ્યું.ભૂતપૂર્વ CJIના પુત્ર એડવોકેટ અભિનવ ચંદ્રચુડે સુપ્રીમ કોર્ટ પાસેથી રણવીર અલ્હાબાદિયાની અરજી પર તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી. ચંદ્રચુડે કહ્યું કે ગુવાહાટી પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. એફઆઈઆર પર રોક લગાવવાના મામલે તાત્કાલિક સુનાવણી થવી જોઈએ.

# ‘સલમાન, શાહરુખ અને અક્ષય સાથે કામ કરવું મુશ્કેલ’



(એજન્સી) મુંબઈ | તા.14

ડિરેક્ટર નિખિલ અડવાણીએ તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તેઓ હવે સુપરસ્ટાર સાથે ફિલ્મો બનાવવાનું વિચારતા નથી. તે કહે છે કે ‘હવે સલમાન ખાન, શાહરુખ ખાન અને અક્ષય કુમાર જેવા મોટા સ્ટાર્સ સાથે કામ કરવું તેમના માટે મુશ્કેલ બની ગયું છે કારણ કે તેમના ચાહકો બોક્સ ઓફિસ પર જંગી કલેક્શનની અપેક્ષા રાખે છે.’

લેહરાન રેટ્રો સાથેની વાતચીતમાં, જ્યારે નિખિલ અડવાણીને સલમાન સાથે ફરીથી ફિલ્મ બનાવવા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું, ‘હું સલમાન સાથે ફિલ્મ બનાવવા માગતો નથી.’ હું ખુશ છું કારણ કે હવે મને કોની સાથે કામ કરવું તે પસંદ કરવાની સ્વતંત્રતા છે. હું જોન, અક્ષય અને બધાને કહું છું કે મને ખબર નથી કે 600-800 કરોડ રૂપિયાની કમાણી કરતી ફિલ્મ કેવી રીતે બને’

**ડિરેક્ટર નિખિલ અડવાણીએ કહ્યું- મને ખબર નથી પડતી કે 800 કરોડની ફિલ્મો કેવી રીતે બને છે**

નિખિલ અડવાણીએ કહ્યું કે શાહરુખ, સલમાન, અક્ષય અને અજય દેવગન જેવા કલાકારો એટલા મોટા થઈ ગયા છે કે તેમના માટે મોટી કમાણી કર્યા વિના તેમના ચાહકોને ખુશ કરવા શક્ય નથી. તેને હંમેશા મોટા આંકડા હાંસલ કરવા પડે છે. નિખિલના મતે, તે હજુ પણ સવારે વહેલા ઊઠીને અક્ષય સાથે ફોન પર વાત કરે છે અને તેને એવી સ્ક્રિપ્ટો મોકલે છે જે તેને લાગે છે કે અક્ષય માટે યોગ્ય રહેશે. પણ તે તેને ડિરેક્ટર કરવા માગતો નથી. ભલે તેમની ફિલ્મોનું નિર્માણ કરું. કારણ કે તેમને લાગે છે કે તેઓ તે કરી શકતા નથી.’

જ્યારે નિખિલને પૂછવામાં આવ્યું કે શું તેણે ક્યારેય શાહરુખ ખાન સાથે કોઈ સ્ક્રિપ્ટ શેર કરી છે, ત્યારે તેણે જવાબ આપ્યો, ‘મારી પાસે તેના માટે કોઈ વાર્તા નથી.’ જ્યાં સુધી મને લાગે કે તે ‘કુછ કુછ હોતા હૈ’, ‘કભી ખુશી કભી ગમ’ અને ‘કલ હો ના હો’ કરતાં વધુ સારી નહીં હોય, ત્યાં સુધી હું તેમની પાસે કોઈ વાર્તા નહીં લઈ જઈશ.’

નોંધનીય છે કે, ડિરેક્ટર નિખિલ અડવાણીએ સલમાન ખાન, શાહરુખ ખાન અને અક્ષય કુમાર સાથે ઘણી ફિલ્મો બનાવી છે. તેણે સલમાન ખાન સાથે ‘સલામ-એ-ઈશ્ક’ અને ‘હીરો’ અને શાહરુખ ખાન સાથે ‘કલ હો ના હો’ બનાવી છે.

# ઓટીટી સીરિઝમાં અલી ફઝલ સાથે સોનાલી બેન્દ્રે જોવા મળશે



મુંબઈ : ઓટીટી પર એક નવી એક્શન થ્રીલરમાં અલી ફઝલ સાથે સોનાલી બેન્દ્રે જોવા મળશે. આ સીરીઝના શિર્ષક વિશે હજી નિર્ણય લેવામાં આવ્યો નથી. પરંતુ આ એક નાટકીય વાર્તાની સાથેસાથે હાઈ-ઓકટેન એકશનનું મિશ્રણ હોવાનું કહેવાઈ રહ્યું છે. શોના અન્ય કલાકારોની જાહેરાત હવે પછી થશે. રાજ અને ડીકે ‘રક્તબ્રહ્માંડ’નું શૂટિંગ પૂર્ણ કરે તે પછી આ નવી સીરિઝનું શૂટિંગ શરુ થશે. સીરિઝનું દિગ્દર્શન ‘પાતાલલોક’થી લોકપ્રિયતા મેળવનારો પ્રોસિત રોય કરશે.

# મહામંડલેશ્વરના પદ પર ફરી બિરાજમાન થમાઈ મમતા નંદગીરી

(એજન્સી) મુંબઈ | તા.14

મમતા કુલકર્ણીએ રાજીનામું આપ્યાના બે દિવસ બાદ તેમને મહામંડલેશ્વર પદ ફરી આપવામાં આવ્યુ છે. મમતા કુલકર્ણીએ વીડિયો મારફતે આ માહિતી આપી છે. મહામંડલેશ્વરનું પદ ફરી મળતા મમતાએ પોતાના ગુરુ લક્ષ્મી ત્રિપાઠીનો આભાર માન્યો છે. કિન્નર અખાડામાં મમતા કુલકર્ણીને મહામંડલેશ્વર બનાવવામાં આવતા જ વિરોધના સુર ઉઠ્યા હતા. સાધુ-સંતોએ મમતા કુલકર્ણીના અંગત જીવન વિશે વિરોધ કર્યો હતો.

બોલીવુડ એક્ટ્રેસ મમતા કુલકર્ણી જ્યારે ભારત પરત ફરી ત્યારથી જ તેમના નામે કોઈના કોઈ વિવાદ ઉઠતા રહ્યા છે. તેમનું અંગત જીવન હોય કે મહાકુંભમાં સન્યાસી બનવું. આ બધા કિસ્સામાં મમતા કુલકર્ણી વિવાદોના વંટોળમાં ફસાઇ ચુકી છે. કિન્નર અખાડામાં મમતા કુલકર્ણીને મહામંડલેશ્વર બનાવવા મામલે સાધુ સમાજે તેનો વિરોધ કર્યો હતો. પરંતુ હવે ફરી તેઓ મહામંડલેશ્વરના પદ પર આવ્યા છે. આ માહિતી વીડિયોના મારફતે આપવામાં આવી છે. આ વીડિયોમાં મમતાએ જણાવ્યુ છે કે, તેમને મહામંડલેશ્વર પદ પરત આપવામાં આવ્યુ છે. જો કે આ વીડિયો અગાઉ કિન્નર અખાડાના પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર ડૉ.લક્ષ્મી નારાયણ ત્રિપાઠીએ કહ્યુ હતુ કે, મમતાનું રાજીનામું સ્વીકારવામાં નથી આવ્યુ. અને હવે મમતા કુલકર્ણી એટલે યમાઈ મમતા નંદગીરીએ પણ આ વાત પર મોહર મારી છે.ww

# સમય અને રણવીર બાદ વધુ એક યુટ્યુબર ફસાયો, મહિલા પર ટિપ્પણી મુદ્દે NCWનું તેડું

(એજન્સી) મુંબઈ | તા.14

હાલમાં જ રણવીર અલ્હાબાદિયાને તેના નિવેદનને લઈને ઘણો ટ્રોલ થઈ રહ્યો છે. હવે આવા જ એક મામલામાં એલ્વિશ યાદવની મુશ્કેલી પણ વધી ગઈ છે. થોડા દિવસો પહેલા જ એલ્વિશ યાદવે બિગ બોસ 18ની કન્ટેસ્ટન્ટ ચૂમ દરાંગ વિશે તેના પોડકાસ્ટમાં મજાક કરી હતી. આ પોડકાસ્ટમાં તેમની સાથે રજત દલાલ પણ સામેલ હતા. તેણે ચૂમ ઉત્તર પૂર્વની હોવાને લઈને તેના પર જાતિવાદી ટિપ્પણીઓ પણ કરી છે.

હવે આ મામલે રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા એલ્વિશ યાદવને સમન્સ પાઠવવામાં આવ્યું છે, જેમાં તેમને 17મી ફેબ્રુઆરીએ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે.

એલ્વિશે ચૂમના નામ અને તેની ફિલ્મોની મજાક પણ ઉડાવી હતી. યુટ્યુબરે કહ્યું કે તેના નામમાં જ અશ્લીલતા છે, જુઓ તેનું નામ ચૂમ છે અને તેણે શું કામ કર્યું છે. આના જવાબમાં રજત દલાલે ‘ગંગુબાઈ’નું નામ લીધું હતું. યુટ્યુબરે તેના યુટ્યુબ શો ‘ફોર્ડકાસ્ટ વિથ એલ્વિશ’માં કહ્યું હતું કે કરણવીરને ચોક્કસપણે કોવિડ છે, કારણ કે કોઈ પણ ચૂમને કેવી રીતે પસંદ કરી શકે, તેનો ટેસ્ટ ખરાબ છે. તેના નામમાં જ અશ્લીલતા છે. તેનું નામ ચૂમ છે અને તેણે ગંગુબાઈમાં કામ કર્યું છે.’

એલ્વિશ યાદવની આ જાતિવાદી ટિપ્પણી સાંભળ્યા બાદ યુઝર્સે તેની ખૂબ ટીકા કરી હતી. ચૂમ દરાંગના નજીકના મિત્ર કરણવીર મહેરાએ પણ આ જાતિવાદી ટિપ્પણી પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. ચૂમે એલ્વિશના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ‘કોઈની ઓળખ અને નામની મજાક ઉડાવવી એ મજાકની વાત નથી. કોઈને તેમની સિદ્ધિઓ વિશે ચિડાવવામાં કોઈ મજા નથી. આ સમય છે કે આપણે બધાએ રમૂજ અને નફરત વચ્ચે એક લાઈન બનાવવી જોઈએ.’

# બીસીસીઆઈએ રોહિત શર્માને આપ્યો મોટો ઝટકો

## ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા આ વસ્તુઓ પર લગાવ્યો પ્રતિબંધ



(એજન્સી)નવી દિલ્હી તા 14

ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. આ માટે ટીમ ઈન્ડિયા 15 ફેબ્રુઆરીએ દુબઈ જવા રવાના થશે. પરંતુ આ પહેલા જ BCCIએ ભારતીય કેપ્ટન રોહિત શર્માને મોટો ઝટકો આપ્યો છે. બોર્ડે ટુર્નામેન્ટ દરમિયાન ઘણી વસ્તુઓ પર પ્રતિબંધ મૂક્યો છે. અમદાવાદ વનડે દરમિયાન ભારતીય કેપ્ટન રોહિત શર્માને BCCIએ મોટો ઝટકો આપ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે દુબઈ જતા પહેલા બોર્ડે તેમને પરિવાર, સામાન અને મુસાફરી સંબંધિત નિયમોની સંપૂર્ણ યાદી સત્તાવાર રીતે સોંપી દીધી છે. રિપોર્ટ અનુસાર, BCCI આ નિયમો અંગે ખૂબ જ ધ્યાન આપી રહ્યું છે અને ખેલાડીઓએ દરેક પરિસ્થિતિમાં તેનું પાલન કરવું પડશે.તમને જણાવી દઈએ કે ઈંગ્લેન્ડ સામેની શ્રેણી શરૂ થાય તે પહેલા બોર્ડની આ માર્ગદર્શિકા અંગે ઘણો હોબાળો થયો હતો. આ અંગે ઘણી ચર્ચા થઈ. ત્યારે રોહિત શર્માએ આ નિયમો પર નારાજગી વ્યક્ત કરી હતી અને પત્રકારોને સ્પષ્ટપણે કહ્યું હતું કે હજુ સુધી કંઈ પણ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી.ક્રિકબઝના અહેવાલ મુજબ, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફી માટે મુસાફરી, સામાન અને પરિવાર સાથે લઈ જવા માટે કેટલીક માર્ગદર્શિકા નક્કી કરી છે. ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓએ આનું પાલન કરવું જરૂરી છે. અમદાવાદમાં ઈંગ્લેન્ડ સામેની છેલ્લી વનડે દરમિયાન બોર્ડે કેપ્ટન રોહિત શર્માને નવી માર્ગદર્શિકાની નકલ સોંપી છે.એટલે કે હવે એમ કહી શકાય કે આ બધા નિયમો હવેથી લાગુ કરવામાં આવ્યા છે. ઉપરાંત, ટૂરિંગ મેનેજરને આનું પાલન થાય તેની ખાતરી કરવા કહેવામાં આવ્યું છે. BCCIના સૂત્રોએ જણાવ્યું હતું કે બોર્ડે શિસ્ત અને એકતા વધારવા તેમજ ટીમમાં સકારાત્મક વાતાવરણ જાળવવા માટે આ પગલા લીધા છે.

**એટલે કે હવે એમ કહી શકાય કે આ બધા નિયમો હવેથી લાગુ કરવામાં આવ્યા છે.**

ઉપરાંત, ટૂરિંગ મેનેજરને આનું પાલન થાય તેની ખાતરી કરવા કહેવામાં આવ્યું છે. BCCIના સૂત્રોએ જણાવ્યું હતું કે બોર્ડે શિસ્ત અને એકતા વધારવા તેમજ ટીમમાં સકારાત્મક વાતાવરણ જાળવવા માટે આ પગલા લીધા છે. રિપોર્ટ અનુસાર, હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી આર દેવરાજ ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન ટીમ મેનેજર રહેશે. તેમને આ નિયમોનું કડક પાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

### ખેલાડીઓ બોર્ડની પરવાનગી વિના તેમના અંગત સ્ટાફને સાથે લઈ જઈ શકશે નહીં

ક્રિકબઝના રિપોર્ટ અનુસાર, ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન BCCI વ્યક્તિગત સ્ટાફ પર મહત્તમ ધ્યાન આપી રહ્યું છે. BCCIએ આ માટે કડક માર્ગદર્શિકા જારી કરી છે અને ખેલાડીઓને વ્યક્તિગત મેનેજર, રસોઈયા, સહાયક અથવા સુરક્ષાકર્મીઓને તેમની સાથે લઈ જવા પર પ્રતિબંધ મૂક્યો છે. હવેથી, ખેલાડીઓ બોર્ડની પરવાનગી વિના તેમના અંગત સ્ટાફને સાથે લઈ જઈ શકશે નહીં. બોર્ડે લોજિસ્ટિક્સની સમસ્યા ઘટાડવા માટે આ પગલું ભર્યું છે.

# WPL 2025: મુંબઈ-બેંગલુરુને લાગ્યો ઝટકો

(એજન્સી) નવી દિલ્હી તા 14

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ WPL 2025માં પોતાની પહેલી મેચ શુક્રવાર 14 ફેબ્રુઆરીના રોજ રમવાની છે. જ્યારે મુંબઈ ઈન્ડિયન્સ 15 ફેબ્રુઆરીએ પોતાની યાત્રા શરૂ કરશે. પરંતુ આના એક દિવસ પહેલા બંને ટીમની એક-એક ખેલાડી ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. મહિલા પ્રીમિયર લીગ (WPL) 2025 14 ફેબ્રુઆરીથી શરૂ થશે. પરંતુ તેની શરૂઆતના એક દિવસ પહેલા જ બે ખેલાડીઓ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતી ઓલરાઉન્ડર પૂજા વસ્ત્રાકર અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની આશા શોભના ઈજાઓથી પરેશાન હતી. હાલ તો તેમના સ્વસ્થ થવાની કોઈ આશા દેખાતી ન હતી. તેથી, બંને ફ્રેન્ચાઈઝીઓએ ગુરુવાર 13 ફેબ્રુઆરીના રોજ ઈજાગ્રસ્ત ખેલાડીઓ માટે રિપ્લેસમેન્ટની જાહેરાત કરી હતી. બીજી તરફ, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ટીમે આશા શોભનાને 10 લાખ રૂપિયામાં રિટેન કરી હતી. પરંતુ તે પણ ઈજાને કારણે આખી સિઝન રમી શકશે નહીં. જોકે શોભનાને ફક્ત 10 લાખ રૂપિયાનું નુકસાન સહન કરવું પડશે.બેંગલુરુ ટુર્નામેન્ટમાં પોતાની પહેલી મેચ 14 ફેબ્રુઆરી શુક્રવારના રોજ ગુજરાત જાયન્ટ્સ સામે રમશે. મેચના એક દિવસ પહેલા સ્પિનર આશા શોભનાના સ્થાને 28 વર્ષીય વિકેટકીપર-બેટર નુઝહત પરવીનને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નુઝહત ઘરેલુ ક્રિકેટમાં રેલવે તરફથી રમે છે. તેણે ટીમ ઈન્ડિયા માટે 5 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. RCBએ તેને વર્તમાન સિઝન માટે 30 લાખ રૂપિયા આપ્યા છે. તમને જણાવી દઈએ કે તે હરાજીમાં વેચાઈ ન હતી. કોઈ ટીમે તેના માટે બોલી લગાવી ન હતી.પૂજા વસ્ત્રાકરને મુંબઈ ઈન્ડિયન્સે 1.9 કરોડ રૂપિયામાં કરી હતી. કારણે તેણે નિયમ અનુસાર પૂજા વસ્ત્રાકરને તેનો પગાર મળશે નહીં. પૂજાએ કરોડો રૂપિયા કમાવવાની તક ગુમાવી દીધી છે.વિકેટકીપર-બેટર નુઝહત પરવીનને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નુઝહત ઘરેલુ ક્રિકેટમાં રેલવે તરફથી રમે છે. તેણે ટીમ ઈન્ડિયા માટે 5 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે.



# ભારતના બોલર સહિત 11 ખેલાડીઓ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી થયા બહાર

(એજન્સી) નવી દિલ્હી તા 14

ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. જો કે ટુર્નામેન્ટ શરૂ થવા પહેલા ખેલાડીઓનો બહાર થવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં કુલ 8 ટીમો ભાગ લઈ રહી છે, જેમાંથી 6 ટીમનો ઓછામાં ઓછો એક ખેલાડી બહાર થઈ ગયો છે. ચાલો એક નજર કરીએ તે 11 ખેલાડીઓ પર જે અત્યાર સુધી ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર થઈ ગયા છે. ભારતનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ કમરની ઈજાને કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો છે.



બુમરાહ બહાર હોવાથી ટીમ ઈન્ડિયાને મોટો ફટકો પડ્યો છે. બુમરાહની ગેરહાજરીમાં ભારતની બોલિંગ તાકાત ઘટી ગઈ છે.ઓસ્ટ્રેલિયાનો રેગ્યુલર કેપ્ટન અને સ્ટાર ફાસ્ટ બોલર પેટ કમિન્સ પગની ઘૂંટીની ઈજાને કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો છે. તેની ગેરહાજરીથી ઓસ્ટ્રેલિયાના પેસ આક્રમણને ફટકો પડ્યો છે. ડાબોડી ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કે અંગત કારણોસર ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. સ્ટાર્કની ગેરહાજરીમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઓસ્ટ્રેલિયાનું પેસ આક્રમણ વધુ નબળું થઈ ગયું લાગે છે.ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થનારા ચોથો ઓસ્ટ્રેલિયન ખેલાડી છે ઓલરાઉન્ડર મિશેલ માર્શ. માર્શને પણ ઈજા થઈ છે જેના કારણે તેને ટુર્નામેન્ટમાંથી ખસી જવું પડ્યું છે.

# રણવીર અલ્હાબાદિયાની હરકતો જોઈ કોહલી-યુવરાજે ભર્યું મોટું પગલું

(એજન્સી) નવી દિલ્હી તા 14

રણવીર અલ્હાબાદિયાનો અશ્લીલ ટિપ્પણી વિવાદ હાલ ચર્ચામાં છે. આ વિવાદ બાદ વિરાટ કોહલી અને યુવરાજ સિંહે રણવીર અલ્હાબાદિયાને સોશિયલ મીડિયા પર અનફોલો કરી દીધો છે. રણવીર અલ્હાબાદિયા પોતાને વિરાટ કોહલીનો મોટો ચાહક કહે છે. અહેવાલો અનુસાર, તેણે કહ્યું હતું કે જે દિવસે વિરાટ કોહલી તેના પોડકાસ્ટ પર આવશે, તે દિવસ તેનો છેલ્લો પોડકાસ્ટ હશે. પરંતુ, એવું લાગે છે કે હવે તેનું સ્વપ્ન અધૂરું રહેશે. કારણ કે અશ્લીલ ટિપ્પણીની ઘટના બાદ વિરાટ કોહલીએ તેને અનફોલો કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે અને હવે વિરાટના રણવીરના શો પર આવવાના કોઈ અણસાર નથી. રણવીર અલ્હાબાદિયાએ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' નામના શોમાં અશ્લીલ ટિપ્પણી કરી હતી, જેના પછી તેની અને સમય રૈનાની મુશ્કેલીઓ વધી ગઈ હતી. બંને સામે મુંબઈમાં FIR દાખલ કરવામાં આવી છે.

# ભારત-પાકિસ્તાન મેચની ટિકિટ ખરીદ્યા પછી ચાહકો અટવાયા

(એજન્સી) દુબઈ તા 14

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના મોટા મુકાબલાની દરેક વ્યક્તિ રાહ જોઈ રહી છે. પરંતુ આ પહેલા જ ચાહકોને મોટો ઝટકો લાગ્યો છે. દુબઈમાં યોજાનારી આ મેચ માટે ટિકિટ હોવા છતાં UAEએ ઘણા ચાહકોના વિઝા નકારી કાઢ્યા છે. ICC ચેમ્પિયન્સ ટ્રોફી જેવી મોટી ટુર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મોટી મેચનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. બંને ટીમો દુબઈમાં ટકરાશે. આ મહા મુકાબલાની ટિકિટો પણ તાજેતરમાં વેચાઈ ગઈ છે. હવે ચાહકો ફક્ત બંને ટીમો વચ્ચેની ટક્કરની રાહ જોઈ રહ્યા છે. પરંતુ આ પહેલા ચાહકો માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. ખરેખર, આ મેચ માટે ચાહકોને વિઝા સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ચાહકો મેચ માટે ઉત્સાહિત છે પરંતુ વિઝાની સમસ્યાઓ ખરાબ સમાચાર લઈને આવી છે.ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ 23 ફેબ્રુઆરીએ દુબઈ, યુએઈમાં યોજાવાની છે. ભારત અને પાકિસ્તાન બંને દેશોના હજારો ચાહકો પોતપોતાની ટીમોને સમર્થન આપવા દુબઈ પહોંચશે. જોકે,



પાકિસ્તાની ચાહકોને UAE તરફથી વિઝા મળી રહ્યા નથી. ભારત-પાકિસ્તાન મેચની ટિકિટ હોવા છતાં પાકિસ્તાનીઓના વિઝા નકારવામાં આવી રહ્યા છે તેવા ઘણા કિસ્સાઓ બન્યા છે.પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરી રહ્યું છે પરંતુ ભારતે પાકિસ્તાનનો પ્રવાસ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ પછી એવું નક્કી થયું કે ટીમ ઈન્ડિયાની બધી મેચ દુબઈમાં યોજાશે. પ્રથમ મેચમાં ટીમ ઈન્ડિયા 19 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે ટકરાશે. ત્યારબાદ 23 ફેબ્રુઆરીએ ભારત-પાકિસ્તાનની ટક્કર થશે, અને 2 માર્ચે ન્યુઝીલેન્ડ સામે ભારત ગ્રુપ સ્ટેજની અંતિમ મેચ રમશે. જો ટીમ ઈન્ડિયા સેમી ફાઈનલ અને ફાઈનલમાં પ્રવેશ કરે છે, તો આ મેચો ફક્ત દુબઈમાં જ યોજાશે.

# આઈસીસીએ પાક.પ્લેયર શાહિન, કામરાન અને સઉદને દંડ ફટકાર્યો





(એજન્સી) કરાંચી તા 14

પાકિસ્તાનના શાહિન શાહ આફ્રિદી, સઉદ શકીલ તથા કામરાન ગુલામને કરાચી ખાતે સાઉથ આફ્રિકા સામેની ત્રિકોણીય શ્રોણીની મેચમાં આઈસીસી આચારસંહિતાના લેવલ-1નું ઉલ્લંઘન કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. શાહિનને મેચ ફીના 25 ટકા તથા સઉદ અને કામરાનને મેચ ફીના 10 ટકાની રકમનો દંડ કરાયો છે. આઈસીસીની આચારસંહિતાના નિયમ 2.12 ના ઉલ્લંઘન હેઠળ તમામ ખેલાડીઓ દોષિત જાહેર થયા છે. સાઉથ આફ્રિકાની ઈનિંગની 28મી ઓવરમાં શાહિન જાણીજોઈને બેટ્સમેન મેથ્યૂ બ્રિટ્ઝકેને રનિંગ વખતે અથડાયો હતો. બંને વચ્ચે અયોગ્ય રીતે શારીરિક સંપર્ક થયો હતો અને બંને બોલાચાલીમાં ઉતર્યા હતા. આ ત્રણેય પાકિસ્તાની ખેલાડીઓને દંડ ફટકારવા ઉપરાંત તેમના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. ત્રણેય ખેલાડીઓએ પોતાનો ગુનો કબૂલી લીધો હતો જેના કારણે કોઈ સત્તાવાર સુનાવણીની જરૂર પડી નહોતી. ફિલ્ડ અમ્પાયર આસિફ યાકુબ તથા માઈકલ ગોફ, થર્ડ અમ્પાયર રિચાર્ડ ઈલિંગવર્થ અને ફોર્થ અમ્પાયર ફેઝલ આફ્રિદીએ મેચરેફરી સામે આ ઘટનાની ફરિયાદ કરીને રિપોર્ટ સુપરત કર્યો હતો. ત્રણેય ખેલાડીઓ આગામી 24 મહિનામાં વધુ એક વખત ડિમેરિટ પોઈન્ટનો સામનો કરશે તો તેઓ એક મેચ માટે સસ્પેન્ડ થઈ શકે છે.

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં ફેવરિટ ટીમોની ગણતરી બગાડીશું

(એજન્સી) બાંગ્લાદેશ તા 14

બાંગ્લાદેશના સુકાની નજમુલ હુસૈન શાન્તોએ જણાવ્યું હતું કે અમારી ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા માટેની ક્ષમતા ધરાવે છે અને આઈસીસી ઈવેન્ટ દરમિયાન અમે કેટલીક ફેવરિટ ટીમોની ગણતરી બગાડી શકીએ છીએ. શાન્તોએ અન્ય ટીમોને ચેતવણીનો સંકેત આપ્યો હતો કે આઠ ટીમોની ટૂર્નામેન્ટમાં બાંગ્લાદેશની ટીમ કેટલાક સનસનાટીભર્યા પરિણામ આપી શકે છે. શાન્તોએ જણાવ્યું હતું કે અમે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ચેમ્પિયન બનવા માટે જઇ રહ્યા છીએ. આ ટૂર્નામેન્ટમાં તમામ આઠ ટીમો ટાઈટલ જીતવા માટેની હકદાર છે. મારા મતે અન્ય ટીમોની જેમ અમારી ટીમમાં પણ ક્ષમતા છે. પ્રત્યેક ખેલાડી ચેમ્પિયન બનવા માગે છે અને તેઓ પોતાની ક્ષમતા ઉપર વિશ્વાસ કરે છે. અમે આકરી મહેનત કરીને સર્વશ્રોષ્ઠ પ્રદર્શન કરવા માગીશું અને મને ભરોસો છે કે અમે અમારો ટાર્ગેટ હાંસલ કરવામાં સફળ પણ રહીશું. ટીમનો પ્રત્યેક ખેલાડી પોતાની ક્ષમતાના આધારે વિજય અપાવી શકે છે. અમારી પાસે પેસ અને સ્પિન બોલર્સનું શાનદાર કોમ્બિનેશન છે. અમારી પાસે બેલેન્સ ટીમ છે અને જો પ્રત્યેક પોતાની ક્ષમતા મુજબનો દેખાવ કરશે તો મને ખાતરી છે કે અમે કોઈ પણ ટીમને હરાવી શકીએ છીએ.



# ICCની નવી ODI ટીમ રેન્કિંગમાં પાકિસ્તાનને ફાયદો, પોઈન્ટ ટેબલમાં ભારત ક્યાં સ્થાને?

(એજન્સી) દુબઈ તા14

ભારતે ત્રીજી મેચમાં ઈંગ્લેન્ડને 142 રનથી હરાવ્યું. આ મેચ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાએ ત્રણ મેચની સિરીઝ 3-0થી જીતી લીધી. પાકિસ્તાને ત્રિકોણીય સિરીઝમાં દક્ષિણ આફ્રિકાને પણ હરાવ્યું છે. આ સિવાય શ્રીલંકાએ બે મેચની ODI સિરીઝની પહેલી મેચમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને બધાને ચોંકાવી દીધા. આ મેચોના પરિણામો પછી, ICC ODI ટીમ રેન્કિંગમાં ઘણો ફેરફાર થયો છે. 2023ના ODI વર્લ્ડકપ પછી ઈંગ્લેન્ડનું ખરાબ પ્રદર્શન ચાલુ છે. ઈંગ્લેન્ડે 2023 વર્લ્ડકપ પછી 23 વનડે રમી છે, જેમાંથી 16માં



હારનો સામનો કરવો પડ્યો છે. ભારતના પ્રવાસ પર પણ, તેમને 8 માંથી 7 મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. વનડે સિરીઝમાં હાર બાદ ઈંગ્લેન્ડને નુકસાન થયું છે. ઈંગ્લેન્ડે એક રેટિંગ પોઈન્ટ ગુમાવ્યો છે. ઈંગ્લેન્ડનું રેટિંગ હવે 93 થી ઘટીને 92 થઈ ગયું છે. ઈંગ્લેન્ડ સામે 3-0થી સિરીઝ ક્લીન સ્વીપ કર્યા બાદ ભારતે ICC ODI ટીમ રેન્કિંગમાં ફરી ટોપનું સ્થાન મેળવ્યું ઈન્ડિયાનું રેટિંગ 119 છે. ઘરઆંગણે દક્ષિણ આફ્રિકા સામે રેકોર્ડ લક્ષ્યનો પીછો કરીને પાકિસ્તાને એક સ્થાનનો સુધારો કર્યો.

# 'ચેમ્પિયન્સ ટ્રોફીમાં મારો રેકોર્ડ તોડશે કોહલી:ક્રિસ ગેલ

(એજન્સી) વેસ્ટ ઈન્ડીઝ તા 14

વેસ્ટ ઈન્ડીઝના પૂર્વ ધાકડ બેટર ક્રિસ ગેલનું માનવું છે કે, 'વિરાટ કોહલી ભલે ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો હોય પરંતુ તે હજુ પણ વિશ્વનો શ્રેષ્ઠ ખેલાડી છે.' કોહલી છેલ્લા કેટલાક સમયથી રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. રવિવારે કટકમાં રમાયેલી ઈંગ્લેન્ડ સામેની બીજી વનડેમાં કોહલી ફક્ત પાંચ રન બનાવી શક્યો હતો. પરંતુ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં કોહલી સાથે રમી ચૂકેલો ગેલ કોહલીના ખરાબ ફોર્મથી ચિંતિત નથી. ગેલને જયારે પૂછવામાં આવ્યું કે શું કોહલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ગેલના સૌથી વધારે રન બનાવવાના રેકોર્ડને તોડી નાખશે? તેના જવાબમાં ગેલે કહ્યું કે, 'આ તેના માટે ખૂબ જ સરળ છે. કારણ કે તે આનાથી લગભગ 200 રન જ દુર છે. મને ખબર નથી કે તે કેટલી મેચ રમશે પરંતુ મને પૂરો વિશ્વાસ છે કે તે 200થી વધુ રન બનાવશે. મને વિશ્વાસ છે કે તે સદી ફટકારશે.' રોહિત શર્માને લઈને વધુમાં ગેલે કહ્યું હતું કે, 'રોહિતને શુભકામનાઓ, રમતને મનોરંજન કરવાવાળો હંમેશા નવો ખેલાડી જોઈતો હોય છે. રોહિત છેલ્લા કેટલાક સમયથી ક્રિકેટ ચાહકોનું મનોરંજન કરી રહ્યો છે. એવું જ મેં પણ કર્યું હતું. રોહિત હજુ શહેરનો નવો બાદશાહ છે અને આશા છે કે તે હજુ વધુ છગ્ગા ફટકારશે.' અહીં તમને જણાવી દઈએ કે, રોહિત શર્માએ વનડેમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ તોડી નાખ્યો હતો.

# 'ગોલ્ફ ટૂર નહીં, ક્રિકેટ ટૂર હતી...', ભારત સામે ઈંગ્લેન્ડના કારમા પરાજય પર ભડક્યો દિગ્ગજ

(એજન્સી) અમદાવાદ તા 14

ભારતીય પ્રવાસ પર જોશ બટલરના નેતૃત્વમાં ઈંગ્લેન્ડની ટીમને હારનો સામનો કરવો પડ્યો છે. ભારતે ઈંગ્લેન્ડને પાંચ મેચોની T20I અને ત્રણ મેચોની વનડે સીરિઝમાં કારમી હાર આપી છે. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામેની T20I સીરિઝમાં 4-1થી જીતી હતી. તો બીજી તરફ રોહિત શર્માના નેતૃત્વમાં ભારતે વનડેમાં ઈંગ્લેન્ડ સામે ક્લીન સ્વીપ કર્યું હતું. અમદાવાદ ખાતે રમાયેલી સીરિઝની ત્રીજી મેચમાં ભારતે 142 રને ભવ્ય વિજય મેળવ્યો હતો. આ મેચમાં કોમેન્ટ્રી દરમિયાન પૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રીએ ખુલાસો કર્યો હતો કે, 'ઈંગ્લેન્ડના ખેલાડીઓએ પૂરી સીરિઝમાં માત્ર એક જ પ્રેક્ટિસ



સેશનમાં ભાગ લીધો હતો.' હવે આ નિવેદનને લઈને ઈંગ્લેન્ડ ટીમના પૂર્વ કેપ્ટન કેવિન પીટરસને પ્રતિક્રિયા આપી છે. પૂર્વ કેપ્ટન કેવિન પીટરસન ઈંગ્લીશ ટીમ પર ભડક્યો ઈંગ્લેન્ડની હાર બાદ પૂર્વ કેપ્ટન કેવિન પીટરસન ટીમ પર ભડકી ગયો હતો અને તેણે કહ્યું હતું કે, 'રવિ શાસ્ત્રી અને હું ચર્ચા કરી રહ્યા હતા કે આ લોકોએ (ઈંગ્લેન્ડ ટીમના ખેલાડીઓ) છેલ્લે ગયા અઠવાડિયે પ્રેક્ટિસ કરી હશે. તેમણે માત્ર નાગપુર મેચના એક દિવસ પહેલા પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે અત્યાર સુધીમાં પ્રેક્ટિસ જ નથી કરી. ફક્ત એક બેટર જો રૂટે નેટ પર પ્રેક્ટિસ કરી હતી. મને અફસોસ છે પરંતુ તમે ભારતમાં આવીને આ પ્રકારની ભૂલ ન કરી શકો. કોઈ પણ ખેલાડી એ પછી પુરુષ હોઈ કે મહિલા, એવું નથી કે કોઈ સીરિઝમાં જઈને નક્કી કરી લે કે પ્રેક્ટિસ વિના પણ હું સારું પ્રદર્શન કરી શકીશ. મને ખૂબ જ દુઃખ થઈ રહ્યું છે. જ્યારે મેં સાંભળ્યું કે ઈંગ્લેન્ડે પહેલી મેચ બાદ પ્રેક્ટિસ કરી નથી ત્યારે હું સંપૂર્ણપણે ચોંકી ગયો.' પીટરસને નિરાશાજનક હાર છતાં નેટ સેશનમાં હાજરી આપવાને બદલે 'ગોલ્ફ' રમતા ઈંગ્લિશ ખેલાડીઓ પર પણ કટાક્ષ કર્યો હતો. ભૂતપૂર્વ કેપ્ટને કહ્યું હતું કે, 'હું સમજું છું, તમે તેનો આનંદ માણો.

# પંત કે રાહુલ? ચેમ્પિયન્સ ટ્રોફીમાં કોનું પત્તુ કપાશે?

(એજન્સી) દુબઈ તા 14

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની વનડે સીરિઝ પૂર્ણ થઈ ગઈ છે. ભારતે છેલ્લી વનડેમાં ઈંગ્લેન્ડને 142 રનથી હરાવીને સીરિઝ પર કબજો કરી લીધો છે. ભારતીય ટીમ હવે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં પોતાનો દમ દેખાડશે. ત્યારે હવે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઋષભ પંત અને કેએલ રાહુલમાંથી કોણ વિકેટકીપિંગની જવાબદારી સંભાળશે? ભારતના હેડ કોચ ગૌતમ ગંભીરે આ સવાલનો સ્પષ્ટ જવાબ આપી દીધો છે. તેમણે કન્ફર્મ કરી દીધું છે કે રાહુલ ટુર્નામેન્ટમાં ટીમનો પ્રથમ પસંદગીનો વિકેટકીપર હશે. પંતને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવા અંગે તાત્કાલિક વિચાર કરવામાં આવશે નહીં. ાહુલે ઈંગ્લેન્ડ વનડે સીરિઝમાં વિકેટકીપરની ભૂમિકા ભજવી હતી. બીજી તરફ પંતને ઈંગ્લેન્ડ સામેની કોઈપણ મેચમાં પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો નહોતો. રાહુલને પહેલી બે મેચમાં છઠ્ઠા નંબરે બેટિંગ માટે મેદાનમાં ઉતારવામાં આવ્યો હતો, જેમાં તે આરામદાયક નહોતો. જોકે અમદાવાદમાં રમાયેલી ત્રીજી મેચમાં તે પોતાના મનપસંદ નંબર પાંચ પર બેટિંગ કરવા આવ્યો અને 29 બોલમાં 40 રનની ઉપયોગી ઈનિંગ રમ્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થશે જ્યારે ભારત 20 ફેબ્રુઆરીથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. બુધવારે ત્રીજી વનડે જીત્યા બાદ કોચે કહ્યું કે, 'રાહુલ હાલમાં આપણો નંબર વન વિકેટકીપર છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી :ઓસ્ટ્રેલિયન ટીમમાં ઉથલપાથલ ,5 મોટા ફેરફાર

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 14

19 ફેબ્રુઆરીથી શરુ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પહેલા ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમને એક નહીં પરંતુ પાંચ મોટા ઝટકા લાગ્યા છે. થોડા દિવસો પહેલા ઓસ્ટ્રેલિયન ટીમ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે, ટીમમાં ચાર ફેરફાર કરવામાં આવશે. પરંતુ હવે ICCની ડેડલાઈન પહેલા 15 સભ્યોની ટીમમાં પાંચ ફેરફાર કરવામાં આવ્યા છે. કેપ્ટન પેટ કમિન્સની સાથે ઝડપી બોલર જોશ હેઝલવુડ, ઓલરાઉન્ડર મિશેલ માર્શ અને માર્કસ સ્ટોઈનિસ પહેલાથી જ ટીમની બહાર થઈ ગયા છે. હવે ઓસ્ટ્રેલિયન સ્ટાર બોલર મિચેલ સ્ટાર્ક પણ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો છે. પહેલાથી જ ઓસ્ટ્રેલિયન ટીમના બે બોલરો ટીમમાંથી બહાર ચાલી રહ્યા હતા અને હવે મિચેલ સ્ટાર્ક પણ નહી રમે તો ઓસ્ટ્રેલિયાનું બોલિંગ આક્રમણ ઘણું નબળું પડી જશે. અંગત કારણોને લીધે મિચેલ સ્ટાર્કે ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બહાર રહેવાનો નિર્ણય કર્યો છે.

## ગેરકાયદે ભારતીયોને લઈને બીજી ફ્લાઈટ આવશે; આ વખતે કેટલા ગુજરાતીઓ હશે?

# ટ્રમ્પે તમામ દેશો પર ટેરિફ લગાવ્યા:કહ્યું-ભારત ટેરિફ લાદવામાં સૌથી મોખરે

(એજન્સી) વોશિંગ્ટન તા 14

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદી સાથે મુલાકાતના 2 કલાક પહેલા ભારત સહિત તમામ દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. પારસ્પરિક ટેરિફનો અર્થ એ છે કે કોઈ દેશ અમેરિકન માલ પર ગમે તેટલો ટેરિફ લાદશે, અમેરિકા પણ તે દેશના માલ પર તેટલા જ ટેરિફ લાદશે. રોઈટર્સના અહેવાલ મુજબ, તેમણે ગુરુવારે રાત્રે (ભારતીય સમય મુજબ 12:30વાગ્યે) આ સંબંધિત નવી ટેરિફ નીતિ પર હસ્તાક્ષર કર્યા. ટ્રમ્પે હજુ સુધી આ ટેરિફ કયા દેશો પર લાદવામાં આવશે તેની માહિતી આપી નથી. જોકે, તેમણે કહ્યું છે કે જે પણ દેશો અમેરિકા પર ટેરિફ લાદે છે, અમેરિકા પણ તેમના પર એટલા જ ટેરિફ લાદશે. આવતીકાલે અમેરિકા ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સની બીજી બેચ મોકલશે.



### મસ્ક અને મોદીની મુલાકાત અંગે પણ વાત કરી

પીએમ મોદી અને ઈલોન મસ્ક વચ્ચેની મુલાકાત અંગે ટ્રમ્પે કહ્યું કે તેમને લાગે છે કે મસ્ક ભારતમાં વ્યવસાય કરવા માગે છે, પરંતુ ટેરિફને કારણે ભારતમાં વ્યવસાય કરવો ખૂબ મુશ્કેલ છે. ત્યાંનો ટેરિફ ખૂબ ઊંચો છે. મને લાગે છે કે તે (મસ્ક) તેને એટલા માટે મળ્યો હતો કારણ કે તે એક કંપની ચલાવી રહ્યો છે. ટ્રમ્પે ગુરુવારે ટેરિફ લાદવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા. આ પહેલા ટ્રમ્પે ગુરુવારે સાંજે ટેરિફ લાદવાની માહિતી આપી હતી. તેમણે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે આજે સૌથી મોટો દિવસ છે.

### મને યાદ છે જ્યારે હાર્લી ડેવિડસન ભારતમાં તેની મોટરબાઈક વેચી શકતી ન હતી

ભારતમાં ટેક્સ ખૂબ ઊંચા હતા, ટેરિફ ખૂબ ઊંચા હતા, અને હાર્લીને ઉત્પાદન બંધ કરવાની ફરજ પડી હતી. મને લાગે છે કે ટેરિફથી બચવા માટે તેમને ભારતમાં ફેક્ટરી સ્થાપવી પડી હતી. અમે પણ એવું જ કરી શકીએ છીએ. ટેરિફથી બચવા માટે તેઓ અહીં ફેક્ટરી અથવા પ્લાન્ટ સ્થાપી શકે છે.' ટેરિફ લાદવામાં ભારત સૌથી ઉપર છે. કેટલાક નાના દેશો એવા છે જે તેનાથી પણ વધુ ઊંચા ટેરિફ લાદે છે, બીજી તરફ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અમેરિકા પહોંચી ગયા છે. તેઓ આજે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે.

### ટ્રમ્પે કહ્યું-100% ટેરિફ લાદતાની સાથે જ બ્રિક્સનો અંત આવશે

દરમિયાન, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પીએમ મોદીની અમેરિકા મુલાકાત દરમિયાન, અમેરિકા બીજી ફ્લાઈટ દ્વારા ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને પાછા મોકલી શકે છે. આ ફ્લાઈટ 15 ફેબ્રુઆરીએ અમૃતસર પહોંચવાની અપેક્ષા છે. હાલમાં આ અંગે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. પહેલી ફ્લાઈટ 5ફેબ્રુઆરીના રોજ આવી. આમાં, 104 ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને ભારત મોકલવામાં આવ્યા હતા. હવે બીજી ફ્લાઈટમાં કેટલાં ઈમિગ્રન્ટ્સને હશે તે જાહેર કરવામાં આવ્યું નથી. જોકે, આ ફ્લાઈટમાં પણ કેટલાંક ગુજરાતીઓ હોવાની શક્યતા છે.

## 'ભારત-અમેરિકા વેપારને 2030 સુધીમાં બમણો કરીશું: ટ્રમ્પ

(એજન્સી) અમેરિકા તા 14

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના અમેરિકાના પ્રવાસે છે. ત્યારે આજે (14મી ફેબ્રુઆરી) તેમણે વૉશિંગ્ટન ડીસી ખાતે વ્હાઈટ હાઉસમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી. બંને ગ્લોબલ લીડર વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. ત્યારબાદ દ્વિપક્ષીય બેઠક બાદ બંને નેતાઓની જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ભારત-અમેરિકા વેપારને વર્ષ 2030 સુધીમાં બેગણો કરીશું. નવા લક્ષ્યોને પ્રાપ્ત કરવાનો સંકલ્પ. આતંકવાદ વિરૂદ્ધ સાથે મળીને લડીશું. માનવ તસ્કરીના તંત્ર સામે અમારી લડાઈ. જે ભારતીય હશે તેને પરત લેશે ભારત.' આ દરમિયાન વડાપ્રધાન મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પને ભારત આવવા માટે આમંત્રણ આપ્યું છે.

જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સની શરૂઆત અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના ભારત પ્રવાસ અને વડાપ્રધાન મોદીની હોસ્પિટેલિટીને યાદ કરતા કરી. બંને દેશોને આર્થિક રીતે મજબૂત કરવા માટે ફ્રેમવર્કની જાહેરાત. તેમણે જણાવ્યું હતું કે, 'આ વર્ષે અરબો ડોલરની સાથે વધુ રક્ષા વેચાણ શરૂ થઈ રહ્યું છે. ક્વાડ અને ઈન્ડો-પેસિફિકને મજબૂત કરવામાં આવશે.'

'ઈસ્લામિક આતંકવાદ સામે લડીશું' અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતુ કે, 'મને એ જાહેરાત કરતા ખુશી થઈ રહી છે કે મારા તંત્રએ ભારતમાં ન્યાયનો સામનો કરવા માટે વર્ષ 2008ના મુંબઈ આતંકવાદી હુમલાના ષડયંત્રકારમાંથી એક તહવ્વુર રાણાને પ્રત્યાર્પણની મંજૂરી આપી દીધી છે. તે ન્યાયનો સામનો કરવા માટે ભારત પરત જઈ રહ્યા છે.

## ભારતીય મૂળના વિવેક રામાસ્વામી મોદીને મળ્યા, અડધો કલાક વાતચીત થઈ

(એજન્સી) વૉશિંગ્ટન તા 14

PM મોદીએ વોશિંગ્ટન ડીસીના બ્લેર હાઉસ ખાતે યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વોલ્ટ્ઝ સાથે મુલાકાત કરી. આ બેઠકમાં ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર અને NSA અજિત ડોભાલ પણ હાજર હતા. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી સવારે 2.30 વાગ્યે વ્હાઈટ હાઉસમાં મળશે. આ પછી, ઘણી જાહેરાતો થઈ શકે છે. આ સમયગાળા દરમિયાન બંને દ્વિપક્ષીય બેઠક કરશે અને ત્યારબાદ એક પ્રેસ સ્ટેટમેન્ટ પણ જારી કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બેઠકમાં બંને નેતાઓ ટેરિફ અને ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સ સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરશે. ગુરુવારે રાત્રે લગભગ 9 વાગ્યે (ભારતીય સમય), પીએમ મોદીએ યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) માઈક વોલ્ટ્ઝને મળ્યા. આ બેઠકમાં



ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર અને એનએસએ અજિત ડોભાલ પણ હાજર હતા. આ પછી પીએમ મોદી એલોન મસ્કને મળ્યા. મસ્ક પોતાના પરિવાર સાથે બ્લેર હાઉસ પહોંચ્યા. મસ્કે પીએમ મોદીને ભેટ તરીકે સ્મૃતિચિહ્ન આપ્યું. બંને વચ્ચે લગભગ એક કલાક વાતચીત થઈ.પીએમ મોદીને મળ્યા બાદ બ્લેર હાઉસમાંથી બહાર આવતાં, વિવેક રામાસ્વામીએ કહ્યું કે અહીં પીએમ મોદીનું સ્વાગત કરવું ખૂબ જ આનંદ અને સન્માનની વાત છે. મને આશા છે કે તેમની મુલાકાત અદ્ભુત રહેશે. તેમની સાથે સારી મુલાકાત થઈ. ગેરકાયદેસર ઈમિગ્રેશન મુદ્દો: ગયા અઠવાડિયે 104 ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને અમેરિકાથી ભારત મોકલવામાં આવ્યા હતા. હાથમાં હાથકડી અને પગમાં બેડીઓ હતી. આ અંગે વિપક્ષે સંસદમાં હોબાળો મચાવ્યો હતો અને કેન્દ્ર સરકારની ટીકા કરી હતી.ચીન સાથે વ્યવહાર કરવામાં અસરકારક: ટ્રમ્પ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ હતા જેમણે ચીનને વ્યૂહાત્મક હરીફ ગણાવ્યું. ભારત પહેલાથી જ તેની ઉત્તરી અને ઉત્તર-પૂર્વીય સરહદો પર ચીનના પડકારનો સામનો કરી રહ્યું છે. આ સાથે, તે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીન તરફથી પણ પડકારનો સામનો કરી રહ્યું છે.

## જર્મનીમાં અફઘાન શરણાર્થીએ કાર વડે લોકોને કચડ્યા

(એજન્સી) મ્યુનિક તા 14

જર્મન શહેર મ્યુનિકમાં એક અફઘાન શરણાર્થીએ પોતાની કાર લોકો પર ચડાવી દીધી છે. આ અકસ્માતમાં 28થી વધુ લોકો ઘાયલ થયા છે. મ્યુનિક બાવેરિયાની રાજધાની છે. આ ઘટના સ્થાનિક સમય મુજબ સવારે 10:30 વાગ્યે શહેરના મધ્ય ભાગ નજીક બની હતી. તે સમયે, સર્વિસ વર્કર્સ યુનિયનના લોકો વિરોધ કરી રહ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી 24 વર્ષીય હુમલાખોરની ધરપકડ કરી હતી. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડ્રાઈવરનું નામ ફરદાહ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. તે 2016માં જર્મની આવ્યો હતો. તેના પર ઈસ્લામ વિરોધી વિરોધ પ્રદર્શન દરમિયાન એક પોલીસ અધિકારી સહિત છ લોકોને છરા મારીને ઘાયલ કરવાનો આરોપ છે.

પોલીસે ઘટનાસ્થળેથી મીની કૂપર કાર કબજે કરી છે. ફાયર સર્વિસના જણાવ્યા અનુસાર, ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર છે. પોલીસને શંકા છે કે આ હુમલો ઈરાદાપૂર્વક કરવામાં આવ્યો હતો. તે જ સમયે, મ્યુનિકના મેયર ડાયટર રીટરે આ ઘટના પર ઊંડો દુ:ખ વ્યક્ત કર્યો અને કહ્યું કે ઘાયલોમાં બાળકો પણ સામેલ છે.

બાવેરિયાના ગૃહમંત્રી જોઆચિમ હર્મનના જણાવ્યા અનુસાર, પોલીસ હુમલાખોરને પહેલાથી જ જાણતી હતી. તેની અગાઉ ડ્રગ્સની હેરાફેરી અને દુકાનમાં ચોરીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.

અહેવાલો અનુસાર, હુમલાખોર મીની કૂપર કાર ચલાવી રહ્યો હતો. હુમલા સમયે કારની ગતિ 50 કિમી પ્રતિ કલાકની હતી. ઘટનાસ્થળેથી મળેલી કારનો આગળનો કાચ સંપૂર્ણપણે તૂટી ગયો હતો. અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે.

## પત્રકારો માટે 2024 લોહિયાળ સાબિત થયું, સૌથી વધુ ઈઝરાયલે કરી હત્યા

(એજન્સી) ઈઝરાયેલ તા 14

ICPJ report : ઈન્ટરનેશનલ કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટસ (આઈ.સી.પી.જે.)ના રિપોર્ટ પ્રમાણે 2024નું વર્ષ પત્રકારો માટે સૌથી વધુ ખતરનાક સાબિત થયું છે. ઈન્ટરનેશનલ કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટસ (આઈસીપીજે)ના છેલ્લાં રિપોર્ટ પ્રમાણે ગત વર્ષે (2024)માં રેકોર્ડ 124 પત્રકારો માર્યા ગયા હતા. આ આંક 2023 માં માર્યા ગયેલા 102, અને 2022માં માર્યા ગયેલા 69 પત્રકારો કરતાં ઘણો ઊંચા છે, આ સંગઠને જણાવ્યું હતું કે પત્રકારોની સલામતીની હાલાત-સતત બગડતી રહી છે.

આ મૃત્યુ માટે સૌથી વધુ જવાબદાર ઈઝરાયેલ છે. પત્રકારોનાં આ મૃત્યુ પૈકી ૭૦ ટકા તો ઈઝરાયલનાં ગાઝાપટ્ટીપરનાં આક્રમણોનો રિપોર્ટ લેવા જનારા પત્રકારો હતા. તેથી તે મૃત્યુ માટે ઈઝરાયેલને જ જવાબદાર ગણવું જોઈએ. આ આક્ષેપને રદિયો આપતાં ઈઝરાયેલી સેનાએ કહ્યું હતું કે અમારી સેના કદી પણ પત્રકારોને નિશાન બનાવતી નથી. આમ છતાં સત્ય હકીકત તે છે કે,2024માં ગાઝા યુદ્ધનું કવરેજ કરવા ગયેલા પત્રકારો 2023માં 78 પત્રકારો માર્યા ગયા હતા.

## અમેરિકાથી ગેરકાયદે ભારતીયો સાથે બીજું વિમાન આવતીકાલે ભારતમાં લેન્ડ થવાની શક્યતા

(એજન્સી) અમેરિકા તા 14

અમેરિકામાંથી ડિપોર્ટ કરવામાં આવેલાં ભારતીયોની બીજી ઉડાન 15 ફેબ્રુઆરીએ અમૃતસરમાં ઉતરી શકે છે. જણાવી દઈએ કે, પંજાબના 30 લોકો સહિત 104 ગેરકાયદે ભારતીય અપ્રવાસીઓને લઈને એક અમેરિકાનું સૈન્ય વિમાન 5 ફેબ્રુઆરીએ અમૃતસર એરપોર્ટ પર ઉતર્યું હતું. આ ગેરકાયદે અપ્રવાસીઓની સામે કાર્યવાહી હેઠળ ટ્રમ્પ પ્રશાસન દ્વારા દેશનિકાલ કરવામાં આવેલા ભારતીયોનો પહેલો જથ્થો હતો. હવે 15 ફેબ્રુઆરીએ બીજા વિમાનમાં અન્ય ભારતીયોને પરત લાવવામાં આવશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, 15 ફેબ્રુઆરી બાદ ત્રીજી ફ્લાઈટ પણ આવશે તેવી આશા છે. અમૃતસરમાં વિમાન લેન્ડ કરાવવાને લઈને



રાજકીય વિવાદ ઊભો થયો છે. પંજબના નાણાંમંત્રી હરપાલ ચીમાએ આરોપ લગાવ્યો કે, ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર જણી જોઈને પંજાબને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે. સરકાર ઈચ્છે છે કે, દેશનિકાલ કરાયેલા ભારતીયોને લઈને આવેલું વિમાન અમૃતસરમાં ઉતાર્યું જેથી પંજાબની છબી ખરાબ થાય. આ વિમાન અમદાવાદમાં કેમ ન ઉતારાયું? વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ પહેલાં જ પુષ્ટિ કરી હતી કે, અમેરિકાએ 487 સંભવિત ભારતીય નાગરિકોના દેશનિકાલનો આદેશ આપી દીધો છે. આ લોકોએ ગેરકાયદે રૂપે અમેરિકામાં પ્રવેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. દેશનિકાલ કરાયેલા લોકોનો આરોપ છે કે, યાત્રા દરમિયાન તેમની સાથે અમાનવીય વ્યવહાર કરવામાં આવ્યો. તેમના હાથ બાંધી દેવામાં આવ્યા હતાં અને સમગ્ર મુસાફરી દરમિયાન બેડીથી બાંધવામાં આવ્યા હતાં, જેને ફક્ત લેન્ડિંગ બાદ જ ખોલવામાં આવ્યું હતું. લોકોના આરોપ વિદેશ સચિવે આ અમાનવીય વ્યવહારને ચિંતાનો વિષય જણાવી આશ્વાસન આપ્યું કે, ભારતીય સરકાર આ મુદ્દાને અમેરિકન અધિકારીઓ સામે ઉઠાવશે.વડાપ્રધાન મોદીએ પણ અમેરિકામાં ગેરકાયદે ભારતીયો વિશે કહ્યું હતું કે, જે લોકો બીજા દેશોમાં ગેરકાયદે રહે છે તેમને ત્યાં રહેવાનો અધિકાર નથી. ભારત અને અમેરિકા વિશેનો જે સવાલ છે તેને લઈને કહું કહેવા માગું છું કે હું અમારા દેશના લોકોને સ્વીકારવા તૈયાર છું પણ આ વાત અહીં અટકતી નથી. આવા લોકો સામાન્ય પરિવારના હોય છે જેમને ગેરમાર્ગે દોરીને અમેરિકા લઈ જવામાં આવે છે. એટલા માટે આવી હ્યુમન ટ્રાફિકિંગની સિસ્ટમ પર અમેરિકા અને ભારતે સાથે મળીને કાર્યવાહી કરવી પડશે. . દેશનિકાલ કરાયેલા લોકોનો આરોપ છે કે, યાત્રા દરમિયાન તેમની સાથે અમાનવીય વ્યવહાર કરવામાં આવ્યો. તેમના હાથ બાંધી દેવામાં આવ્યા હતાં

## કેનેડા અમારું 51મું રાજ્ય, મેં 'ગવર્નર' ટ્રુડો સાથે વાતચીત કરી, ટ્રમ્પનું નિવેદન ફરી ચર્ચામાં

(એજન્સી) કેનેડા તા 14

US President Donald Trump On Canada: અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કેનેડાને અમેરિકાનું 51મું રાજ્ય ગણાવતા અનેક મહત્ત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી હતી. તેમણે કહ્યું કે, 'અમે દર વર્ષે કેનેડાને 200 બિલિયન ડોલર સબસિડી તરીકે આપીએ છીએ. જો તે અમેરિકાનું રાજ્ય ન બની શકે તો પછી આ પૈસા તેને આપવાની શું જરૂર છે?' આ ઉપરાંત ટ્રમ્પે કેનેડાને અમેરિકાનું 51મું રાજ્ય ગણાવતા કહ્યું હતું કે, 'મેં ગવર્નર ટ્રુડો સાથે વાતચીત કરી છે.' હવે આ નિવેદન ફરી ચર્ચામાં આવ્યું હતું. 'કેનેડા જો અમેરિકાનું



રાજ્ય બની જશે તો તેના ટેક્સમાં ઘટાડો થશે' ડોનાલ્ડ ટ્રમ્પે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે, 'જો તમે અમારા દેશના એક રાજ્ય હોવ તો અમે તમારા માટે કંઈક યોગદાન આપવા તૈયાર છીએ પણ જો તમે કોઈ અન્ય જ દેશ છો તો અમે તમારા માટે કંઈ કેમ કરીએ? કેનેડા જો અમેરિકાનું રાજ્ય બની જશે તો તેના ટેક્સમાં ઘટાડો થશે

અને દેશની સુરક્ષામાં પણ વધારો દેખાશે.' કેનેડાની વેપાર પ્રવૃત્તિને પણ વખોડતાં ટ્રમ્પે કહ્યું કે, 'વેપાર મામલે કેનેડા અમારા માટે સૌથી ખરાબ ભાગીદાર હતો. પરંતુ હવે તે અમને ચૂકવણી કરવા લાગ્યો છે. અમેરિકાને કેનેડાની પ્રોડક્ટની જરૂર નથી. કેનેડા અમારા માટે જે કરશે અમે તેના 95% કરીશું.' કેનેડાના કાર્યકારી વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ તાજેતરમાં કહ્યું હતું કે, 'ડોનાલ્ડ ટ્રમ્પની કેનેડાને અમેરિકામાં ભેળવી દેવાની ધમકી વાસ્તવિક છે.' નોંધનીય છે કે, અમેરિકાએ કેનેડાથી થતી આયાત પર ટેરિફની જાહેરાત કરી હતી. કેનેડાએ 155 અબજ કેનેડિયન ડોલર ના મૂલ્યના યુએસ માલ પર 25 ટકા ટેરિફ લાદીને પ્રતિક્રિયા આપી. આ ઉપરાંત ટ્રમ્પે કેનેડાને અમેરિકાનું 51મું રાજ્ય ગણાવતા કહ્યું હતું કે, 'મેં ગવર્નર ટ્રુડો સાથે વાતચીત કરી છે.' હવે આ નિવેદન ફરી ચર્ચામાં આવ્યું હતું. 'કેનેડા જો અમેરિકાનું રાજ્ય બની જશે તો તેના ટેક્સમાં ઘટાડો થશે' ડોનાલ્ડ ટ્રમ્પે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું

## પાકિસ્તાન પહોંચ્યા તુર્કિયેના રાષ્ટ્રપતિ, કાશ્મીર રાગ આલાપ્યો

(એજન્સી) પાકિસ્તાન તા 14

હાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતે છે. ત્યારે પડોશી દેશ પાકિસ્તાનમાં પણ એક મોટી હલચલ જોવા મળી છે. પાકિસ્તાનની મુલાકાતે તુર્કિયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન રાવલપીંડીના નૂર ખાન એરબેસ પર ઉતર્યા હતા. લગભગ આખી પાકિસ્તાનની સરકાર એર્દોગનનું સ્વાગત કરવા ઍરપોર્ટ પર પહોંચી ગઈ હતી. રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી, વડા પ્રધાન શાહબાઝ શરીફ, પ્રથમ મહિલા આસિફા ભુટ્ટો, નાયબ વડા પ્રધાન અને વિદેશમંત્રી ઈશાક ડાર અને અન્ય વરિષ્ઠ સરકારી અધિકારીઓ હાજર રહ્યા હતા. એર્દોગનનું 21 તોપોની સલામી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. એર્દોગન એશિયાના ચાર દિવસના પ્રવાસ પર છે. મલેશિયા અને ઈન્ડોનેશિયા પછી તેમનો છેલ્લો પડાવ પાકિસ્તાન છે. શાહબાઝ શરીફે ફરીથી કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો આ અંગે એર્દોગને પણ કાશ્મીર પર નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, 'અમે કાશ્મીર મુદ્દાના ઉકેલ માટે પાકિસ્તાનના પ્રયાસોનું સમર્થન કરીએ છીએ. એર્દોગન અને શાહબાઝ શરીફ વચ્ચે મહત્ત્વપૂર્ણ મુદાઓ અંગે ચર્ચા થઈ હતી.

## ટ્રેડથી માંડી ટેરરિઝમ સુધી...ટ્રમ્પની અનેક મોટી જાહેરાતો, PM મોદીને ટફ નેગોશિએટર ગણાવ્યાં!

(એજન્સી) અમેરિકા તા 14

PM Modi in USA Meet With Donald Trump | વ્હાઈટ હાઉસ ખાતે દ્વિપક્ષીય વાટાઘાટો પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી, જ્યાં તેમણે બંને દેશો વચ્ચે થયેલા મહત્વપૂર્ણ કરારો વિશે માહિતી આપી હતી અને પત્રકારોના ઘણા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. પીએમએ કહ્યું કે 2030 સુધીમાં આપણે ભારત-અમેરિકા વેપાર બમણો કરીશું. તે જ સમયે, ટ્રમ્પે પીએમ મોદીને પોતાના કરતા વધુ સારા વાટાઘાટકાર એટલે કે નેગોશિએટર ગણાવ્યા.

સંયુક્ત પત્રકાર પરિષદમાં પીએમ મોદીએ કહ્યું, સૌ પ્રથમ, હું મારા પ્રિય મિત્ર પ્રમુખ ટ્રમ્પનો તેમના અદ્ભુત સ્વાગત અને આતિથ્ય માટે હૃદયપૂર્વક



### ભારત વિકાસ તરફ આગળ વધી રહ્યું છે: પીએમ મોદી

પીએમ મોદીએ કહ્યું કે અમેરિકાના લોકો રાષ્ટ્રપતિ ટ્રમ્પના સૂત્ર, 'મેક અમેરિકા ગ્રેટ અગેન' એટલે કે 'MAGA' થી પરિચિત છે. ભારતના લોકો પણ 2047 માં વિકસિત ભારતના દ્રઢ સંકલ્પ સાથે વારસા અને વિકાસના માર્ગ પર વિકાસ તરફ ખૂબ જ ગતિ અને શક્તિ સાથે આગળ વધી રહ્યા છે. અમેરિકન ભાષામાં, વિકસિત ભારતનો અર્થ થાય છે ભારતને ફરીથી મહાન બનાવો.

**પીએમએ કહ્યું, 'ભારતની સંરક્ષણ તૈયારીઓમાં અમેરિકાની મહત્વપૂર્ણ ભૂમિકા છે.'** : વ્યૂહાત્મક અને વિશ્વસનીય ભાગીદારો તરીકે, અમે સંયુક્ત વિકાસ, સંયુક્ત ઉત્પાદન અને ટેકનોલોજીના ટ્રાન્સફરને સક્રિયપણે અનુસરી રહ્યા છીએ. આજે આપણે TRUST પર સંમત થયા છીએ, એટલે કે વ્યૂહાત્મક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સંબંધોમાં પરિવર્તન. આ અંતર્ગત, મહત્વપૂર્ણ ખનિજો, અદ્યતન સામગ્રી અને ફાર્માસ્યુટિકલ્સની 'ભારત અને અમેરિકા વચ્ચેની ભાગીદારી લોકશાહી અને લોકશાહી મૂલ્યો અને પ્રણાલીઓને મજબૂત બનાવે છે.'

## વર્ષના મધ્ય સુધીમાં ઈઝરાયેલ ઈરાન પર હુમલો કરે તેવી પૂરી શક્યતા : જાસૂસી રીપોર્ટ

(એજન્સી)વૉશિંગ્ટન તા 14

અમેરિકાની જાસૂસી સંસ્થાનો અહેવાલ જણાવે છે કે, 'આ વર્ષના મધ્ય સુધીમાં ઈઝરાયલ ઈરાનના પરમાણુ સંકુલો ઉપર અચાનક હુમલો કરે તેવી પૂરી શક્યતા છે.' આ માહિતી આપતાં વૉશિંગ્ટન પોસ્ટ જણાવે છે કે, 'જો આ હુમલો થશે તે મધ્ય પૂર્વમાં સંઘર્ષ વ્યાપક બની રહેશે તે જોખમ હોવા છતાં ઈઝરાયલ ઈરાન તેના પરમાણુ કાર્યક્રમમાં આગળ વધે તે પહેલાં જ તેની ઉપર પ્રચંડ હુમલાની તૈયારી કરી રહ્યું છે.'

જો કે, હાઈકોર્ટે આ અહેવાલને તુર્ત જ પુષ્ટિ આપવાનું વિચાર્યું છે. જ્યારે 'વ્હાઈટ હાઉસે તે અંગે અકળ મૌન સેવ્યું છે તેવી જ રીતે અમેરિકાની આંતરરાષ્ટ્રીય જાસૂસી સંસ્થા સીઆઈએ, તથા ડીરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ તુલસી ગબ્બાર્ડે તે વિષે કશું પણ કહેવાનો ઈન્કાર કરી દીધો છે.' આમ છતાં વ્હાઈટ હાઉસ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના પ્રવક્તા બ્રિયાન હ્યુજીએ વૉશિંગ્ટન પોસ્ટને જણાવ્યું હતું કે, કોઈપણ સંયોગોમાં પ્રમુખ ટ્રમ્પ ઈરાનને પરમાણુ શસ્ત્રથી સજ્જ થવા જ નહીં દે. વાસ્તવમાં જાન્યુઆરીના પ્રારંભમાં જ આ રીપોર્ટ તૈયાર થઈ ગયો હતો પરંતુ તે છેક હવે પત્રકારો સમક્ષ ગોઠવીને રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઈરાનના ફોર્દોવ અને નતાંઝ હુમલો કરે તેવી પૂરી શક્યતા છે.

અમેરિકાના જાસૂસી તંત્ર સાથે સંકળાયેલા વર્તમાન અને પૂર્વ અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગત ઓક્ટોબર માસમાં ઈઝરાયેલે નિશાન તાકીને હુમલા કરી ઈરાનની એર-ડીફેન્સ સિસ્ટીમ તોડી નાખી હતી.

# 'હિંમત હોય તો મણિપુર જાય અને માફી માગી બતાવે...', કોંગ્રેસ અધ્યક્ષ

## 'ભાજપે સ્વીકાર્યું કે તે શાસન કરવામાં અક્ષમ..', મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન પર રાહુલ ગાંધીનો કટાક્ષ

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

કોંગ્રેસ એક વખત ફરી મણિપુરના મુદ્દે ભાજપને ઘેરી છે. શુક્રવારે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો કે 'ભાજપે ભૂલ માનીને જ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કર્યું છે.' સાથે જ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મણિપુરની જનતાની માફી માગવા માટે કહ્યું છે. મહત્ત્વનું છે કે વિપક્ષ લાંબા સમયથી રાજ્યમાં હિંસાના આરોપોને લઈને ભાજપ પર સવાલ ઉઠાવી રહ્યું છે.

ખડગેએ સવાલ કર્યો કે 'શું વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે મણિપુરનો પ્રવાસ કરવા અને ત્યાં લોકોની માફી માગવાની હિંમત બતાવી શકશે?



મુખ્યમંત્રી એન.બિરેન સિંહનું રાજીનામું આપવાના ચાર દિવસ બાદ ગુરુવારે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લગાવી દેવાયું. વિધાનસભાને પણ સસ્પેન્ડ કરાઈ છે.'ખડગેએ એક્સ પર પોસ્ટ કરી કે, 'નરેન્દ્ર મોદીજી, તમારી પાર્ટી જ 11 વર્ષથી કેન્દ્રમાં શાસન કરી રહી છે. આ તમારી પાર્ટી છે જે આઠ વર્ષ સુધી મણિપુરમાં પણ શાસન કરી રહી હતી. આ ભાજપ જ છે જે રાજ્યમાં કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે જવાબદાર હતી.''આ તમારી સરકાર છે જેની રાષ્ટ્રીય સુરક્ષા અને સરહદ પર પેટ્રોલિંગની જવાબદારી છે. તમારા દ્વારા રાષ્ટ્રપતિ શાસન લગાવવું, પોતાની જ પાર્ટીની સરકારને સસ્પેન્ડ કરવી એ વાતની સીધી સ્વીકૃતિ છે કે તમે મણિપુરના લોકોને નિરાશ કર્યા. વડાપ્રધાને રાષ્ટ્રપતિ શાસન એટલા માટે નથી લગાવ્યું કે તેઓ એવું ઈચ્છતાં હતાં પરંતુ એટલા માટે લગાવ્યું કેમ કે રાજ્યમાં બંધારણીય સંકટ છે તથા તમારા કોઈ પણ ધારાસભ્ય તમારી અક્ષમતાનો બોજ સ્વીકાર કરવા માટે તૈયાર નથી. તમારા ડબલ એન્જિને મણિપુરની નિર્દોષ જનતાની જીંદગીઓને કચડી નાખી. હવે સમય



આવી ગયો છે કે તમે મણિપુરમાં પગ મૂકો અને પીડિત લોકોના દર્દ અને પીડાને સાંભળો અને તેમની માફી માગો. ખડગેએ સવાલ કર્યો, 'શું તમારામાં હિંમત છે?, 'મણિપુરની જનતા તમને અને તમારી પાર્ટીને માફ કરશે નહીં.'

'ભાજપે સ્વીકાર્યું કે મણિપુરમાં ચાલી રહેલી રાજકીય અસ્થિરતા અને હિંસા વચ્ચે આખરે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું છે. મુખ્યમંત્રી એન બિરેન સિંહના રાજીનામા બાદ રાજ્યના રાજકારણમાં એક નવો વળાંક આવ્યો છે. વિપક્ષી પક્ષો, ખાસ કરીને કોંગ્રેસે તેને ભાજપ સરકારની નિષ્ફળતા ગણાવી છે. આ અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા. તેમણે 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવું એ ભાજપ દ્વારા મણિપુર પર શાસન કરવામાં સંપૂર્ણ અસમર્થતાનો મોડો સ્વીકાર કર્યો.'કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવું એ ભાજપ દ્વારા મણિપુર પર શાસન કરવામાં સંપૂર્ણ અસમર્થતાનો મોડો સ્વીકાર કર્યો. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મણિપુર પ્રત્યેની પોતાની જવાબદારીનો ઈનકાર કરી શકતા નથી.'મણિપુરમાં બિરેન સિંહના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દેવાયું છે. મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે હિંસાને લઈને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ગંભીર બનેલી છે. ગત રવિવારે એન. બિરેન સિંહે રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સાથે મુલાકાત કરીને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદથી નવા મુખ્યમંત્રીના નામ પર મહોર લગાવવા માટે ભાજપ નેતાઓની બેઠકનો દોર શરુ થઈ ગયો હતો.

### 35 ખેડૂત ગંભીર રીતે ઈજાગ્રસ્ત

## મોદી સરકાર સાથે મંત્રણા પહેલા ખેડૂતોનું શક્તિ પ્રદર્શન, શંભુ બોર્ડર પર મહાપંચાયતમાં જમાવડો

(એજન્સી) શંભુ તા. 14

ખનૌરી અને શંભુ બોર્ડર પર ખેડૂત ગત એક વર્ષથી આંદોલન કરી રહ્યાં છે. આ ખેડૂત સંગઠનોની સાથે આજે કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓની મીટિંગ થવાની છે. આ મીટિંગમાં એમએસપી પર ગેરંટી કાયદા સહિત ઘણા મુદ્દા પર વાત થવાની શક્યતા છે. આ પહેલા ખેડૂતોએ સતત ત્રણ દિવસ સુધી શક્તિ પ્રદર્શન કર્યું છે. શંભુ બોર્ડર પર ગુરુવારે ખેડૂતોએ એક મોટી મહાપંચાયતનું આયોજન કર્યું. આ મીટિંગ ખેડૂત આંદોલન 2.0 ના એક વર્ષ પૂરા થવા પર આયોજિત કરવામાં આવી હતી. આ સિવાય શુક્રવારે કેન્દ્ર સરકારથી ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓની મીટિંગ



થવાની છે. માનવામાં આવી રહ્યું છે કે સરકાર પર મીટિંગથી પહેલા દબાણ બનાવવા માટે હજારો ખેડૂતોનો જમાવડો થયો હતો. આ મહાપંચાયતમાં પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના હજારો ખેડૂતોએ ભાગ લીધો.

આ મહાપંચાયત પહેલા 11 તારીખે રાજસ્થાનના રતનપુરા અને પછી 12 તારીખે ખનૌરી બોર્ડર પર આયોજન થયું હતું. ગુરુવારે થયેલી મહાપંચાયતમાં ખેડૂત નેતા સરવન સિંહ પંઢેરે કહ્યું કે અત્યાર સુધી આંદોલમાં ગત એક વર્ષમાં 43 લોકોના મોત નીપજ્યા છે. આ સિવાય 450 ખેડૂત ઈજાગ્રસ્ત થઈ ચૂક્યા છે. તેમાંથી 35 ખેડૂત ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. ગયા વર્ષે ખેડૂત આંદોલન દરમિયાન શુભકરણ સિંહનું મોત નીપજ્યું હતું. તેની પુણ્યતિથિ પર ખેડૂત સંગઠનોએ બઠિંડાના બલ્લો ગામમાં 21 ફેબ્રુઆરીએ કાર્યક્રમની જાહેરાત કરી છે. આ દરમિયાન ખેડૂત નેતા જગજીત સિંગ ડલ્લેવાલે પોતાના અનશનના 80માં દિવસના અવસર પર કહ્યું કે હું પોતાના સંકલ્પ પર અડગ છું.

## 'મની લોન્ડરિંગ ગંભીર ગુનો, વ્યક્તિ પોતાના લાભ માટે રાષ્ટ્રહિતની અવગણના કરે છે' : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા.14

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણયમાં મની લોન્ડરિંગને દેશની નાણાકીય વ્યવસ્થા અને સાર્વભૌમત્વ અને અખંડિતતા માટે ખતરો ગણાવ્યો છે. કોર્ટે કહ્યું કે, 'પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)નો હેતુ મની લોન્ડરિંગને રોકવાનો છે, જે દેશની નાણાકીય વ્યવસ્થા માટે ખતરો છે. મની લોન્ડરિંગ એ એક ગંભીર ગુનો છે જેમાં વ્યક્તિ પોતાનો નફો વધારવા માટે રાષ્ટ્રીય અને સામાજિક હિતોને અવગણે છે. આ ગુનાને કોઈપણ રીતે સામાન્ય ગુનો ન કહી શકાય.'સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ કાયદો મની લોન્ડરિંગ પ્રવૃત્તિઓનો સામનો કરવા માટે બનાવવામાં આવ્યો છે. આમાં મની લોન્ડરિંગ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે જેનો નાણાકીય વ્યવસ્થા પર આંતરરાષ્ટ્રીય પ્રભાવ પડે છે, જે દેશોની સાર્વભૌમત્વ અને અખંડિતતાને પણ અસર કરે છે. સમગ્ર વિશ્વમાં મની લોન્ડરિંગને ગુનોનું એક ગંભીર સ્વરૂપ માનવામાં આવે છે. આમાં સામેલ ગુનેગારોને સામાન્ય ગુનેગારો કરતા અલગ વર્ગના માનવામાં આવે છે.'જસ્ટિસ અભય એસ. ઓકા અને જસ્ટિસ ઓગસ્ટિન મસીહની બેન્ચે જણાવ્યું હતું કે, 'પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની જોગવાઈઓનો ઉપયોગ કોઈને કાયમ માટે જેલમાં રાખવા માટે કરી શકાતો નથી.

### લોકોએ કહ્યું, 'પ્લાન વિનાનો વિકાસ...'

## બેંગલુરુમાં કાર ડ્રાઈવ કરતી વખતે લેપટોપનો ઉપયોગ કરતી મહિલાનો વીડિયો વાઈરલ

(એજન્સી) બેંગલુરુ। તા. 14

બેંગલુરુની ઘણી ઘટનાઓને સોશિયલ મીડિયા યુઝર્સ 'પીક બેંગલુરુ' મોમેન્ટ્સ કહેતા હોય છે. આ પ્રકારની એક ઘટનાનો વિડીયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. જેમાં, એક મહિલા કાર ચલાવતા સમયે ઓફિસનું કામ કરી રહી હતી.

વાઈરલ વિડીયો બાદ સોશિયલ મીડિયામાં નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ વિડીયો મહિલાની કારની બાજુમાં કાર ચલાવી રહેલી એક વ્યક્તિએ શૂટ કર્યો છે. વિડિયોમાં જોઈ શકાય છે કે, મહિલા કાર ચલાવતી વખતે



પોતાના ખોળામાં રાખેલા લેપટોપ પર કામ કરી રહી હતી. બેંગલુરુ પોલીસે આ વિડીયો શેર કરીને લખ્યું કે, વર્ક ફ્રોમ હોમ, નોટ ફ્રોમ કાર.

બેંગલુર પોલીસની પોસ્ટમાં વીડિયો સિવાય મહિલાને બીજી



તસવીરમાં દંડ ભરતા જોઈ શકાય છે. પોલીસની આ પોસ્ટ પર અનેક યુઝર્સે કોમેન્ટ્સ કરી છે. કોમેન્ટમાં એક યુઝરે લખ્યું કે, પ્લાન વગર કરવામાં આવેલાં ડેવલપમેન્ટના કારણે બેંગલુરુના રસ્તાઓ પાર્કિંગ જેવા બની ગયાં છે.

### 120મી બટાલિયનનો જવાન હતો... અંધાધૂંધ ગોળીબાર કર્યો

## મણિપુરમાં CRPFના જવાને બે સાથીઓની હત્યા કરી ખુદ આત્મહત્યા કરી, 8 ઈજાગ્રસ્ત

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

મણિપુરના ઈમ્ફાલમાં એક CRPF જવાને તેના બે સાથીદારોની હત્યા કરી અને પછી પોતાને ગોળી મારી આત્મહત્યા કરી ખળભળાટ મચાવી દીધો હતો. આ સનસનાટીભરી ઘટના ગુરુવારે રાત્રે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના એક કેમ્પમાં બની હતી.માહિતી મુજબ એક જવાને અંધાધૂંધ ગોળીબાર કરીને તેના બે સાથીદારોની હત્યા કરી અને પછી પોતાની જાતને ગોળી મારી લીધી. આ ઘટનામાં આઠ અન્ય સૈનિકો ઘાયલ થયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના લેમ્ફેલ સ્થિત CRPF કેમ્પમાં રાત્રે લગભગ 8:20 વાગ્યે બની હતી. આરોપી જવાન સંજય કુમાર 120મી બટાલિયનમાં હવાલદાર હતો. તેણે અચાનક પોતાની સર્વિસ રાઈફલથી ગોળીબાર શરૂ કરી દીધો. તેણે પહેલા એક કોન્સ્ટેબલ અને એક સબ-ઈન્સ્પેક્ટરને નિશાન બનાવ્યા, જેમાં બંનેનું ઘટનાસ્થળે જ મોત થયું. આ પછી આરોપીએ પોતાને પણ ગોળી મારી દીધી.



### આઠ જવાન ઘાયલ, હોસ્પિટલ ખસેડાયા

આ હુમલામાં કુલ આઠ અન્ય જવાનો પણ ઘાયલ થયા હતા. બધા ઘાયલોને તાત્કાલિક ઈમ્ફાલ સ્થિત રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (RIMS) માં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ સમયે, ગોળીબારનું કારણ જાણી શકાયું નથી. સીઆરપીએફ અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં કારણ બહાર આવશે.અધિકારીઓના મતે, તપાસ પૂર્ણ થયા પછી જ આ કેસ પાછળનું કારણ સ્પષ્ટ થશે. સીઆરપીએફના વરિષ્ઠ અધિકારીઓ કેમ્પમાં પહોંચી ગયા છે અને પરિસ્થિતિનો તાગ મેળવી રહ્યા છે.

## UP: હાથરસમાં ભયંકર અકસ્માત, નહેરમાં ખાબકી કાર, 2 બાળકો સહિત 4ના મોત

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

યુપીના હાથરસમાં જબરદસ્ત માર્ગ અકસ્માત થયો હોવાનું સામે આવ્યું છે. એક કાર નહેરમાં પડી જતાં બે બાળકો સહિત ચાર લોકોના મોત થયા હતા. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, જ્યારે કાર વળી રહી હતી ત્યારે સામેથી આવતા વાહનના પ્રકાશને કારણે તે નહેરમાં પડી ગઈ. પોલીસે જણાવ્યું કે પરિવારના સભ્યો એક કાર્યક્રમ માટે અલીગઢ ગયા હતા.

પોલીસે જણાવ્યું કે પરિવારના કેટલાક સભ્યો જલેશ્વરમાં તેમના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે જરેરા વિસ્તારમાં કાર નહેરમાં પડી ગઈ હતી અને કારમાં સવાર ચાર લોકોના મોત થયા. હતા. મૃત્યુ પામેલાઓમાં કિશનના પુત્ર ડૉ. બબલુ, મધુની પત્ની પૂનમ અને મધુના બે બાળકોનો સમાવેશ થાય છે. પરિવારના એક સંબંધીએ જણાવ્યું કે આ બધા લોકો એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે અલીગઢ ગયા હતા અને પરત ફરતી વખતે આ અકસ્માત થયો.સંબંધીએ જણાવ્યું કે તેમને અકસ્માત વિશે ફોન આવ્યો હતો, ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં, પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી.

### ટેલિકોમ કંપનીઓ માટેTRAIના નવા નિયમ

## અનિચ્છનીય કોલના નિયમોનો ભંગ કરવા પર રૂપિયા10લાખ સુધીનો દંડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI)એ અનિચ્છનીય કોલ/મેસેજ બાબતે ટેલિકોમ કંપનીઓ માટે નવા નિયમો જારી કર્યા છે, જે અંતર્ગત અનિચ્છનીય કોલ્સનો સાચો આંકડો ન જણાવવા બદલ કંપનીઓને બે લાખ રૂપિયાથી લઈને 10 લાખ રૂપિયા સુધીનો દંડ થશેવારંવાર નિયમોનું ઉલ્લંઘન કરનારી કંપનીઓને દંડ ફટકારાશે. ટ્રાઈએ તમામ ટેલિકોમ ઓપરેટર્સને સરેરાશ વધુ કોલ કરવા, કોલના ઓછા ટાઈમ અને ઈનકમિંગ-આઉટગોઈંગ કોલના રેશિયો જેવા માપદંડોના આધારે કોલ અને જીસ્જીની પેટર્નનું વિશ્લેષણ કરવા આદેશ કર્યો છે. તેનાથી રિયલ ટાઈમમાં સ્પામરની ઓળખ કરવામાં મદદ મળી શકે છે. ટ્રાઈને એવી ફરિયાદો મળી રહી હતી કે ટેલિકોમ કંપનીઓ અનિચ્છનીય કોલ/મેસેજ બાબતે સરકારને સાચી માહિતી નથી આપી રહી. તેના પગલે સરકાર તરફથી આ કાર્યવાહી કરાઈ છે.

## EPFO પીએફ પરનો વ્યાજદર 8.25%યથાવત્ રાખે તેવી વકી

નવી દિલ્હી : એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (EPFO) પ્રોવિડન્ટ ફંડ (પીએફ) થાપણો પરનો વ્યાજદર નાણાવર્ષ 2025-26 માટે પણ 8 ટકાથી ઉપર રાખે અને નાણાવર્ષ 2024-25નો 8.25 ટકાનો વ્યાજદર જાળવી રાખે તેવી શક્યતા છે. ઈપીએફઓના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની 28 ફેબ્રુઆરીએ બેઠક મળવાની છે, જેમાં નાણાવર્ષ 2025-26 માટે પીએફ થાપણો પરનો વ્યાજદર નક્કી થશે. ઈપીએફઓની રોકાણ અને એકાઉન્ટ્સ કમિટી ચાલુ નાણાકીય વર્ષ માટે આવક અને ખર્ચની સમીક્ષા કરશે અને એવો દર સૂચવશે.

### પાક. સેનાને મોટા પ્રમાણમાં નુકસાન થયો હોવાનો અંદાજ

## જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાની સેનાનો ગોળીબાર : ભારતનો જડબાતોડ જવાબ

જમ્મુ : પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ-કાશ્મીરના પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) પર આવેલી ભારતીય ચોકીઓ પર કોઈ પણ જાતની ઉશ્કેરણી વગર ગોળીબાર કરી સંઘર્ષવિરામનો ભંગ કર્યો હતો. જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો છે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.આ અથડામણમાં પાકિસ્તાનને કેટલુ નુકસાન થયું છે તે હાલમાં જાણી શકાયું નથી પણ અધિકારીઓના જણાવ્યા અનુસાર પાક. સેનાને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.કૃષ્ણા ઘાટી સેક્ટરમાં પાકિસ્તાન દ્વારા સંઘર્ષ વિરામનો ભંગ એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે એક દિવસ પહેલા જમ્મુ જિલ્લાના અખનૂર સેક્ટરમાં નિયંત્રણ રેખાની પાસે આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા આઈઈડી વિસ્ફોટમાં એક કેપ્ટન સહિત બે ભારતીય જવાનો શહીદ થયા હતાં.ભારત અને પાકિસ્તાન દ્વારા ૨૫ ફેબુરઆરી, ૨૦૨૧ના રોજ સંઘર્ષ વિરામ સમજૂતી રિન્યુ કરવામાં આવ્યા પછી નિયંત્રણ રેખા પર શસ્ત્ર વિરામની ઘટનાઓ ભાગ્યે જ જોવા મળે છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાની સૈનિકોએ નિયંત્રણ રેખા પર તારકુંડી વિસ્તારમાં અગ્રીમ ચોકીઓ પર કોઈ પણ ઉશ્કેરણી વગર ગોળીબાર કર્યો હતો. જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો હતો. જેના કારણે પાકિસ્તાનની સેનાને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીરના રાજૌરી-પૂંચ સેક્ટરમાં એલઓસી પાસે સેનાએ એન્ટી ટેન્ક માઈન સહિતની વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી હતી.

# 'ED સામાન્ય લોકો સાથે આતંકવાદી કરતાં ખરાબ વ્યવહાર કરે છે...', સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

## નવેમ્બર ૨૦૨૪માં પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટે ઈડીની તપાસ ભૂલભરેલી અને અનપ્રોફેશનલ ગણાવી હતી

(એજન્સી) નવી દિલ્હી । તા. 14

ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)ની કાર્યવાહીની સુપ્રીમ અને હાઈકોર્ટ દ્વારા આકરી ટીકા કરવામાં આવી રહી છે. સુપ્રીમે તો જણાવી દીધું છે કે ઈડી ગુનાઓની સંખ્યાના બદલે કાર્યવાહીની ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરે તો વધારે સારું રહેશે. તેની સાથે કોર્ટે ઈડી દ્વારા દાખલ કરવામાં આવતા કેસોમાં દોષિતોને થતી સજાના ઓછા પ્રમાણને લઈને પણ ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ 12 ફેબ્રુઆરીના રોજ ભૂતપૂર્વ એક્સાઈઝ ઓફિસર સામે પ્રીવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ)નો ઉપયોગ કરવા સામે ઝાટકણી કાઢી હતી અને જણાવ્યું હતું કે દહેજના કાયદાની જેમ આ કાયદાનો પણ દુરૂપયોગ થઈ રહ્યો છે કે શું.બીજા પ્રસંગે સુપ્રીમ કોર્ટે ઈડી દ્વારા હરિયાણાના ભૂતપૂર્વ કોંગ્રેસી વિધાનસભ્યની અડધી રાત્રે ધરપકડ કરીને ૧૫ કલાક સુધી લાંબી પૂછપરછ કરી તેને અમાનવીય અભિગમ ગણાવ્યો હતો. આ ઉપરાંત એક મહિલાના કેસમા જામીન અરજીની સુનાવણી કરતાં ઈડીની દલીલો સામે સુપ્રીમ કોર્ટે જમાવ્યું હતું કે તેની દલીલો પીએમએલએલની જોગવાઈથી જ વિપરીત છે. અમે નિયમથી વિપરીત જઈને કરવામાં આવતી રજૂઆતને સહન ન કરી શકીએ. ઈડીએ ` ભૂતપૂર્વ આઈએએસ ઓફિસરને સમન્સ પાઠવ્યા હતા અને ધરપકડ કરી હતી. આ કેસમાં સુપ્રીમ કોર્ટે ઈડીએ ધરપકડ કરવા માટે કરેલી ઉતાવળ સામે સવાલ ઉઠાવ્યો હતો. કોર્ટે તેમા ત્યાં સુધી જણાવી દીધું હતું કે આટલી ઉતાવળ તો આઈપીસી હેઠળ પકડવામાં આવતા આતંકવાદીની ધરપકડ માટે પણ કરવામાં આવતી નથી.

તેની સાથે કોર્ટે મની લોન્ડરિંગ કેસમાં સજાના ઓછા દર સામે પણ ધ્યાન દોર્યુ હતુ અને ઈડીને જણાવ્યું હતું કે તે કાર્યવાહી અને પુરાવાની ગુણવત્તા પર ધ્યાન આપે. સંસદમાં રજૂ કરવામાં આવેલા નિવેદનમાં ત્રણ જજ સૂર્યકાંત, દિપાંકર દત્તા અને ઉજ્જલ ભુયાનની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે ઈડીએ ગુનેગારોની સજાનું પ્રમાણ વધારવા માટે વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવી જોઈએ. ઈડીની તપાસની પદ્ધતિઓને લઈને હાઈકોર્ટ દ્વારા તેને ઘણા પ્રસંગોએ તેને સેન્સર કરવામાં આવી હતી. એક પ્રસંગે બોમ્બે હાઈકોર્ટે ઈડીને જણાવ્યું હતું કે રાઈટ ટુ સ્લીપ મૂળભૂત માનવ જરુરિયાત છે અને તે અડધી રાત્રે નિવેદનો નોંધીને તેનો ભંગ કરી ન શકે. એક અલગ કેસમાં બોમ્બે હાઈકોર્ટે ઈડીને નાગરિકોને હેરાન કરવા સામે અને કાયદો તેના હાથમાં લેવા બદલ ચેતવણી આપી હતી. નવેમ્બર ૨૦૨૪માં પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટે ઈડીની તપાસ ભૂલભરેલી અને અનપ્રોફેશનલ ગણાવી હતી અને ઈડીના ડિરેક્ટરને આ અંગેની ભૂલોનો સમજાવવા જણાવ્યું હતું. ટ્રાયલ કોર્ટો પણ ઈડીની તપાસને લઈને નારાજગી દર્શાવે છે. ટ્રાયલ કોર્ટે એક કેસમાં જણાવ્યું હતું કે પ્રીવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ ૨૦૦૨ની જોગવાઈ હેઠળ કોઈપણ પ્રકારના પુરાવા સાથે કેસ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો.

## ડીઓટીએ વોડાફોન-આઈડિયા પાસે રૂ.6091 કરોડની બેંક ગેરંટી માંગી

નવી દિલ્હી : ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ (ડીઓટી)એ દેવામાં ડૂબેલી ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયાને ૬૦૯૦.૭૦ કરોડ રૂપિયા બેંક ડિપોઝીટ કે ૫૪૯૩.૨ કરોડ રૂપિયા રોકડા જમા કરાવવાનો આદેશ આપ્યો છે. ૨૦૧૫માં મેળવેલા સ્પેક્ટ્રમની બાકી ચુકવણીના ભાગરૂપે આ રકમ માંગવામાં આવી છે. કંપની બાકી રકમની ચુકવણી ઈક્વિટી દ્વારા કરવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન સાથે ચર્ચામાં છે. દેવાના ડુંગર હેઠળ દબાયેલી ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયાને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગે વોડાફોન આઈડિયાને ૬૦૯૦ કરોડ રૂપિયાની બેંક ગેરંટી જમા કરાવવા આદેશ કર્યો છે.

### આતંકવાદ મામલે ભારત છોડશે નહી

## પુલવામા હુમલો: PM મોદી-અમિત શાહની આતંકવાદીઓને ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

14 ફેબ્રુઆરી 2019ના રોજ પુલવામામાં થયેલ આતંકવાદી હુમલો ભારતના ઈતિહાસમાં એક કાળો અધ્યાય તરીકે નોંધાયેલ છે. આ ભયાનક ઘટના જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર અવંતીપોરાના ગોરીપોરા વિસ્તારમાં ત્યારે બની જ્યારે CRPFનો કાફલો શ્રીનગર તરફ જઈ રહ્યો હતો.ગૃહમંત્રી અમિત શાહે પણ પોતાના સંદેશમાં કહ્યું કે આતંકવાદ સમગ્ર માનવજાતનો સૌથી મોટો દુશ્મન છે અને સમગ્ર વિશ્વ તેની સામે એક થઈ ગયું છે. તેમણે સ્પષ્ટ કર્યું કે મોદી સરકાર આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ પર કામ કરી રહી છે અને આ ખતરાને સંપૂર્ણપણે ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે.તેમણે પોતાના ટ્વિટમાં લખ્યું છે કે, "સર્જીકલ સ્ટ્રાઈક હોય કે એર સ્ટ્રાઈક હોય.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**ઇલેક્ટ્રિકલ રિપેર**

(1) ટેન્ડર સંખ્યા : M-ELS-VTA-25-26-Repair TM તારીખ 12.02.2025 (2) કામનું નામ : પરંપરાગત લોકોમોટિવ્સના મુખ્ય ઓવરહોલિંગ શેડ્યૂલ (TOH/IOH) માટે જાળવણીના ભાગો માટે હિટાચી ટ્રેક્શન મોટરનું ઇલેક્ટ્રિકલ રિપેર. (3) કામનો અંદાજિત ખર્ચ : ₹94,31,692.09/- (4) ટેન્ડર દસ્તાવેજની કિંમત : શૂન્ય (5) અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹1,88,600/- (6) પૂર્ણતા સમયગાળો : 24 મહિના (7) ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ : 12/03/2025 ના રોજ 14:00 કલાકે. (8) ટેન્ડર આમંત્રણ આપનાર અધિકારી અને તેનું સંપૂર્ણ સરનામું : સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, ઇલેક્ટ્રિક લોકો શેડ વટવા, સિનિયર ડીએમઈ / ઈએલએસ / વીટીએનું કાર્યાલય, ઇલેક્ટ્રિક લોકો શેડ, વટવા, પશ્ચિમ રેલ્વે, અમદાવાદ, ગુજરાત - 382445 (9) વેબસાઇટ વિગતો : www.ireps.gov.in

321

અમને લાઇક કરો: facebook.com/WesternRly

સિટી એક્સપ્રેસ


## આજથી નારાયણ સરોવર ખાતે રામકથાનો પ્રારંભ

મહેશ એલ.સોની : નખત્રાણા ।૧૫ ફેબ્રુઆરીથી પૂજ્ય મોરારીબાપુની રામકથા પવિત્ર યાત્રાધામ નારાયણ સરોવર ખાતે શરૂ થવા જઈ રહી છે જેની ૨૩ ફેબ્રુઆરીએ પૂર્ણાહુતિ કરાશે. કચ્છમાં પૂજ્ય મોરારી બાપુની ૩૫ જેટલી રામકથા યોજાઈ ચૂકી છે.નારાયણ સરોવર ખાતે પૂજ્ય બાપુની આ બીજી રામકથા યોજાઈ રહી છે. તો કોટેશ્વર ખાતે પણ ૨૦૦૫ માં રામકથા યોજાઈ હતી. જે બાપુની ૬૩૫મી રામકથા હતી. આવતી કાલથી નારાયણ સરોવર અને કોટેશ્વર વચ્ચે આવેલા ઝુલેલાલ મંદિર ના વિશાળ પટાંગણમાં સાંજે ચાર વાગ્યે રામકથા નો પ્રારંભ કરવામાં આવશે.

## 2.25 કરોડનો પાણી વેરો વસૂલવા 15મીથી તંત્ર દ્વારા બિલો મોકલાશે

ગાંધીનગર | પાટનગર યોજના વિભાગ દ્વારા આપવામાં આવતા નર્મદાના પાણી બદલ નાગરિકો પાસેથી પાણી- ડ્રેનેજના વેરાની વસૂલાતની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. 15 ફેબ્રુઆરીથી વેરાના બિલો રવાના કરવામાં આવશે. 2.25 કરોડના માંગણાના બિલો રહેણાંક, વાણિજ્ય અને ઔદ્યોગિક એકમોને મોકલાશે. ગાંધીનગરમાં પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશ પ્રતિ વર્ષ ફેબ્રુઆરીથી માર્ચ મહિના દરમિયાન હાથ ધરવામાં આવે છે. તંત્ર દ્વારા 15મી ફેબ્રુઆરીથી પાણી અને ગટર વેરાની વસૂલાત કરવા માટે તૈયારી કરી દેવામાં આવી છે.

## ગાંધીનગર સર્વ વિદ્યાલય કેમ્પસ ગાંધીનગર ખાતે સીરાજ 2025નો શુભારંભ કરવામાં આવ્યું



ગાંધીનગર સંવાદદાતા । વિજયવીર યાદવ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ કે પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ એમ બી એ દ્વારા સિરાજ 2025 નું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર અને કડી સર્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઇ રહ્યું છે. એમબીએ કોલેજ દ્વારા આયોજન સીરાજ 2025નું બે દિવસીય આયોજનમાં ગુજરાતના 40 શહેરમાંથી 77 કોલેજના 3000 વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ કાર્યક્રમના ઉદ્ઘાટનમાં જોઈન્ટ કમિશનર ઈન્ડસ્ટ્રીઝ આર.ડી બરહાટ, ગાયક અરવિંદ વેગડા, અભિનેત્રી સપના વ્યાસ, રીતુ ભગવાની, હેતવી લીંબાડ ના હસ્તે આ બે દિવસ સીરાજ 2025 નો દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ પટેલ એ જણાવ્યું હતું કે સીરાજ 2025 નોપ્રારંભ કરવા પાછળ સંસ્થાનો ઉમદા ઉદેશ્ય સંકળાયેલ છે.

## આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે

# ટીબીના દર્દીઓ માટે આરોગ્ય વિષયક સેમિનાર યોજાયો

ગાંધીનગર સંવાદદાતા । વિજયવીર યાદવ



રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગર ખાતે “૧૦૦ દિવસ ટીબી નિર્મૂલન ઝૂંબેશ”ના ભાગરૂપે એક કાર્યક્રમ યોજાયો. જેમાં ટીબીના સાજા થયેલ દર્દીઓ, ટી.બી. સંક્રમિત દર્દીઓ અને ટીબી ચેમ્પિયન્સ માટે સેમિનારનું આયોજન થયું હતું. આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વર્ષ-૨૦૨૫ સુધીમાં ટીબી મુક્ત બનાવવાનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પપૂર્તિની દિશામાં ગુજરાતનું આરોગ્ય વિભાગ સુંદર કામગીરી કરી રહ્યું છે, જેના પરિણામે આજે અનેક દર્દીઓએ ટીબીને હરાવ્યો છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં ટીબી રોગને રાજરોગ ગણવામાં આવતો હતો તેનું નિદાન અને સારવાર પણ ખુબ મુશ્કેલ હતી. પરંતુ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન જેવા કાર્યક્રમના પરિણામે ટીબીને હરાવવો શક્ય બન્યો છે. રાજ્યના તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો ખાતે ટીબીનું નિદાન અને સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. ટી.બી. એ રાજરોગ કે મહારોગ નહીં પરંતુ મટી શકે તેવો રોગ છે તેમ તેમણે ઉમેર્યુ હતુ. “૧૦૦ દિવસ સઘન ટીબી નિર્મૂલન ઝૂંબેશ”ના ભાગરૂપે ટીબીના દર્દીઓ, ટીબી ચેમ્પિયન અને સાજા થયેલ ટીબીના દર્દીઓને અભિનંદન પાઠવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જેવી રીતે આ દર્દીઓએ ટીબીને હરાવ્યો છે તેવી જ રીતે ટીબીનો કોઈ પણ દર્દી છ મહિનાની સંપૂર્ણ સારવાર લઈને ટીબીને મ્હાત આપી શકે છે. સરકારનાં પ્રયત્નો અને નાગરીકોના સહયોગના પરિણામે ટીબીને હરાવવો શક્ય બન્યો છે. ટીબીના દર્દીઓને સારવાર ઉપરાંત પોષણયુકત આહાર મળી રહે તે હેતુથી નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટીબીના તમામ દર્દીઓને રૂ. ૧૦૦૦ પ્રતિ માસની આર્થિક સહાય સારવાર ચાલુ રહે ત્યા સુધી અપાય છે. અત્યારસુધી આ યોજના અંતર્ગત ગુજરાતમાં ટીબીના ૭ લાખ ૬૮ હજારથી પણ વધુ દર્દીઓને રૂ. ૨૪૬ કરોડથી વધુની આર્થિક સહાય ડીબીટી માધ્યમથી અપાઈ છે. દર વર્ષે આવતા ટીબીના ૧ લાખ ૪૦ હજાર કેસોમાંથી ૯૦ ટકા દર્દીઓને સાજા કરી શકાયા છે. ૧૦૦ દિવસની ખાસ ટીબી નિર્મૂલન ઝૂંબેશ દરમિયાન ટીબી રોગના સંભવિત દર્દીઓને શોધીને વિવિધ તપાસ કરીને તેમની સારવાર કરવામાં આવે છે.

## વડોદરાના કુંઢેલા ખાતે યુનિવર્સિટી કેમ્પસ ખાતે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યુ



ગાંધીનગર સંવાદદાતા । વિજયવીર યાદવ

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતનાં સ્કૂલ ઓફ નેનો સાયન્સ દ્વારા એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મંગળવારે વડોદરાના કુંઢેલા ખાતે યુનિવર્સિટી કેમ્પસમાં આયોજિત ‘પર્યાવરણ, આરોગ્ય અને કૃષિ માટે બાયોકેમિસ્ટ્રી અને નેનોટેકનોલોજી‘ વિષય પર રાષ્ટ્રીય સેમિનારમાં, યુનિવર્સિટીના કુલપતિ સમારંભના અધ્યક્ષ પ્રો. રમાશંકર દુબેએ વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં બાયોકેમિસ્ટ્રી અને નેનોટેકનોલોજીની પરિવર્તનશીલ ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે પર્યાવરણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રોમાં કામ કરવા પર ભાર મૂક્યો. પરિસંવાદના સંયોજક અને સ્કૂલ ઓફ નેનો સાયન્સના ડીન, પ્રો. પલ્લવી શર્માએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ઉદ્ઘાટન સત્રના મુખ્ય મહેમાન સિદ્ધાર્થ યુનિવર્સિટી, કપિલવસ્તુના વાઈસ ચાન્સેલર પ્રો. કવિતા શાહે નેનો ટેકનોલોજી દ્વારા સ્વચ્છ અને ટકાઉ ભવિષ્ય તરફ યોગદાન આપવાની ચર્ચા કરી. આ દરમિયાન, બનારસ હિન્દુ યુનિવર્સિટીના બાયોકેમિસ્ટ્રી વિભાગના ભૂતપૂર્વ વડા પ્રો. પરંપરાગત ઔષધિઓ અને નેનોપાર્ટિકલ્સનો ઉપયોગ અંગે માહિતી આપતાં સૂર્ય પ્રતાપ સિંહે જણાવ્યું હતું કે નેનોપાર્ટિકલ્સ ન્યુરોપ્રોટેક્શન અને પાર્કિન્સન રોગની સારવારમાં મદદરૂપ થાય છે.

# AMCનું વર્ષ 2025-26નું 15502 કરોડનું બજેટ

## 1501 કરોડનો વધારો કર્યો, પ્રોપર્ટી ટેક્સમાં 5% સુધીની નવી રાહત

(એજન્સી) અમદાવાદ તા 14

રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા એટલે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નું વર્ષ 2025-26નું વાર્ષિક બજેટ મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારેસન દ્વારા રૂ. 14001 કરોડનું રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં લોકના સૂચનોના આધારે ભાજપના સત્તાધીશો દ્વારા રૂ.1501 કરોડનો વધારા સાથે રૂ. 15502 કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. આજે 14 ફેબ્રુઆરીના રોજ શુક્રવારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીને સુધારા સાથેનું બજેટ રજૂ કર્યું છે. આ બજેટમાં એડવાન્સ ટેક્સ ભરનારને 12 ટકા રિબેટ આપવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે કોર્પોરેશનના 192 કોર્પોરેટરોના બજેટમાં પણ વધારો કરવામાં આવ્યો છે. એક કોર્પોરેટરને મળતા 33 લાખના વાર્ષિક બજેટ વધારો કરીને રૂ. 40 લાખ કરવામાં આવ્યા છે. જો તમારો પ્રોપ્રટી ટેક્સ 100 રૂપિયા હોય તો પહેલા 10 ટકાની એટલે કે રૂ.10ની રાહત મળતી હતી. હવે નવા વેરા માળખા મુજબ એડવાન્સના 12 ટકા તથા ઓનલાઈનનો 1% તથા જે કરદાતાએ અગાઉ સળંગ 3 વર્ષ એડવાન્સ ટેક્સ ચૂકવ્યો હોય તો તેને એડવાન્સ ટેક્ષ પેટે 12% તથા ઓનલાઈનનો 1 ટકા અને તેમાં બીજા 2% વધારાની રાહત મળીને 15 ટકા એટલે કે રૂ.15નો ફાયદો થશે.



### 192 કોર્પોરેટરોના બજેટમાં વધારો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 192 કોર્પોરેટરોના બજેટમાં વધારો કરીને વાર્ષિક બજેટ રૂ. 40 લાખ કરવામાં આવ્યા છે. વિવિધ કમિટીના ચેરમેનમાં 10 લાખ અને ડેપ્યુટી ચેરમેનના બજેટમાં 5 લાખ વધારો કરવામાં આવ્યો છે. પ્રાથમિક સુવિધાની ફરિયાદો મોટા પ્રમાણમાં વધવા પામી છે. વિવિધ રોગો ચરમસીમાએ પહોંચ્યો છે. ભષ્ટ્રાચાર, કાંડ-કૌંભાડ વધવા પામેલ છે.

### બજેટનું કદ વધ્યું-સેવાનું સ્તર ઘટ્યું: વિપક્ષ

ભાજપના સત્તાધીશો દ્વારા નાણાકીય વર્ષ 2025- 26 માટે રજૂ કરવામાં આવેલા બજેટને લઈને વિપક્ષ કોંગ્રેસ દ્વારા ભષ્ટ્રાચારી અને જનતા માટે દિશાહીન બજેટ ગણાવ્યું છે. વિપક્ષનાં નેતા શહેજાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું 75મું વર્ષ છે. ત્યારે પ્રજા માટે ડાયમંડ જ્યુબિલી બજેટ હોવું જોઈએ, છતાં પ્રજાને કોઈ લાભ આપવામાં આવ્યા નથી. બજેટનું કદ વધ્યું-સેવાનું સ્તર ઘટયું છે. મ્યુનિ. કમિશનરના રૂ. 14001 કરોડના ડ્રાફ્ટ બજેટમાં રૂ. 1501 કરોડના સુધારા સાથે કુલ રૂ. 15502 કરોડનું બજેટ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે. બજેટમાં મંજૂર કરેલી વિવિધ દરખાસ્તો પ્રજાને લોલીપોપ આપવા સમાન દિશાહીન બજેટ છે. આ બજેટની સમીક્ષા કરતાં સત્તાધારી ભાજપ દ્વારા મંજૂર કરેલ બજેટ તથા તેની વિવિધ દરખાસ્તો તેમજ ગત વર્ષના બજેટના અમલીકરણની સરખામણી કરતાં ભાજપ દ્વારા કહેવાતી ત્રિપલ એન્જીનની સરકારના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના શાસકો ચાલુ વર્ષે મંજુર કરાયેલા કામો પૈકી ઘણા કામો કરી શક્યાં નથી.

## આધારકાર્ડમાં એડ્રેસ બદલી ચાઈનીઝ ગેંગને મદદ

# બેંક એકાઉન્ટ ખોલવા માટે ઉપયોગ કરાતો 11 લોકોની ગેંગે 26 ખાતાં ખોલાવ્યાં

(એજન્સી) અમદાવાદ તા 14

સાયબર ક્રાઈમ દ્વારા સાઈબર ફ્રોડ કરતી એક ગેંગના 11 સભ્યોને પકડી પાડવામાં આવ્યા છે. આ ગેંગના સભ્યો રાજસ્થાનથી અમદાવાદ આવતા હતા. અમદાવાદમાં આવી તેમના આધાર કાર્ડમાં એડ્રેસ ચેન્જ કરાવી અલગ અલગ બેન્કમાં એકાઉન્ટ ખોલાવતા હતા. આવી રીતે 26 બેંકમાં ખાતા ખોલાવ્યા હોવાનું સામે આવ્યું છે. આ એકાઉન્ટ સાઈબર ફ્રોડમાં ઉપયોગ કરવા માટે ચાઈનીઝ ગેંગને આપવામાં આવતા હોવાનો પણ ખુલાસો થયો છે. આ ગેંગ પાસેથી પોલીસને મોટા પ્રમાણમાં એટીએમ કાર્ડ, ચેક બુક સહિતની



વસ્તુઓ મળી આવી છે. આ ઉપરાંત સ્વદેશી બનાવટની બંદૂક અને કારતૂસ પણ મળી આવ્યા છે. આરોપીઓ અમદાવાદના સરનામા પર અમદાવાદ અને મહારાષ્ટ્રના અલગ અલગ બેંકમાં બેન્ક એકાઉન્ટ ખોલાવતા હતા. જે બેન્ક એકાઉન્ટ સાઈબર ફ્રોડમા વાપરવામાં આવતા હતા. તેમજ આ બેન્ક એકાઉન્ટને ચાઈનીઝ ગેંગને ભાડે આપવામાં આવતા હતા. સાયબર ક્રાઈમની ટીમને માહિતી મળતા ચાંદખેડા વિસ્તારમાં આવેલી પાર્શ્વ રેસિડેન્સીમાં દરોડો પાડયો હતો. આ મકાનમાં પોલીસે મુખ્ય આરોપી સુરેશ બિશનોઇ સહિત અન્ય આરોપીઓ મળી આવ્યા હતા. ઉપરોક્ત મકાનમાં તપાસ કરતા ત્યાંથી 12 મોબાઈલ, 10 ડુપ્લીકેટ આધાર કાર્ડ અને 10 ઓરીજીનલ આધારકાર્ડ, 12 પાનકાર્ડ, 21 ચેકબુક, 10 પાસબુક, 15 સીમકાર્ડ તેમજ 43 એટીએમ, 1 ભાડાકરાર પણ મળી આવ્યા હતા. આરોપી રાકેશ બિશનોઈ પાસેથી એક પિસ્તોલ અને સાત જીવતા કારતૂસ પણ મળી આવ્યા હતા.

## તવાના હેન્ડલમાં સંતાડીને લવાયેલું 35 લાખનું સોનું પકડાયું



(એજન્સી) અમદાવાદ તા 14

અમદાવાદ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે 35 લાખનું 399 ગ્રામ સોનું પકડી પાડ્યું છે. આ સોનું ટ્રોલી બેગના હેન્ડલમાં અને તવાના હેન્ડલની તાર બનાવીને લાવવામાં આવતું હતું. તપાસ દરમિયાન અધિકારીઓને શંકા જતાં દાણચોરી પકડાઈ હતી. પકડાયેલ સોનું 24 કેરેટનું હતું જેની કિંમત 35 લાખ જેટલી થાય છે. અગાઉ પણ અમદાવાદ એરપોર્ટ પરથી મોટી માત્રામાં સોનું પકડવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલાં જ જેદ્દાહથી આવેલા ત્રણ પેસેન્જર પાસેથી રૂ.1 કરોડનું દાણચોરીનું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. એક મહિલા સોનાની પેસ્ટ બનાવીને આંતરવસ્ત્રમાં સંતાડીને લાવી હતી. જ્યારે બે પેસેન્જર જ્વેલરી લઈને આવ્યા હતા અને પકડાઈ ગયા હતા.

# બુલેટ ટ્રેનની કામગીરી માટે નિર્ણય

## મણિનગરનો નાથાલાલ ઝગડા બ્રિજ 18મીથી 10 દિવસ બંધ

(એજન્સી) અમદાવાદ તા 14

બુલેટ ટ્રેનની કામગીરીને પગલે સાબરમતીથી વટવા સુધીના 18 કિલોમીટરના સી-7 પેકેજમાં પિલરની કામગીરી પૂરી થવાના આરે છે. એનએચએસઆરસીએલે પિલર પર વાયડક્ટ લોન્ચિંગનું કામ શરૂ કર્યું છે. પ્રથમ તબક્કામાં મણિનગરના નાથાલાલ ઝગડા રેલવે ઓવરબ્રિજ તેમજ વટવા-રોપડા રેલવે ઓવરબ્રિજ સેગમેન્ટ લોન્ચિંગની કામગીરી શરૂ થવાની હોવાથી આ બ્રિજ 10 દિવસ માટે બંધ રહેશે.



નાથાલાલ ઝગડા બ્રિજ પર અને તેની બંને બાજુએ સેગમેન્ટ લોન્ચિંગ માટે આ બ્રિજ 18થી 28 ફેબ્રુઆરી સુધી લોકોની સુરક્ષાને ધ્યાને રાખી વાહન વ્યવહાર માટે બંધ રખાશે. આ સમય દરમિયાન વાહનચાલકો મણિનગર ઈસ્ટ રોડથી વલ્લભાચાર્ય ચોક થઈ બીઆરટીએસ થઈ મણિનગર ક્રોસિંગ તરફ, ગાયત્રી ડેરી અનુપમ બ્રિજ કાંકરિયા રોડ થઈ પુનિત મહારાજ રોડ, સર્વિસ રોડ નાથાલાલ ઝગડા બ્રિજથી મણિનગર ક્રોસિંગ રોડનો ઉપયોગ કરી શકશે.

વટવા-રોપડા રેલવે ઓવરબ્રિજ 21 ફેબ્રુઆરીથી 23 માર્ચ સુધી સેગમેન્ટ લોન્ચિંગ માટે બંધ રખાશે. આ સમય દરમિયાન વાહનચાલકો ન્યૂ વટવાથી વટવા તળાવ, બચુભાઈ ચોકડી, વિંઝોલ રેલવે ક્રોસિંગ, વિનોબા ભાવેનગર થઈ એસપી રિંગરોડ તરફ તેમજ અસલાલી સર્કલથી નારોલ ગામ રોડનો ઉપયોગ કરી શકશે.

## સાબરમતી-બનારસ વચ્ચે વધુ એક મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેનનું આયોજન

(એજન્સી) અમદાવાદ તા 14

પશ્ચિમ રેલવે દ્વારા મહાકુંભ મેળા-૨૦૨૫ દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, સાબરમતી-બનારસ વચ્ચે વધુ એક મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર 09453 સાબરમતી-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ 22 ફેબ્રુઆરી 2025ના રોજ સાબરમતીથી 11:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે 4:00 કલાકે બનારસ પહોંચશે.તેવી જ રીતે, ટ્રેન નં. 09454 બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ 23 ફેબ્રુઆરી 2025 ના રોજ બનારસથી 7:30 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે 00:30 વાગ્યે સાબરમતી પહોંચશે. માર્ગ માં, બંને દિશાઓ માં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવાડા, ફાલના, રાની, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, દૌસા, બાંદિકુઈ, ભરતપુર, આગ્રા ફોર્ટ, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ અને જ્ઞાનપુર રોડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર 09453 નું બુકિંગ 15 ફેબ્રુઆરી 2025 થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે.

# CBSE બોર્ડની પરીક્ષા, ગેરરીતિ રોકવા ન્યૂ CCTV પોલિસી | 240 પરીક્ષાર્થી વચ્ચે એક સીસીટીવી મોનિટરિંગ ઓફિસર ફરજિયાત; પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી સ્કૂલે રેકોર્ડિંગ રાખવું પડશે

(એજન્સી) અમદાવાદ તા 14

15 ફેબ્રુઆરીને શનિવારથી દેશભરમાં CBSE બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે, ત્યારે તેમાં 44 લાખ જેટલા વિદ્યાર્થીઓ અલગ-અલગ 204 જેટલા વિષયોમાં પરીક્ષા આપવાના છે. ધોરણ 10 અને 12ની પરીક્ષા 15 ફેબ્રુઆરીથી 18 માર્ચ અને 2 એપ્રિલ સુધી ચાલશે. જેનો સમય સવારે 10.30થી 1.30 વાગ્યાનો છે. ત્યારે આ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા નવી સીસીટીવી પોલિસી અમલમાં લાવવામાં આવી છે. આ વર્ષથી તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર સીસીટીવી તો ફરજિયાત છે જ, પરંતુ પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી મોનિટરિંગ ઓફિસર મૂકવાનો નવો નિયમ બનાવવામાં આવ્યો છે. જેમાં પરીક્ષા કેન્દ્રમાં 240 વિદ્યાર્થીઓ અથવા 10 ક્લાસરૂમ વચ્ચે એક સીસીટીવી મોનિટરિંગ ઓફિસરને ફરજ સોંપવામાં આવશે. આ ઓફિસર ચાલુ પરીક્ષા દરમિયાન સતત સીસીટીવી ઉપર નજર રાખશે. આ ઉપરાંત તેના પર દિલ્હી ખાતેના કંટ્રોલરૂમની પણ નજર રહેશે. પરીક્ષાનું પરિણામ ન આવે ત્યાં સુધી એટલે કે, અંદાજે બે મહિનાથી વધુ સમય સુધી સમગ્ર પરીક્ષાનું સીસીટીવી રેકોર્ડિંગ જે તે પરીક્ષા કેન્દ્રોએ ફરજિયાત રાખવું પડશે. રાજકોટ રિજિયનમાં એટલે કે, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં 48 પરીક્ષા કેન્દ્રો ઉપરથી ગતરોજથી સીબીએસઈની પરીક્ષા શરૂ થશે. જેમાં ધોરણ 10માં 2,602 અને ધોરણ 12માં 1,623 વિદ્યાર્થીઓ એમ બન્ને મળીને 4,225 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, તેમ રાજકોટ રિજિયન CBSE એક્ઝામ કૉઓર્ડિનેટર અને RKCના પ્રિન્સિપલ યશ સક્સેનાનુ કહેવું છે. રાજકોટની જિનિયસ સ્કૂલમાં છેલ્લા 23 વર્ષથી ફરજ બજાવતા અને NIOSમાં પ્રિન્સિપાલ અને CBSEમાં વાઈસ પ્રિન્સિપાલ કાજલ શુક્લાએ જણાવ્યું હતુ કે, 15મી ફેબ્રુઆરીથી સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન પરીક્ષા શરૂ થઈ રહી છે. જેમાં ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે, જે 4 એપ્રિલ સુધી ચાલુ રહેશે. આ પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય અને પારદર્શક રીતે પરીક્ષા લેવામાં આવે તે માટે સીસીટીવી પોલિસીમાં ચેન્જ કર્યો છે.



### 10 ક્લાસરૂમ વચ્ચે 1 CCTV મોનિટરિંગ ઓફિસરને ફરજ સોંપાશે

જેમાં આ વખતે નવો નિયમ એ છે કે, સીબીએસઈની પરીક્ષા જેટલા કેન્દ્રો ઉપરથી લેવામાં આવશે, તેમાં 240 વિદ્યાર્થીઓ અથવા 10 ક્લાસરૂમ વચ્ચે એક સીસીટીવી મોનિટરિંગ ઓફિસરને ફરજ સોંપવાની રહેશે. જેમને ચાલુ પરીક્ષા દરમિયાન સતત સીસીટીવી ઉપર નજર રાખવાની રહેશે. તેમના મોનિટરિંગ દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ દેખાશે તો તુરંત CBSE બોર્ડને જાણ કરવાની રહેશે. આ ઉપરાંત CBSE બોર્ડને જરૂર લાગે તો સીસીટીવીના ક્લિપિંગ સાથે સીસીટીવી મોનિટરિંગ ઓફિસરને બોલાવી ખુલાસો પણ પૂછી શકે છે.